રાષ્ટ્રીય વિરાસત સંસ્થા શ્રી ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત

# કોડિયું

લોકાભિમુખ નઈતાલીમી કેળવણી દ્વારા સંતુલિત વિકાસ સાધવા પ્રયત્નશીલ સંસ્થા-સામયિક



ખીલી વસંત, વન ફૂલભર્યા મહેકે,
ગાતા ફરે ભ્રમર, કોકિલનાદ લ્હેકે.
ઊડે સુગંધકણ પુષ્પ તણા રસોના,
આઘા સુણાય ગગને સ્વર સારસોના.

- કવિશ્રી ઉમાશંકર જોષી(વસંતવર્ષા)

વર્ષ: ૭૧ અંક : ૦૮ ૧૫ માર્ચ, ૨૦૧૮

## સ્વમાન

આજે આપણામાં સ્વમાનનું એક ધોરણ તો ચાલુ છે. આપણને બીજો કોઈ સતાવે, મારે, ન કહેવા યોગ્ય શબ્દો કહે, મહેણું મારે કે એવું કાંઈ કહે ત્યારે આપણને એમાં માનભંગ લાગે છે અને આ માનભંગને આપણે મનમાં દાબી ન રાખતાં તેને શબ્દોથી વ્યકત કરીએ છીએ. 'અમે માનભંગ સહન કરવા તૈયાર નથી.'- એમ તેને ચોખ્ખું જણાવીએ છીએ અને ફરીથી એવો માનભંગ કરી ન શકે એવાં પગલાં લઈએ છીએ. આ એક રીતે આપણી નિર્ભયતા દેખાડે છે. માનવજીવનમાં એ ઘણી જરૂરી વસ્તુ છે. માણસ જયારે આવા નાનામોટા માનભંગને પાછા હઠાવતો જાય છે ત્યારે તેના જીવનમાં સ્વાતંત્ર્યની ખુમારી દેખાય છે અને પોતાના ધડ પર ટટાર માથું લઈને ફરે છે.

પણ આ તો માનભંગનું બાહ્ય ધોરણ થયું. સમાજમાં બીજા માણસો આપણને યોગ્ય રીતે બોલાવે-ચલાવે એ માનનું બહારનું ધોરણ કહેવાય. બીજાઓ આપણી સામેનો પોતાનો તમામ વ્યવહાર સભ્યતાનો રાખે એમ માનવાનો આપણને સંપૂર્ણ હક છે. અને એ રીતે સ્વામાન જાળવવાની આ રીતને આપણે આવકાર આપીએ જ.

પણ સ્વમાનની એક બીજી બાજુ પણ છે અને એ બાજુ આના કરતાંયે ઉપયોગી છે. માણસ જેમ બીજા સાથેના વ્યવહારમાં સ્વમાન માગે છે તેમ તેણે પોતે પોતાના અંતર પાસેથી સ્વમાન માગવું ઘટે છે. સ્વમાનનું બાહ્ય ધોરણ તો છે જ પણ આંતરધોરણ પણ ઊભું થવું જ જોઈએ અને આવા આંતરધોરણ વિના જે એકલા બાહ્ય ધોરણ પર મુસ્તાક રહેવા મથે છે તે ખત્તા ખાવાનો છે.

આ આંતર ધોરણ એટલે 'અમુક શબ્દ મારાથી ન જ બોલાય, અમુક ખરાબ વિચાર તો મારાથી ન જ થાય, અમુક ખરાબ કામ તો હું ન જ કરું' એવી ઊંડી અંતરની માન્યતા. આવી ચોકકસ માન્યતાઓ અંતઃકરણને એક પ્રકારનું બળ આપે છે અને જેનામાં આવું સાધારણ બળ પણ ન હોય તેને આખી દુનિયા માન આપે તો પણ તેનો કશો અર્થ નથી.

**નાનાભાઈ ભટ્ટ**
**('કેળવણીની પગદંડી'માંથી)**

## ◆ સૂચના ◆

☛ 'કોડિયું' દરેક મહિનાની પંદરમી તારીખે પ્રગટ થાય છે. તા. ૨૫ સુધીમાં અંક ન મળે તો ટપાલમાં તપાસ કર્યા પછી જ કાર્યાલયને જણાવવું.

☛ પત્રવ્યવહારમાં ગ્રાહકનંબર અવશ્ય લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તરત જાણ કરવી.

☛ કોઈ પણ મહિનાથી ગ્રાહક બની શકાય છે. લવાજમ મ.ઓ. અથવા ડિમાન્ડડ્રાફ્ટથી સ્વીકારવામાં આવે છે.

## ◆ લેખ મોકલવા માટે ◆

'કોડિયું' કાર્યાલય,
લોકભારતી, સણોસરા,
જિ. ભાવનગર ૩૬૪૨૩૦
kodiyusanosara@gmail.com

## ◆ લવાજમ અને અંક વિષેની ફરિયાદ માટે પત્ર વ્યવહાર ◆

શ્રી રવિભાઈ પંડ્યા
(મો. ૯૮૨૪૮૧૨૫૬૫)
ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા,
મુ. આંબલા- ૩૬૪૨૧૦
pandyavrp532@gmail.com

## ◆ લેખકોને ◆

☛ શિક્ષણ, ગ્રામવિકાસ તથા પુનર્ગઠન અંગેના લેખો આવકાર્ય છે.

☛ અહીં લેખોમાં રજૂ થયેલા વિચારોની જવાબદારી લેખકની છે.

## ◆ લવાજમ ◆

વાર્ષિક રૂ. ૧૫૦/-
ડિપોઝિટ યોજના રૂ.૧૮૦૦/-

# કોડિયું

વર્ષ : ૭૧ માર્ચ: ૨૦૧૮ અંક : ૦૮

## અનુક્રમણિકા


| ક્રમ | લેખનું નામ | લેખકનું નામ | પાના નં. |
|---|---|---|---|
| ૦૧ | જખૌલ | - ભાણદેવજી | ૩૨૫ |
| ૦૨ | મા ભારતીની નિશ્રામાં - ૧૦ | - ભરત ના.ભટ્ટ | ૩૨૯ |
| ૦૩ | વિશ્વનો શ્વાસ : વિશ્વાસ | - અરુણ દવે | ૩૩૪ |
| ૦૪ | વિષાદ નહીં, પ્રસાદયોગનાં પુરસ્કર્તા | - જયદેવ માંકડ | ૩૩૬ |
| ૦૫ | અનાથાશ્રમમાંથી બાલાશ્રમ | - વિનોદ માંગુકિયા | ૩૩૮ |
| ૦૬ | ભાર વિનાનું ભણતર | - નલિનભાઈ પંડિત | ૩૪૨ |
| ૦૭ | ખેતીમાં આપણા અનુગામી કોણ ? | - હીરજી ભીંગરાડિયા | ૩૪૫ |
| ૦૮ | વાસ્તવને આદર્શમાં પલટવાની મથામણ: દિનકર દવે | - મનસુખ સલ્લા | ૩૪૮ |
| ૦૯ | લોકભારતીની ધરોહરસમા જિતેન્દ્રસિંહજી ગોહિલની વિદાય | - પ્રવીણચંદ્ર ઠકકર | ૩૫૧ |
| ૧૦ | પરાજયને પડકારો | - રણછોડ શાહ | ૩૫૨ |
| ૧૧ | હાલો ભેરુ ગામડે..... | - ડંકેશ ઓઝા | ૩૫૬ |
| ૧૨ | સંસ્થા સમાચાર | - પ્રશાંત મહેતા | ૩૫૮ |

**આદ્યતંત્રીઓ :**
સ્વ. શ્રી નાનાભાઈ ભટ્ટ
સ્વ. શ્રી મનુભાઈ પંચોળી
સ્વ. શ્રી મૂળશંકરભાઈ ભટ્ટ
શ્રી અનિલભાઈ ભટ્ટ

**તંત્રી :**
ડૉ. અરુણ દવે
(મો. ૯૪૨૬૪૬૧૨૭૭)

**સહતંત્રી :**
શ્રી જુગલકિશોર વ્યાસ
(મો. ૯૪૨૮૮૦૨૪૮૨)

**સંપાદક-મંડળ:**
ડૉ. ભદ્રાયુ વચ્છરાજાની
(મો. ૯૮૯૮૯૨૦૩૩૩)
ડૉ. સંજય તલસાણિયા
(મો. ૯૪૨૭૬૬૮૦૮૩)
શ્રી પ્રશાંત મહેતા
(મો. ૯૮૭૯૪૦૭૫૮૨ )

**મુદ્રક-પ્રકાશક :**
શ્રી સુરસંગભાઈ ચૌહાણ
(મો. ૯૯૨૫૬૩૨૩૦૪)

**માલિક :**
ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ

**મુદ્રણ-સ્થાન :**
ચામુંડા પ્રિન્ટિંગ પ્રેસ,
રેલ્વે સ્ટેશન રોડ, સોનગઢ,
ફોન : ૨૮૪૬-૨૪૪૦૫૦

**પ્રકાશન-સ્થળ :**
ગ્રામદક્ષિણામૂર્તિ, આંબલા,
ફોન : ૦૨૮૪૬-૨૪૪૧૧૮

## તંત્રી સ્થાનેથી...

પૂ.મનુદાદાએ એક વખત બોલાવીને દળદાર પુસ્તક હાથમાં મૂકીને કહ્યું કે આ વાંચો, વિચારો અને તેના પર વ્યાખ્યાનો આપો. પુસ્તક હતું જે.બ્રોનોવસ્કીનું ‘દ્ એસેંટ ઑફ મેન’. અનેક વખત વાંચ્યું, છતાં દરેક વખતે નવું નવું સૂજે અને સમજાય. વ્યાખ્યાનો પણ ઘણાં આપ્યાં ! પ્રિય વિનય-ચારુલે જબરી પૂર્તતા કરી. આજે શ્રમિકોનું દરેક રીતે શોષણ થાય છે. શ્રમનાં ગૌરવ-મહિમા ઘટી રહ્યાં છે. આપણો સમાજ નામદારો ઊંચા અને કામદારો નીચા એવા બે વર્ગોમાં વિભાજિત થઈ ગયો છે. જો શરીરશ્રમ એ પ્રાકૃતિક જરૂરિયાત ન હોત તો કુદરતે કેટલાકને હાથ, થોડાંકને પગ અને થોડાંકને એકલું મગજ જ આપ્યાં હોત ! શરીરશ્રમ સાથેનું શિક્ષણ એટલે જ્ઞાન અને કર્મના તાણા-વાણા વણનારું જીવન. વળી, સંહારક અને હિંસકવૃત્તિનો વિકલ્પ કોઈ હોય તો તે છે સર્જનવૃત્તિ. સર્જનશીલતા માણસને સંવેદનશીલ, શ્રદ્ધાળુ અને વિવેકી બનાવે છે. પ્રકૃતિમાં માણસ જ એક એવો જીવ છે કે જેનું અસ્તિત્વ ‘પ્રોડ્યુસર’ તરીકે છે. બાકીના તમામ જીવો ‘કન્ઝ્યુમર’ છે. માણસનો સહજ સ્વભાવ ‘શ્રમ’ બનવો જોઈએ. આની સામે આજે હાથથી કામ કરનારો દુઃખી છે અને મગજથી કામ કરનારો સુખી છે. હકીકત તો એવી છે કે ઉત્ક્રાંતિમાં માણસ તેના હાથથી કામ કરી શકે તેવાં તેનાં આંગળીઓ અને પંજો બનતાં પૂરાં બત્રીસ લાખ વર્ષ લાગ્યાં છે. માણસનાં મગજમાં બુદ્ધિ જયારે તે કામ કરતો થયો ત્યારથી જ વધી છે. આજથી એકાદ લાખ વર્ષ પૂર્વે જયારે માણસ બે પગે ચાલતો થયો ત્યારે તેના મગજનું કદ માત્ર ૪૦૦ સી.સી. હતું, જયારે આજે ૧૨૦૦ સી.સી. જેટલું વધ્યું છે ! મગજની જટિલતા, કદ, કાર્યક્ષમતા અને કાર્યદક્ષતા એ જયારથી કામ કરતો થયો ત્યારથી જ ક્રમશઃ વધી રહ્યાં છે એ વૈજ્ઞાનિક સત્ય છે. જે હાથોથી મગજ વિકસ્યું છે એ હાથો ઉપર જ આજે મગજ ચડી બેઠું છે અને શોષણ કરે છે ! આ અપ્રાકૃત છે, અન્યાય છે, શ્રમનું ઘોર અપમાન છે. હાથ અને મગજ વચ્ચેની આ માનવસર્જિત અસમાનતા મનુષ્યનું પતન નોતરી રહી છે. મનુષ્યનાં અસ્તિત્વ, વિકાસ, બુદ્ધિ-વિકાસ, સુખાકારી, સુવિધા વગેરેનું એક માત્ર કારણ એ હાથો વડે થતો ઉત્પાદક શરીરશ્રમ છે. ત્યારે તેના પ્રત્યેની ઉદાસીનતા માટે માણસે બહુ મોટી કિંમત ચૂકવવી પડશે. જે હાથોએ બુદ્ધિ વિકસાવીને ટૅકનોલૉજીને જન્મ આપ્યો એ ટૅકનોલૉજીએ મગજ પર અને મગજે શ્રમ પર કુહાડા મારવાનું શરૂ કર્યું છે. શ્રમના સ્થાને પૈસો અને ટૅકનોલૉજી સર્વોપરી થઈ રહ્યાં છે તેને રોકવાં પડશે. ટૅકનોલૉજી શ્રમનો વિકલ્પ નથી, એણે શ્રમને સરળ, સલામત, સહજ, કાર્યક્ષમ અને સર્વાંશે સંતોષ-આનંદ આપવાનાં છે. સમાજમાં વધતી હિંસા અને મનુષ્યત્વના થઈ રહેલા ધોવાણનું મુખ્ય કારણ ‘મગજે’ કરેલો ‘હાથ’ને અન્યાય છે. સમજણશક્તિ, વિવેક અને ઈન્ટલીજન્સીના જનક એવા હાથ અને તેના સહારે થતાં ઉત્પાદક, સર્જનાત્મક, કલાત્મક કાર્યોની કદર કરી તેને ગૌરવવંતુ સ્થાન આપીશું તો જ માનવજાત ટકી શકશે.

— અરુણ દવે

## (૦૧) જખૌલ

- ભાણદેવજી

યમુનોત્રીની યાત્રા પરિપૂર્ણ કરીને અમે પાછા આવી રહ્યા છીએ, હવે અમારે જખૌલ જવાનું છે! જખૌલ ? જખૌલ શા માટે ? જખૌલ કોઈ તીર્થધામ છે? આપણા માટે નહિ, પરંતુ તે વિસ્તારના ૨૪ ગામ માટે જખૌલ તીર્થધામ છે! જખૌલમાં ભગવાનનું મંદિર છે ? જખૌલમાં કયા દેવનું મંદિર છે? જખૌલમાં દુર્યોધનનું મંદિર છે! દુર્યોધનનું મંદિર ! આ વાંચીને, સાંભળીને ખૂબ આશ્ચર્ય થાય તેવું છે, આંચકો લાગે તેવું છે. પહેલાં તો માનવામાં ન આવે તેવી વાત છે, પરંતુ એ એક હકીકત છે કે 'જખૌલ' નામના ગામમાં દુર્યોધનનું મંદિર છે!

દુર્યોધનના દર્શન માટે નહિ, દુર્યોધનની પૂજા કરવા માટે નહિ પણ એક કૌતુક જોવા માટે, આપણા દેશની અપરંપાર ધાર્મિક વિવિધતા સમજવા માટે, એક ખૂબ વિશિષ્ટ માનવસમૂહના અભ્યાસ માટે પણ આ સ્થાનની મુલાકાત લેવા જેવું ખરું ! અમે પણ કાંઈક આવા જ ભાવથી જખૌલ જવાનું નક્કી કર્યું છે.

યમુનોત્રીથી પાછા ફરતાં નૌગાંવથી અમારો રસ્તો ફંટાય છે. અમે હવે પુરૌલા વિસ્તારમાં પ્રવેશ કરીએ છીએ આ એક વિશાળ વેલી છે. આટલો સપાટ વિસ્તાર અને આટલાં મોટા ખેતરો, આવાં સુંદર મકાનો અને આવી સુંદર વસાહતો હિમાલયમાં ભાગ્યેજ જોવા મળે છે. વિસ્તાર ખૂબ વિશાળ છે અને પાકથી લચી પડેલો છે. અત્યારે તો આ વિસ્તાર દહેરાદૂન જિલ્લાનો જ વિસ્તાર ગણાય છે, પરંતુ તેનું મૂળ નામ જૌનસર બાવર છે. આ વિસ્તાર વિસ્તૃત છે, રમણીય છે, સુંદર છે, સમૃદ્ધ છે, પરંતુ એક રિવાજથી બદનામ થયેલો છે. એક કાળે આ વિસ્તારમાં બહુપતિત્વની પ્રથા વ્યાપક પ્રમાણમાં હતી! ચાર કે પાંચ ભાઈઓ વચ્ચે એક જ પત્ની હોય ! આ રિવાજનો મુખ્ય હેતુ આર્થિક હતો. જમીનના ભાગલા ન પડે, કુટુંબના ટૂકડા ન પડે અને વસતી નિયંત્રણમાં રહે - આ હેતુ હતો. હવે આ રિવાજ ઝડપથી અદશ્ય થઈ રહ્યો છે. પરંતુ દૂર દૂરના ગામડાઓમાં અવશેષરૂપે આ રિવાજ ચાલુ છે. પુરુષો અને સ્ત્રી લગભગ સરખી જ સંખ્યામાં જન્મે છે. ચારપાંચ ભાઈઓ વચ્ચે એક જ પત્ની હોય તો, અતિરિક્ત સ્ત્રીઓનું શુ થાય? વાત મોઢેથી કહી શકાય કે કલમથી લખી શકાય તેવી નથી ! ક્ષમા કરજો !

પુરૌલાથી અમે મોરી પહોંચ્યા અને મોરીથી નતવર ! અહીંથી ગોવિંદ વનવિહાર અભયારણ્ય શરૂ થાય છે. અહીં નટવરમાં તે અભયારણ્યનું પ્રવેશ દ્વાર છે. અહીં જંગલ ખાતા તરફથી તગડી પ્રવેશ ફી વસુલ કરવામાં આવે છે અને પછી જ પ્રવેશ મળે છે.

તદનુસાર અમે પણ ફી ભરી અને પ્રવેશ મળ્યો.

જખૌલ અને હરકીદૂન, બંને આ જ વિસ્તારમાં છે. અમે પહેલાં જખૌલ જવાનું નક્કી કર્યું. જખૌલ સુધી હવે રસ્તો બંધાઈ ગયો છે અને છેક સુધી મોટર જાય છે. રસ્તો તો બંધાયો છે, પરંતુ નાનામોટાં જળપ્રવાહો પર નાલા બંધાયા નથી. એટલે મોટરે પાણીના પ્રવાહમાંથી પસાર થવું પડે છે. નાનામોટા અપરંપાર પથ્થરોના ઢગલાઓ વચ્ચેથી ધડાધડ કરતો જલ પ્રવાહ વહેતો હોય છે. અમારી બિચારી મોટરે અમને સૌને ઊંચકીને તે જલપ્રવાહમાંથી પસાર થવાનું હોય છે. એક કાંઈક મોટા જલપ્રવાહમાં બિચારાં મોટરબહેન ફસાઈ ગયાં. કોઈ રીતે આગળ ચાલી જ ન શકે. આખરે અમે સૌ નીચે ઊતર્યા. ધક્કા માર્યા અને માંડ માંડ આગળ ચાલ્યાં. આગળ તો ચાલ્યા પરંતુ તેમને થોડી ઈજા પણ થઈ ગઈ. આ જેમની ઈજા અમારા આખા પ્રવાસ દરમિયાન સાથે જ રહી !

આખરે અમે સાંજે જખૌલ પહોંચ્યા જખૌલ આ વિસ્તારનું મોટું ગામ છે. આ વિસ્તારમાં ૨૪ ગામ છે. આ

૨૪ ગામના ઈષ્ટદેવ દુર્યોધનનું અહીં પ્રધાન મંદિર છે. અન્ય ગામોમાં પણ મંદિરો છે, પરંતુ આ પ્રધાન મંદિર છે. અમે ગામના કેન્દ્ર સમા એક મોટા ચોકમાં પહોંચ્યા અહીં મોટર મૂકીને ગામના થોડા પ્રતિષ્ઠિત અને પ્રધાન આગેવાનો સાથે અમે મંદિર  તરફ ચાલ્યા. અમે તેમની પાસેથી જાણ્યું કે મંદિરના દેવ હમણાં અહીં હાજર નથી. અહીંની એવી પરંપરા છે કે મંદિરના દેવ વર્ષના શીતકાલના છ મહિના અહીં જખૌલના આ પ્રધાન મંદિરમાં રહે છે અને છ મહિના અન્ય ૨૩ ગામોની યાત્રામાં રહે છે અત્યારે દેવ ઓસ્લોમાં છે આ ઓસ્લો હરકીદૂન જતાં કે આવતાં વચ્ચે આવે. ત્યારે ત્યાં દર્શન થઈ શકશે.

અમે મંદિરનાં પટાંગણમાં પહોંચ્યા મંદિર બંધ છે. લાકડા અને પથ્થરમાંથી બનાવેલું સુંદર અને ભવ્ય મંદિર છે. લાકડા પર બેનમૂન કોતરકામ છે.

અમે મંદિર ખોલીને અંદર જવાની પરવાનગી માગી, પરંતુ વિનયપૂર્વક ઈન્કાર થયો.

હવે અમે વિનયપૂર્વક મૂળ વાત પર આવ્યા. અહીં અમારી સાથે  ઊભેલાં કે બેઠેલાં સૌ ગ્રામવાસીઓ એકી અવાજે અને દ્રઢતાપૂર્વક એ વાતનો ઈન્કાર કર્યો કે આ દુર્યાધનનું મંદિર છે. તેમણે જોરશોરથી કહ્યું કે આ મંદિર દુર્યાધનનું નહિ, પરંતુ સોમેશ્વર શિવજીનું છે, જેમને તેઓ સોમસૂદેવતા કહે છે. તો શું આજ સુધી અમે સાંભળેલું, માનેલું અને વાંચેલું ખોટું કે આ જખૌલમાં દુર્યોધનનું મંદિર છે!

તેમણે કહ્યું કે અમારા વડીલોની ભૂલેથી જ આ શિવમૂર્તિને તેમણે દુર્યોધન ગણી લીધેલ છે. વસ્તુતઃ આ મૂર્તિ દુર્યોધનની નહિ, પરંતુ શિવજીની છે તેમના કહેવા પ્રમાણે મૂર્તિ લગભગ બે થી અઢી ફૂટ ઊંચી છે અને શુદ્ધ સોનામાંથી બનાવેલી નક્કર મૂર્ત છે લગભગ પાંચથી સાત કીલોગ્રામ વજન છે. એક અન્ય મત પ્રમાણે આ મૂર્તિ સોનાની નહિ, પરંતુ પાંચ ધાતુની છે અને તેમાં પિત્તળ પ્રધાન છે. ઘસવાથી ચળકાટ મારે છે અને તેથી સોના જેવી લાગે છે.

અમને મૂર્તિ તો જોવા ન મળી, પણ મૂર્તિનો ફોટોગ્રાફ કે ચિત્ર જોવા મળે કે નહિ ? એક યુવાન આગળ આવ્યો તેણે પોતાના મોબાઈલમાં લીધેલો મૂર્તિનો ફોટોગ્રાફ બતાવ્યો વાંકડિયા ભરાવદાર વાળ, હષ્ટ પુષ્ટ, ઉપસી આવતો, ગોળમટોળ ચહેરો, મોટી પહોળી આંખો, કાનમાં કુંડળ! આ ચહેરો શિવજીનો ન હોઈ શકે પ્રથમ દૃષ્ટિએ તો આ ચહેરો શિવજીનો હોય તેના કરતાં દુર્યોધનનો હોય, તેમ માનવા તરફ મન જાય છે! પરંતુ આ તેમની ધાર્મિક લાગણી અને શ્રદ્ધાનો પ્રશ્ન છે, તેથી તેમના સ્થાનમાં તેમની સાથે આ વિશે વિવાદ કરીએ કે તેમને કઠોર લાગે તેવા પ્રશ્ન પૂછીએ તો તે ઘણું અશિષ્ટ ગણાય. તેથી અમે વિવાદથી સર્વથા દૂર રહ્યાં.

અમારો આ વાર્તાલાપ પ્રધાનતઃ અહીંના એક બ્રાહ્મણ રામપ્રસાદ નોટપાલ સાથે ચાલતો હતો. તેમના કહેવા પ્રમાણે તેમના પૂર્વજો કુમાઉંવિસ્તાર 'નૌટી' ગામના વતની હતા, કે જે નૌટીથી નંદારાજજાતનો પ્રારંભ થાય છે. અને જે આદિબદ્રીથી નજીક છે અહીં આ મંદિરમાં પૂજા માટે તેમના વડવા આવેલા, પરંતુ નૌટીના વતની તેથી નોટપાલ અટક તો રહી જ ગઈ છે.

હવે રામપ્રસાદજી અમને આ જખૌલના મંદિરના અને તદનુસાર આ ૨૪ ગામના સમગ્ર વિસ્તારના વહીવટદાર શ્રી દયારામ રાવતને ઘેર લઈ ગયા. રાવત એટલે તેઓ બ્રાહ્મણ નહિ, પરંતુ ક્ષત્રિય હશે, તેમ લાગ્યું રામપ્રસાદજી એ બૂમ પાડીને મારો પરિચય કરાવીને તેમને બહાર બોલાવ્યા. પરંતુ રાવતજી એ બહુ વિવેકપૂર્વક કહ્યું.

"સ્વામીજી અમારા ઘરમાં પધારશે તો અમને આનંદ થશે! "

અમે તેમના ઘરમાં પ્રવેશ્યા, તેમનું ઘર વિશાળ અને સુંદર છે તેમના ધર્મપત્નીએ ખુરશીઓ મૂકી, અમે સૌ બેઠા રાવજીના પત્નીએ ચા માટે પણ પૂછ્યું, પરંતુ અમે વિનયપૂર્વક ના કહી.

અહીં પણ મંદિર વિષયક વાતો જ ચાલી આ મંદિર ઘણું પ્રાચીન છે. કાળાંતરે મંદિરો નવાં નવાં બન્યાં છે, પરંતુ દેવની મૂર્તિતો તેની તે જ છે.

આ વિસ્તારના ૨૪ ગામના સૌ લોકોના પ્રધાન દેવ કે ઈષ્ટદેવ આ મંદિરના દેવ જ છે. આ દેવ જ અમારી રક્ષા કરે છે અને આ દેવ જ અમારા ખેતરોમાં વરસાદ આપે છે.

આખરે હળવેથી અને વિનયપૂર્વક અમે તે વિષયનો પ્રારંભ કર્યો- આ મંદિરના દેવ કોણ છે?

અહી પણ દઢતાપૂર્વક એ જ વાત થઈ આ દેવ દુર્યોધન નથી! આ સોમસ્ અર્થાત સોમેશ્વર શિવજી છે. અમે શિવજીના ઉપાસકો છીએ, દુર્યોધનના નહિ.

હવે બે પ્રશ્ન થાય છે.

(૧) તો આ જ સુધી અમે સાંભળેલું, વાંચેલું માનેલું બધું ખોટું છે?

(૨) જો આ દેવ સોમેશ્વર શિવજી જ છે, તો તેમને ભૂલથી પણ દુર્યોધન શા માટે ગણવામાં આવ્યા ? આ માન્યતા આવી ક્યાંથી ?

અમે કોઈ નિશ્ચિત મત પર આવી શક્યા નહિ અને તેમની લાગણી દુભાય તેવું કોઈ વિધાન ન થઈ જાય, તેની પણ અમે કાળજી રાખી.

ઓસ્લોમાં દેવના દર્શન થશે, તેવું આશ્વાસન તેમણે અમને આપ્યું અને અમે તે માની લીધું.

સૌની રજા લઈ, સૌનો આભાર માની અમે સૌ પાછા ફર્યા ?

ત્યાર પછી અમારી હરકીદૂનની યાત્રા દરમિયાન અમારે આ વિસ્તારના અનેક લોકોને મળવાનું બન્યું. અમે આ જખૌલના મંદિરના અને આ ૨૪ ગામના ઈષ્ટદેવ તરીકે બિરાજતા દેવ કોણ છે, તેની વાતો પણ ખૂબ થઈ !

બધા જ વયોવૃદ્ધ લોકોએ કહ્યું આ દુર્યોધન જ છે. દુર્યોધન જ અમારા દેવ છે. નામ બદલવાથી શું દેવ બદલી જાય છે ?

બધા જ યુવાનોએ કહ્યું-

ના, આ દુર્યોધન નથી જ! અમારા ઈષ્ટદેવ દુર્યોધન નથી, અમે દુર્યોધનના ભક્તો નથી જ!

અમને લાગ્યું કે પ્રાચીન પરંપરા પ્રમાણે આ મૂર્તિ દુર્યોધનની છે પરંતુ નવી પેઢી ભણેલીગણેલી છે તેમના મનમાં દુર્યોધનને પોતાના ઈષ્ટદેવ ગણવાની વાત બેસતી જ નથી! તેથી તેઓ જોરશોરથી કહે છે કે આ જખૌલના મંદિરના દેવ દુર્યોધન નથી, પરંતુ સોમસૂ અર્થાત સોમેશ્વર શિવજી જ છે! દુર્યોધનને ઈષ્ટદેવ ગણતાં તેમને સંકોચ થાય છે.

નવી પેઢી પરિવર્તન કરે છે અને પરિવર્તન ઈચ્છે છે તથા પરિવર્તન કરશે, તે તો બરાબર છે, પરંતુ પરંપરાગત માન્યતાનો વિચાર કરીએ તો જખૌલનું આ મંદિર દુર્યોધનનું મંદિર છે. આ ગામના અને આ વિસ્તારના લોકો દુર્યોધનની પૂજા-ઉપાસના કરે છે તેમની માનતા માને છે, તેમને નૈવેધ ધરાવે છે અને ક્વચિત્ બલિદાન પણ આપતા જ હશે!

આ વિસ્તારના વૃદ્ધ જનો પાંડવો કરતાં દુર્યોધનને ચડિયાતો માને છે. યુધિષ્ઠિર તો જુગારી હતો. જે માનવી પોતાની પત્નીને જુગારમાં દાવમાં મૂકે અને હારી પણ જાય, તેને ધર્મરાજ કેવી રીતે ગણી શકાય? તેમના કરતાં તો અમારો દુર્યોધન સારો ! દુર્યોધને પોતાની ધર્મપત્ની ભાનુમતીને જુગારના દાવમાં મૂકી નથી ! આ લોકો દુર્યોધનને ખલનાયક નહિ, પરંતુ વીરપુરુષ અને પાંડવો કરતાં ચડિયાતો માને છે. તેમના મતે દુર્યોધન સજ્જન અને વીરપુરુષ હતો, યાદ રહે ! તેઓ દુર્યોધનને ભગવાન નથી માનતા, પરંતુ એક દેવ અને પોતાના ઈષ્ટદેવ તરીકે સ્વીકારે છે !

કેરાલામાં દુર્યોધનનું એક મંદિર છે. તે મંદિર અને આ જખૌલ વિસ્તારના મંદિરો સિવાય દુર્યોધનનું અન્ય કોઈ મંદિર હોવાનું જાણમાં નથી, જખૌલના જૂની પેઢીના નિવાસીઓ માને છે કે તેમના પૂર્વજો દુર્યોધનના રાજ્યના અધિકારીઓ અને ટેકેદારો હતા. મહાભારતના યુદ્ધમાં તો કૌરવકુળનો સમૂળો નાશ થયો, ત્યાર પછી દુર્યોધનના અધિકારીઓએ અને ટેકેદારોએ યુધિષ્ઠિરના શાસનનો અને

તેમના રાજ્યમાં રહેવાનો સ્વીકાર ન કર્યો. તેથી તેમનું રાજ્ય છોડીને તેઓ અહીં હિમાલયમાં આવીને વસ્યા છે. તેમણે અહીં હિમાલયમાં આ વસાહત ઊભી કરી અને આ દુર્યોધનના મંદિરની રચના કરી.

દુર્યોધનના ભક્તો અહીં છે. તેઓ દુર્યોધનની વીરતા, મર્દાનગીના ગુણગાન ગાય છે અને પાંડવો કરતાં દુર્યોધનનું ચડિયાતાપણું સિદ્ધ કરવા પ્રયત્ન કરે છે.

સદીઓથી આ વિસ્તાર બહારની દુનિયાની સાવ અલગ રહ્યો છે. હવે કોઈક કોઈક પ્રવાસીઓ મંદિર સુધી પહોંચે છે. દુર્યોધનનું મંદિર હોવાની અને દેવ તરીકે તેની પ્રતિષ્ઠા હોવાની ઘટના સામાન્યતઃ માનવામાં આવે તેમ નથી! કાંઈક આશ્ચર્ય, કાંઈક દુઃખ અને કાંઈક રમૂજ અનુભવાય, તેવી આ ઘટના છે.

ભગવાનની આ દુનિયા એટલી વિશાળ, વૈવિધ્ય પૂર્ણ અને વૈચિત્ર્ય સભર કે અહીં માનવામાં ન આવે તેવું પણ ઘણું હોય છે અને બને છે!

અમેરિકામાં એક નવું ચર્ચ શરૂ થયું છે - શેતાનનું ચર્ચ ! આ ચર્ચના અનુયાયીઓ ભગવાનની નહિ, પરંતુ શેતાનની ઉપાસના કરે છે! આ પંથના અનુયાયીઓ એવી દલીલ કરે છે કે આ દુનિયાની વર્તમાન પરિસ્થિતિ જોતાં ભગવાન કરતાં શેતાન વધુ બળવાન અને વધુ સક્રિય હોય તેમ લાગે છે, તો પણ ભગવાનને બદલે શેતાનની ઉપાસના શા માટે ન કરવી ? માનવીની દલીલ શક્તિનો અને તેની કુતર્ક કરવાની શક્તિનો પાર પામી શકાય તેમ નથી.

આપણા દેશમાં પાડો પણ પીર બનીને પૂજાય છે! પાડાપીર ! આ પાડાપીરની માનતાઓ ચાલે છે! તેમને નૈવેદ્ય (રજકાનું જ તો!) ધરાવાય છે! તેમના ફોટાનું વેચાણ થાય છે. આ ફોટાઓ ઘરમાં રાખવામાં આવે છે અને આ ફોટાઓની સમક્ષ ધૂપદીપ કરવામાં આવે છે. માનવીની અંધશ્રદ્ધા કેટલે સુધી પહોંચે છે !

કૂતાભગતને ભક્તરાજ ગણવામાં આવે છે! કૂતાભગતનું વાજતેગાજતે સામૈયું કરવામાં આવે છે અને જાહેરસભામાં તેમને ગાદીતકિયા પર બેસાડવામાં આવે છે! આવી ઘટનાઓ આપણા દેશમાં બની છે ! દુર્યોધન પાડા અને કૂતરા કરતાં તો ઉચ્ચતર ગણાય કે નહિ?

મનાલીમાં હિડિમ્બાનું મંદિર છે. કૂલુના દેવોના દરબારમાં આ મહારાણી હિડિમ્બા સાહેબા રથમાં બેસીને વાજતે ગાજતે પધારે નહિ, ત્યાં સુધી દેવાના દરબારનો પ્રારંભ થઈ શકે નહિ, આ બધું અહીં બને છે અને સદીઓથી બને છે!

નટવર પાસે દેવરામાં અમે કર્ણ અને રાજા શલ્યનું મંદિર જોયું છે. અને અહીં તો બધા એકી અવાજે, કોઈના પણ કોઈ પ્રકારના વિરોધ વિના કહે છે અને માને છે કે આ કર્ણદેવ અને શલ્યદેવનું મંદિર છે અને તેઓ અમારા ઈષ્ટદેવ છે!

આ બધું અહીં થાય છે!

ડાંગના જંગલમાં વાઘને દેવમાનીને તેની મૂર્તિઓ મૂકાય છે, તેની પૂજા-માનતા થાય છે. નાગ અર્થાત સર્પની પૂજા ભારતમાં લગભગ સર્વત્ર થાય છે!

શીતળા એક રોગ છે કે દેવી ?

જો આવું અને આવું બીજું ઘણું આ દેશમાં થાય છે, થઈ રહ્યું છે, બને છે, તો દુર્યોધનના મંદિરો બને, પૂજા થાય, માનતા ચાલે અને તેની પાલખી નીકળે, તેમાં શું આશ્ચર્ય!

હે ભગવાન અમારી અંધશ્રદ્ધાને હવે ઓગાળો!

હે ભગવાન અમને વિશુદ્ધ અને યથાર્થ ભક્તિ આપો!

ઊંડા અંધારેથી પ્રભુ પરમ તેજે તું લઈ જા....

●---------●●●--------●●●---------●

સરસ્વતી નિકેતન આશ્રમ, કુમાર છાત્રાલય પાસે, જોધપર(નદી), વાયા-મોરબી, ૩૬૩૬૪૨, ફોન ૦૨૮૨૨-૨૯૨૬૮૮

## (૦૨) મા ભારતીની નિશ્રામાં - ૧૦

- ભરત ના.ભટ્ટ

(નોંધ :- 'કોડિયું'ના આ અંકથી મારી 'ક્રાંતિદર્શન'ની શ્રેણી વિરામ લે છે અને 'મા ભારતીની નિશ્રામાં' એ શ્રેણી પુનઃ આગળ ચાલે છે.- ભ.ના.ભટ્ટ)

'મા ભારતીની નિશ્રામાં' એ શ્રેણીના મારા ગત(છેલ્લા 'કોડિયું, જુલાઈ, ૨૦૧૬ના) ૯ મા મણકાનું છેલ્લું વાક્ય છે,'ચાલો, હવે દ્વિતીય વર્ષને અલવિદા કહીએ...'

પરંતુ સૌની ક્ષમાયાચના સાથે મારે થોડા પાછા જવું છે. અમે મે, ૧૯૫૯માં લોકસેવાનું બીજું વર્ષ પૂરું કર્યું હતુ. જુન ૧૯૫૯થી હું તૃતીય વર્ષમાં પ્રવેશવાનો હતો. આ બંને વર્ષ વચ્ચેના ઉનાળુ વેકેશનના ગાળાના એવા બે મુદ્દા નોંધવા જોઈએ જે ખાસ્સું મહત્ત્વ ધરાવે છે. પહેલો મુદ્દો એટલે હિન્દી ફિલ્મસંગીતનું, અને તેમાં પણ ખાસ મોહમ્મદ રફીનાં કંઠ તેમજ ગીતોનું, મારા જીવનમાં ઊભું થયેલું મહત્ત્વ. બીજો મુદ્દો તે મે,૧૯૫૯માં યોજાયેલો, અમે ચાર મિત્રોનો, પૂર્વભારતનો 'સ્વતંત્ર' પ્રવાસ, રફીસાહેબ વિશે અહીં પૂર્વે મેં થોડું લખ્યું છે. અહીં, મારા એ સૌથી માનીતા પાર્શ્વગાયકનું રેખાચિત્ર આલેખવું છે.

અલબત્ત તે પૂર્વે સંગીત વિશેની એક લાક્ષણિકતા નોંધવાનું મન થાય છે. મુખ્ય ચાર કલાઓમાં, તેના માધ્યમની સૂક્ષ્મતાની (પ્રતીકાત્મકતાની) દષ્ટિએ પ્રથમ ક્રમે સાહિત્યકલા આવે, આમ છતાં દ્વિતીયક્રમે આવતી સંગીતકલા તેના સચોટ, પ્રાસાદિક અને સર્વસ્પર્શી ભાવનિરૂપણ બાબતે પ્રથમ ક્રમે ગણાય. સૂર, લય, ગેયતાનું માધ્યમ ભાષાના માધ્યમ જેવી મર્યાદાથી બદ્ધ નથી. અતઃ તે તેના આસ્વાદ કે પ્રભાવના મુદ્દે દેશ-ભાષાના સીમાડાઓને અતિક્રમી જાય છે. આ જ કારણ છે તે વિશ્વના છેલ્લે ખૂણે રહેતો અને સંગીતાશાસ્ત્રથી લગભગ અજાણ માણસ પણ સંગીતના પ્રભાવ-પકડમાં સહેજે આવી જાય છે અને તેણે માણી શકે છે.

હવે, ચાલો, મારા મનમાં બિરાજેલા રફીસાહેબનું શબ્દચિત્ર રજૂ કરું.

**-: મોહમ્મદ રફી : અદ્ભુત કંઠના માલિક :-**

લોકભારતી ખાતે સ્નાતક કોર્સના દ્વિતીય વર્ષમાં મને મિત્રો દ્વારા 'બિનાકા ગીતામાલા'નો પરિચય થયેલો. એ સાલ હતી ૧૯૫૮. એ પછી બહુ થોડા ગાળામાં હિન્દી ફિલ્મસંગીત સાથે મારો નાતો ઘનિષ્ઠ બન્યો. હિન્દી સિનેમાના સંગીત-સુવર્ણયુગ સાથે બંધાયેલો મારો આ નાતો આજ પર્યન્ત (૨૦૧૬ પછી પણ) જીવંત છે. તેમાં ત્યારનાં આઠ-દસ પાર્શ્વ પુરુષ તથા મહિલા કંઠો કેન્દ્રમાં છે. આ વર્તુળમાં મારા સૌથી વધુ માનીતા ગાયક છે મોહમ્મદ રફી.

ઉત્તમ ફિલ્મીગીતોમાં ચારેક પાસાં મહત્ત્વનાં છે. ૧. ગીત (ઊર્મિકાવ્ય કહી શકાય તેવી ગીત-કાવ્યરચના). ૨. ઝરણા જેવો શાંત પરંતુ અવિરામ લય, ૩.તેની ગાનરૂપે રજૂઆત, અને ૪. તેની સાથે જોડાતાં, તેમાં વણાઈ જતાં વાજિંત્રો. મારે ક્રિકેટનો શોખ માણવા માટે ક્રિકેટ જાણવું પડ્યું છે પરંતુ સંગીત અંગેની નહીવત્ જાણકારી છતાં હું તેને માણી શકું છું. સંગીત એટલે ખાસ કશું જાણ્યા વગર પણ જેને ભરપૂર માણી શકાય તેવું વિશ્વ.

પ્રસિદ્ધ ફ્રેન્ચ સાહિત્યકાર વિક્ટર હયુગો (૧૮૦૨-૧૮૮૫) એ સરસ અને સાચું કહ્યું છે કે, 'શબ્દોમાં જેને સમાવી નથી શકાતું અને મૌનમાં જેને ધારણ નથી કરી શકાતું તે બધું સંગીતમાં ઢળે છે.

સંગીતના આ જાદુનો મને જેમણે સ્પર્શ કરાવ્યો છે તેવા મોહમ્મદ રફી વિશે અહીં થોડી વાત કરવી છે.

મોટાભાગની આપણી ફિલ્મપ્રતિભાઓની માફક રફીસાહેબ પણ ઉત્તર-પશ્ચિમ ભારત બાજુથી મુંબઈ આવેલા. તે સમયના સંયુક્ત પંજાબના અમૃતસર જિલ્લાના એક નાના, 'કોટલા સુલતાનસિંહ' નામના, ગામમાં તા. ૨૪-૧૨-૧૯૨૪ના રોજ તેમનો જન્મ.

મોહમ્મદ રફીના ઉત્કર્ષમાં તેમના મોટાભાઈ હમીદભાઈનો બહુમૂલ્ય ફાળો. બંને સારું ગાય અને સંગીતના શોખીન. હમીદભાઈ આસપાસના શહેરોમાં યોજાતા સંગીતકાર્યક્રમોમાં જતા. નાનાભાઈની શક્તિ

જાણતા મોટાભાઈ રફીને વિકસાવવા ઉત્સુક હતા. આથી ધીરે ધીરે તેમણે રફીને પણ કાર્યક્રમોમાં સાથે લીધા. ઉપરાંત તેને સંગીતની તાલીમ આપવાનું પણ ગોઠવ્યું. એક દિવસ લાહોરમાં કે.એલ.સહગલનો કાર્યક્રમ હતો ત્યાં આ બંધુઓ પહોંચી ગયા.ભગવાનને કરવું તે કાર્યક્રમના પ્રારંભની થોડી ક્ષણો પૂર્વે જ વીજળી ગઈ ! શ્રોતાઓમાં ઘોંઘાટ અને આયોજકો મુંઝવણમાં. હમીદે બહુ વિચાર્યા વગર રફીને માઈક વગર ગાવાનું કહ્યું અને ઘોંઘાટ-ધમાલ શમી ગયાં. સેહગલસાહેબ પ્રભાવિત થયા અને કહ્યું, 'આ છોકરો એક દિવસ મોટો સિંગર બનશે.'

તત્કાલીન અખંડ ભારતના રેડિયો લાહોર દ્વારા, ૧૯૪૪માં, તેમના કંઠનો જાદુ આરંભાયો. ત્યાં જ 'ગુલ બલોચ' નામની પંજાબી ફિલ્મમાં તેમણે પ્રથમવાર પાર્શ્વગાયન કર્યું. લાહોરના ફિલ્મજગત દ્વારા તેમને મુંબઈ જવાની સલાહ મળી અને બંને ભાઈઓ મુંબઈ આવ્યા-આશરે ૧૯૪૪માં.

મુંબઈ આવ્યા પછી થોડી ઝાઝી રઝળપાટ તો સૌના નસીબમાં હોવાની. મોહમ્મદ બંધુઓએ પણ તે અનુભવ કર્યો. દરમિયાન મુંબઈમાં તેમને 'ગુલ બલોચ' ફિલ્મના સંગીતકાર શ્યામસુંદર મળી ગયા. તેમણે પોતાની 'લયલામજનૂ' ફિલ્મમાં રફીસાહેબને ગાવાની તક આપી. રફીની મનીષા હતી કે સહગલસાહેબ સાથે ગાવાની તક મળે. સહગલસાહેબના અવસાન(તા.૧૮-૦૧-૧૯૪૭) પૂર્વે નૌશાદજીએ 'શહેનશાહ' ફિલ્મમાં તેમને આ તક આપી. આ પળ તેમના જીવનની કાયમી યાદગાર પળ હતી. આ ગાળામાં જી.એમ.દુરાની સાથે પણ તેમણે કોરસ ગીત ગાયેલું.

બંને જણા મુંબઈમાં ગીચ વસ્તી વાળી ભીંડીબજારમાં રહેતા હતા ત્યારે એક મુસ્લિમ કન્યા અને રફીસાહેબ વચ્ચે પ્રેમ પાંગરેલો તે કન્યાની મોટીબહેન સાથે લગ્ન કરીને હમિદભાઈએ આ વિરડી જોડીને જોડાવાનાં દ્વાર ખોલી આપેલાં. રફીસાહેબને આજીવન કોઈ વ્યસન નહોતું તેનો યશ પણ હમિદભાઈને મળે છે. એક વિગત પ્રમાણે હમિદભાઈ રફીના મોટાભાઈ નહીં પરંતુ મોટાભાઈના મિત્ર હતા. એ જે હોય તે, પરંતુ રફીસાહેબના અદ્‌ભુત કંઠને પૂર્ણ સ્વીકૃતિ મળે અને તેઓ સુખી અને ખુશ રહે તે માટેનાં હમિદભાઈનાં અમાપ વાત્સલ્ય અને પુરુષાર્થ થકી તેઓ રફીસાહેબના સવાયા મોટાભાઈ હતા.

૧૯૪૭ માં આવેલી દિલીપકુમાર અભિનિત 'જુગનૂ' ફિલ્મમાં તેમણે સ્વતંત્ર પાર્શ્વગાયન કર્યું. આમાં નાયિકા(અને ગાયિકા પણ) નૂરજહાં હતાં. તેમની સાથે રફીસાહેબે ગાયેલું યુગલ ગીત 'યહાં બદલા વફા કા...' પણ લોકપ્રિય બનેલું.૧૯૪૯માં આવેલી 'અંદાઝ' ફિલ્મમાં દિલીપકુમાર માટે મુકેશનો અને રાજકપૂર માટે રફીનો પાર્શ્વકંઠ હતો. આશરે ૧૯૫૦-૫૨થી શરૂ થનારા હિન્દી ફિલ્મસંગીતના સુવર્ણકાળમાં આ જોડીઓ પરસ્પર બદલાઈ જવાની હતી. સી.રામચંદ્રએ રફી પાસે બહુ ઓછું ગવરાવ્યું છે આમ છતાં ૧૯૪૯ની 'નમૂના' ફિલ્મમાં એક યુગલ ગીતમાં તેઓ દેવઆનંદના પ્લેબેકમાં છે. ૧૯૫૧માં 'દીદાર' અને ૧૯૫૨માં 'આન' ફિલ્મોનાં ગીતોમાં તેમણે દિલીપકુમાર માટે આ ગીતો ગાયાં-'મેરી કહાની ભૂલને વાલે'(દીદાર)તથા'માન મેરા અહેસાન'(આન) ત્યારે દિલીપસાહેબના પ્લેબેકમાં તલત મેહમૂદ અને મુકેશ હતા. પછીથી રફીજી તેમના માટે અનિવાર્ય બની ગયા તેનો હજી તો અણસાર પણ નહોતો.

ફિલ્મ 'સિન્દૂર'(૧૯૪૮?)માં રફીજીએ ગાયેલું ગીત 'એક દિલ કે ટુકડે હજાર હુએ...' દ્વારા તેમના દર્દીલા કંઠનો ઉદય થયો કહેવાય. આ ઉપરાંત ૧૯૪૮માં આવેલી ફિલ્મ 'શહીદ'માં દિલીપકુમારના પ્લેબેકમાં તેમણે 'વતન કી રાહ મેં....' ગીત ગાયેલું ૧૯૪૯ માં પ્રગટ થયેલી ફિલ્મ 'દુલારી'માં તેમણે 'સુહાની રાત ઢલ ચૂકી...' એ ગીત ગાયેલું. આ ગીતો પણ તેમની પ્રતિભાના સંવર્ધનમાં અને તેની સ્વીકૃતિમાં સોપાન બનેલાં.

તેમને બ્રેક મળ્યો ૧૯૫૨માં આવેલી ભારતીય શાસ્ત્રીય સંગીત પર આધારિત 'બૈજુ બાવરા' નામની ફિલ્મથી. નૌશાદના સંગીતવાળી આ ફિલ્મના રફીજીએ ગાયેલાં ત્રણ ગીતો બહુ પ્રચલિત બન્યાં : ૧.'તું ગંગા કી મૌજ મેં, ૨.'મન તરપત હરિ દર્શન કો આજ' અને ૩.'ઓ દુનિયા કે રખવાલે.'મૂળ તો આ ફિલ્મમાં દિલીપકુમાર-મધુબાલાની જોડી ચમકવાની હતી. તે શક્ય ન બનતાં પછી ઓછાં જાણીતાં કલાકારો-ભારતભૂષણ અને મીનાકુમારી-તેમાં લેવાયેલાં. આમ છતાં 'બૈજુ બાવરા' ખૂબ સફળ

નીવડી જેમાં રફીનાં આપણે નોંધ્યાં તે ગીતોનો બહુ મોટો ફાળો હતો.

'બૈજુ બાવરા' અંગે આટલું અહીં નોંધવું જોઈએ : ૧૯૫૪માં ફિલ્મ ફેર એવૉર્ડ આપવાનું આરંભાયું. તેમાં આ ફિલ્મે કુલ પાંચ એવૉર્ડમાંથી બે એવૉર્ડ જીતેલા. ૧.શ્રેષ્ઠ અભિનેત્રીનો એવૉર્ડ મીનાકુમારીને મળેલો. ૨.શ્રેષ્ઠ સંગીતકારનો એવૉર્ડ નૌશાદજીને મળેલો. ત્યારે શ્રેષ્ઠ પાર્શ્વગાયકનો એવૉર્ડ નહોતો અપાતો અન્યથા તેમાં રફીસાહેબ મેદાન મારી જાત!

આરંભના સંઘર્ષ પછી 'બૈજુ બાવરા'થી રફીસાહેબ ઉંચકાયા અને તેમનો કંઠ કેળવાતો ગયો, ઉત્કૃષ્ટ બનતો ગયો. ધીરે ધીરે તેમની બહુ આયામી પ્રતિભા સંવર્ધન પામતી ગઈ અને પ્રગટ થતી ગઈ. આ પછી લગભગ ૨૭-૨૮ વર્ષ સુધી તેમની ચિરવિદાય(૩૧-૦૭-૧૯૮૦)સુધી-ગાયક રફી સાહેબના જીવનમાં કદી કૃષ્ણપક્ષ નથી આવ્યો.

મોહમ્મદ રફી મારા સૌથી પ્રિય ગાયક અને મારાં માનીતાં ગીતોમાં તેમનાં એકલ(SOLO) ગીતોની સંખ્યા કાયમ પ્રથમ ક્રમે. રફીસાહેબની મને આટલી વિશેષતાઓ લાગી છે : ૧.કંઠનું અદ્‌ભુત માધુર્ય. ૨.ગાવાની કે કંઠની વિસ્તૃત રેંજ. ૩.કોઈ પણ ભાવને ગાયકીમાં પ્રગટ કરવાનું સામર્થ્ય. ૪.ગીતોના સર્વ પ્રકારવૈવિધ્યને ગાવાની બહુમુખી પ્રતિભા. જેમ કે, શાસ્ત્રીયગીત, રોમેન્ટિક ગીત, રમુજી ગીત, દર્દીલું ગીત, ગઝલ, કવ્વાલી, દેશભક્તિનું ગીત, હાલરડું, ભજન, વેસ્ટર્ન-રોક એન રોલ-સ્ટાઈલનું ગીત વગેરે. ૫.અનેક જાણીતા-અજાણ્યા, મોટા ગજાના કે નાના-નવા અભિનેતાના પ્લેબેકમાં બંધબેસતો અવાજ.

મોઝાર્ટ(૧૭૫૬-૧૭૯૧) એ ઓસ્ટ્રિયાના વતની અને પશ્ચિમજગતની આસામાન્ય સંગીતપ્રતિભા. તેમણે કહ્યું છે કે, 'મધુરતા એ સંગીતનું અનિવાર્ય લક્ષણ છે.' રફીસાહેબના કંઠની મીઠાશ અહીં યાદ આવ્યા વગર રહે?

વાસ્તમાં જેમ આંગિક, વાચિક અને સાત્વિક અભિનય હોય છે તેમ પાર્શ્વગાયકમાં કંઠાભિનયસજ્જતા હોવી જોઈએ. ગાયનકલામાં તેને છઠ્ઠું પરિણામ કહે છે. કંઠાભિનય એટલે ગાયન દ્વારા જાણે અભિનય કરવો-અભિનય સિદ્ધ કરવો. ગીતને એવી રીતે ગાવું કે કેવળ શ્રવણમાત્રથી અભિનેતાના ભાવ શ્રોતા પામી શકે. રફીજીનાં આવાં ઉદાહરણો અગણિત છે પરંતુ અત્રે એક-બે ગીતો યાદ કરી લઈએ :૧.યે મહેલોં, યે તખ્તોં, યે તાઝોં કી દુનિયા'(ફિલ્મ-પ્યાસા). ૨. 'કહાં જા રહા હૈ તૂ ઐ જાને વાલે-'(ફિલ્મ-સીમા).

ગીતમાં શમ્મીકપૂરનાં બિનધાસ્ત તોફાન-મસ્તી હોય કે જોની વોકરના રમૂજી ચેન-ચાળા હોય! આપણને અવશ્ય દ્વિધા થવાની કે અભિનેતાને ગાતા જોવામાં વધુ મજા પડશે કે ગાયકને સાંભળવામાં? આંખ-કાન બંને ઈન્દ્રિયોથી પામવું કે કેવળ કાન જ સક્રિય રાખવા. મારા પ્રિય હાસ્ય અભિનેતા જોની વોકર,(તેઓ રફીસાહેબની માત્ર એક વર્ષ મોટા હતા.) હજી આજે પણ હું નક્કી નથી કરી શક્યો કે આ માટે કોણ વધુ યશભાગી ? જોની વોકર પોતે કે તેમને કંઠ આપનાર મોહમ્મદ રફી! તમે જ્યોતીન્દ્ર દવેનો એકાદ લેખ વાંચો કે આ જોડીનાં બે-ત્રણ ગીતો સાંભળો! 'લાફિંગક્લબ'માંથી એક માસ માટેની તમારી મુક્તિ પાકી!

દિલીપકુમાર, શમ્મીકપૂર, રાજેન્દ્રકુમાર અને જોની વોકરના પાર્શ્વગાયક તરીકે રફીસાહેબનો ઈજારો હતો. દેવાનંદ-જેમને હું ચિરંજીવી ગીતોના અભિનેતા ગણું છું-તેમના પાર્શ્વગાયનમાં વિવિધ કંઠો સફળતાથી વપરાયા છે. તેમાં તલત મેહમૂદ, કિશોરકુમાર અને હેમન્તકુમારનાં વિપુલ ગીતો છે. આમ છતાં દેવાનંદ-રફીની જોડી હંમેશા તરી આવી છે. આરંભમાં દેવાનંદ માટે અને પછી અમિતાભ-રાજેશ ખન્ના માટે જ્યારે કિશોરકુમાર અનિવાર્ય ગણાતા હતા ત્યારે પણ તે સર્વના પ્લેબેકમાં રફીસાહેબ તો હાજર જ હતા. આ ઉપરાંત ધર્મેન્દ્ર અને શશીકપૂરના પ્લેબેકમાં પણ રફીજીનાં ચિરંજીવી ગીતો છે.

ગઈ સદીના ૭મા દાયકાની વાત. રેડિયો પર 'ચૌદહવીં કા ચાંદ' ફિલ્મનું શીર્ષક ગીત આવતું હતું. હું અને મારાં પ્રવીણાભાભી તે સાંભળતાં હતાં. ભાભીનું હિન્દી બહુ સરસ! ગીત પૂરું થતાં મને પૂછ્યું. 'ભરતભાઈ, 'આફતાબ' એટલે શું ?' મેં અજ્ઞાનમાં માથું હલાવ્યું એટલે કહે, 'આફતાબ એટલે સૂર્ય.' તે ગીતના મુખડામાં આફતાબ પછી એક સુંદર શબ્દ આવતો હતો-'લાજવાબ.' 'બિનાકા ગીતમાલા'માં આ ગીત સૌ પ્રથમ વાર વાગ્યું ત્યારે અમીનજી બોલેલા, 'અબ સુનીએ એક 'લાજવાબ' ગીત.' રફીસાહેબે એ ગીત પણ લાજવાબ ગાયું હતું અને મોહમ્મદ

રફી ગાયક તરીકે પણ લાજવાબ હતા.

ઘણાં હિટ ગીતો આપનારા દેવાનંદ, શમ્મીકપૂર અને જોની વોકર એ ત્રણેય અત્યંત ભિન્ન મિજાજના અભિનેતાઓ હતા. તેઓના પાર્શ્વગાયનમાં રફીસાહેબ ગીતના ભાવ અને અભિનેતાના મિજાજને અનુરૂપ જે રીતે કંઠાભિનય પ્રયોજતા તેને પણ લાજવાબ જ કહેવું પડે.

રફીસાહેબ જેવા લાજવાબ ગાયક હતા તેવા જ ઉત્તમ માનવી હતા. મતભેદ થકી નારાજ થઈ લતાજીએ ૧૯૬૩ થી ૧૯૬૭ના ગાળામાં તેમની સાથે ન ગાયું. મતભેદનો મુદ્દો હતો-ગીત ગાતી વખતે ગાયકને અપાતી રકમ ઉપરાંત રેકોર્ડના વેચાણ પર પણ ગાયકને રોયલ્ટી મળવી જોઈએ કે નહી ? લતાજીની એ માન્યતા અને માગણી હતી જેમાં રફીસાહેબ સહમત નહોતા. ભલું થજો નરગીસ દત્તનું કે તેમણે આ બંનેને ભેગાં કર્યા અને સમાધાન કરાવ્યું. એટલે ૧૯૬૭થી બંને અલૌકિક કંઠ પુનઃસાથે ગાવા લાગ્યા.

૧૯૭૫ની ઈમરજન્સી દરમિયાન ઈન્દિરા ગાંધીની સરકારે કિશોરકુમારને એક કાર્યક્રમ માટે આમંત્રણ આપ્યું. કિશોરકુમાર તો મૂડી માણસ! આમંત્રણ ન સ્વીકાર્યું. પરિણામે રેડિયો, ટી.વી. સાથે સંકળાયેલા માહિતીપ્રધાને રેડિયો પરથી કિશોરકુમારનાં ગીતો વગાડવાની બંધી ફરમાવી ! આ જાણ્યા પછી રફીસાહેબે દિલ્હી જઈને કહ્યું. ‘હું તમને ૧૦ કાર્યક્રમો નિઃશુલ્ક કરી આપીશ. તમે કિશોરકુમારનાં ગીતો પરનો પ્રતિબંધ ઉઠાવી લ્યો.’

કિશોરકુમારનાં ગીતો ફરી પ્રસારિત થવા લાગેલાં.

નિસાર બઝમી નામે એક સંગીતકાર હતા. નબળી આર્થિક સ્થિતિવાળા એક નિર્માતાની ફિલ્મ તેમની પાસે હતી. એ ફિલ્મનાં બે ગીતો નિસાર રફીસાહેબ પાસે ગવરાવવા ઈચ્છતા હતા. તે ગાળામાં એક ગીતના મોહમ્મદ રફી ત્રણ હજાર લેતા હતા.આ રકમ નિર્માતાને કેમ પોસાય? ગીતો ગવાયાં પછી નિસારજીએ રફીસાહેબ સમક્ષ નિર્માતાની સ્થિતિ વર્ણવી અને પછી પૂછ્યું ‘કેટલા આપું ?’ કંઠસમ્રાટે તેમને કાનમાં કહ્યું-૫૦૦ દે દો!’ છ હજારની જગ્યાએ બે હજારની તૈયારી સાથે આવેલા નિસાર તો સ્તબ્ધ થઈ ગયા!

કોઈ પણ સંગીતકાર માટે ગાવાનું પ્રથમ ગીત તેઓ કશું લીધા વગર જ ગાતા. આ ઉદારતાનો લાભ લક્ષ્મીકાન્ત-પ્યારેલાલને મળેલો. પછી તો તેઓ વચ્ચે વાત્સલ્ય અને આદરનો એક નાતો બંધાઈ ગયો. ફલશ્રુતિ એ કે રફી-એલ.પી.ની આ જોડી આશરે પોણાબસો ફિલ્મોમાં જામી.

બહુ ઉન્નત પ્રતિભાઓનું આવું હોય છે, ભૌતિક લાલસાથી તેઓ પર હોય છે. રફીસાહેબનું આવું હતું. કીર્તિ કે કલદારની તેમને કદી એષણા નહોતી. આવી સાચી પ્રતિભાઓનું એક બીજુ લક્ષણ હોય છે. તેઓ ઈર્ષા કે સ્પર્ધાભાવથી પણ મુક્ત હોય છે. તેઓ અન્ય સમાન પ્રતિભાઓને ઓળખે છે, સ્વીકારે છે અને આવકારે છે. મુકેશજી રફીસાહેબની પહેલાં અવસાન પામ્યા તો રફી કહે, ‘શ્રેષ્ઠ તો ચાલ્યો ગયો!’ કિશોરકુમાર માટે પણ તેમનો ઊંચો મત. કિશોરજીએ ‘દુઃખી મન મેરે’ ગાયું તો રફીસાહેબ બોલી ઊઠ્યા-‘આ ગીત કિશોરદા સિવાય બીજો કોઈ ગાયક ન ગાઈ શકે.’

**મોહમ્મદ રફી અને કિશોરકુમાર :-**

બન્યું એવું કે ઈ.સ.૧૯૭૦ આસપાસથી પાર્શ્વગાયક તરીકે કિશોરજી અચાનક ખૂબ ઉપડ્યા, આગળ આવ્યા અને પ્રસિદ્ધ થયા. આ કારણે એવી હવા ઊભી થઈ કે,‘મોહમ્મદ રફીના હવે વળતાં પાણી થયાં.’ હિન્દી સિનેમાના સંગીતસુવર્ણયુગના થોડા જાણકાર તથા વધુ રસિયા તરીકે મને આ સંદર્ભે નીચેના મુદ્દાઓ નોંધવા જેવા લાગે છે.

૧.પ્રથમ અને સૌથી મહત્ત્વની બાબત એ કે આવી ઉત્કૃષ્ટ ગાયકપ્રતિભાઓ વચ્ચે સરખામણી કરવી કે સ્પર્ધાભાવ આરોપવો એ આપણા કોઈ માટે ઉચિત તેમજ શોભાસ્પદ નથી.

૨.એક પાર્શ્વગાયક તરીકે રફીસાહેબની કારકિર્દી ઠીક ઠીક દીર્ઘ હતી. તેમની સરખામણીમાં કિશોરજીની પાર્શ્વગાયક તરીકેની કારકિર્દી ટૂંકી હતી. કિશોરકુમાર પાર્શ્વગાયક ઉપરાંત અભિનેતા અને સંગીતકાર પણ હતા. આમ તેઓ બહુ આયામી(વર્સિટાઈલ)ફિલ્મી હસ્તી હતા. સાથે એ પણ નોધવું જોઈએ કે પાર્શ્વગાયનનો અમુક ગાળો બાદ કરીએ તો આ કોઈ ક્ષેત્રમાં તેઓ અસામાન્ય કદી નહોતા.

૩.રફીસાહેબ કેવળ પાર્શ્વગાયક જ હતા પરંતુ તેમાં તેમની પ્રતિભા બહુમુખી તેમજ અદ્વિતીય હતી. તેમના

તેમજ તેમની પછીના સમય સંદર્ભે બહુમુખી ગાયકપ્રતિભા તરીકે તેઓ નિર્વિવાદપણે શ્રેષ્ઠ રહ્યા છે.

૪.અમુક ગાળામાં કે વર્ષોમાં A યા b એ ગાયેલાં ગીતોની સંખ્યા વધુ છે તેવો માપદંડ કોઈ પણ સમજદાર કે પરિપક્વ ભાવક, ચાહક કે અન્ય કોઈ રાખે નહીં. કોઈ બેટ્સમેનનું ચડિયાતાપણું કેવળ રનથી કાંઈ નક્કી થઈ શકે?

૫.જે ગાળામાં કિશોરકુમારનાં ગીતો વધુ આવતાં હતાં પણ રફીસાહેબનું પાર્શ્વગાયન તેના સાતત્યપૂર્ણ પ્રવાહે ચાલુ જ હતું. ૧૯૭૦-૮૦ના ગાળાની ફિલ્મોનાં ગીતોની યાદી બનાવતાં આ હકીકત સામે આવી જશે.

૬.બંને ગાયકોને એક-બીજા માટે આદર હતો. રફીજીમાં આ અંગે સાતત્ય હતું, જ્યારે કિશોરકુમાર બાળક જેવા હતા. તેઓ આશુતોષ પણ હતા અને આશુરોષ પણ હતા. નાની વાતે રાજીપો કે નારાજગી તેમના વ્યક્તિત્વના અંશ હતાં. રફીસાહેબ પ્રત્યે પણ તેમનું આવું હતું.

૭.'ગાઈડ'નાં આ ત્રણ ગીતો બર્મનદાએ રફીસાહેબ પાસે ગવરાવેલાં : ૧.દિન ઢલ જાયે, ૨.'તેરે મેરે સપને' અને ૩.ક્યા સે ક્યા હો ગયા...' હવે તે ગાળામાં દેવાનંદના પ્લેબેકમાં કિશોરકુમાર મુખ્ય હતા. આથી કિશોરજીને નારાજગી સાથે પ્રશ્ન થયો કે, 'આમાં હું કેમ નહીં? ' સચિન દેવ તો આ બધાના વડીલ જેવા! કહે, 'બેટા, મારી આ ત્રણ ધૂન તો કેવળ રફીસાહેબ માટે જ સર્જાઈ છે.'

જો કે પછી કિશોરકુમારને રાજી રાખવા, દેવાનંદના કહેવાથી, કિશોરકુમાર માટે એક ખાસ ગીત રચાયું-ઉમેરાયું. પ્રસિદ્ધ એ ગીત-'ગાતા રહે મેરા દિલ.' આ ગીત બહુ લોકપ્રિય બન્યું. પરંતુ તેથી બર્મનદાના દાવાનું અને રફીનાં ગીતોનુ મૂલ્ય જરાય ઘટતું નથી!

૮.કિશોરકુમાર (જેમનું મૂળ નામ આભાસકુમાર ગાંગુલી હતું તે) ના પાર્શ્વગાયનમાં રફીસાહેબનો કંઠ લેવાયો છે તે વિગત અત્રે ખાસ નોંધવી જોઈએ. આમ તો આવાં પાંચેક ગીતો છે પરંતુ અહીં જે બે મને પાકાં યાદ છે તે નોંધુ છું.

૧.'મન મોરા બાવરા'-ફિલ્મ 'રાગિણી', ૧૯૫૭. સંગીત-ઓ.પી.નય્યર.

૨.'અજબ હૈ દાસ્તાં તેરી'-ફિલ્મ 'શરારત', ૧૯૫૮. સંગીત-શંકર-જયકિશન.

કહેવાય છે કે 'શરારત'ના ગીત બાબતે કિશોરકુમાર નારાજ થયેલા પરંતુ શંકરજયકિશન કાંઈ તેમનું સાંભળે?

૯.'પ્યાર કા મૌસમ'નામની એક ફિલ્મમાં સંગીતકાર રાહુલદેવે એક ગીત રફી તથા કિશોર બંને પાસે ગવરાવ્યું છે. પડદા પર પણ તે બંને અલગ અલગ અભિનેતાના પાર્શ્વકંઠમાં છે. ગીતના શબ્દો છે-'તુમ બિન જાઉં કહાઁ...' બંને ગાયકોએ પોતપોતાની આગવી ઢબે આ ગીત એવું સરસ ગાયું છે કે આપણે બસ 'આફરીન...આફરીન' પોકારી ઉઠીએ.

મોહમ્મદ રફીનો દેશપ્રેમ પણ પ્રેરક હતો. જન્મ-ધર્મથી તેઓ મુસ્લિમ હોવા સાથે અંતઃકરણથી તેઓ સાચા ભારતીય હતા. હકીકતમાં મુસ્લિમ અને ભારતીયતા વચ્ચે કોઈ વિરોધાભાસ નથી તેની તેઓ રાષ્ટ્રીય મિસાલ હતા.

પોતાના સમયને સંગીતનો સુવર્ણયુગ બનાવવામાં એક ગંધર્વમંડળીનું પ્રદાન સૌથી અદકેરું હતું. ગંધર્વરૂપ એ છ પુરુષ ગાયકોનો તેઓ સર્વાનુમતે સેનાપતિ હતા.તેમનાં ગીતો ભારતજનના અગણિત મનોભાવોને પોતાનામાં વણી સનાતનકાળ સુધી કર્ણમધુર સ્વરમાં વહેતાં રાખશે.

નૌશાદજી એ તેમને 'Paighamber of Mausigi' (સંગીતકલાની દિવ્ય પ્રતિભા) કહેલા તે સાદ્યંત સત્ય છે. તેમના અવસાન નિમિત્તે શ્રદ્ધાંજલિ આપતાં લતાજીએ કહેલું.'I do not know whether the Moon has lost its sheen or has the sun of our film music set.'

૧૯૭૦ પછીના ગાળાના જાણીતા પાર્શ્વગાયક મહેન્દ્રકપૂરને ફિલ્મ 'આદમી' માટે મોહમ્મદ રફી સાથે પુરુષયુગલગીત ગાવાનું આવ્યું. તેમણે કહ્યું, 'હું રફીસાહેબનો એટલો આદર કરું છું કે તેમની સાથે (સમાનભૂમિકાએ) ગાવાનું હું પસંદ નહીં કરું.' પછી તે ગીતમાં મહેન્દ્રકપૂરને બદલે તલતનો અવાજ લેવાયેલો. જેમના જીવનમાં નાનો સરખો પણ ડાઘ નથી; જે પ્રતિભાસંપન્ન હોવા છતાં નમ્ર હતા; જે આમ અનેકોના આદરપાત્ર હતા તેવા રફીસાહેબને ચાલો, આપણે મસ્તક નમાવીએ !

●---------●●●--------●●●---------●

'મંદાર' ૩૬।૧, બીમાનગર, સેટેલાઈટ રોડ, અમદાવાદ-૧૫, મો. ૯૪૨૯૦ ૨૯૪૭૦

## (૦૩) 'અનાથાશ્રમમાંથી બાલાશ્રમ' પુસ્તકની પ્રસ્તાવના : વિશ્વનો શ્વાસ : વિશ્વાસ

- અરુણ દવે

એક વૈજ્ઞાનિક અભ્યાસ-નિરિક્ષણ પ્રમાણે આજથી આશરે ૪.૬ અબજ વર્ષ પહેલા સૂર્યથી છૂટી પડેલી આપણી પૃથ્વી ઉપર ત્રણેક અબજ વર્ષ પહેલાં સૌ પ્રથમ સજીવબિંદુ જન્મ્યું. પૂરા બે અબજ, નવ્વાણુ કરોડ અને નવ્વાણુ લાખ વર્ષ પછી 'માણસ'નું પ્રગટીકરણ થયું. હા, માત્ર એકાદ લાખ વર્ષ પહેલા જ આપણા પૂર્વજ બે પગે ચાલતાં થયાં. ૮૮ હજાર વર્ષ અન્ય પ્રાણીઓની જેમ જ જીવન જીવ્યા બાદ માત્ર બારેક હજાર વર્ષથી જ માણસ સ્થિર જીવન જીવન જીવતો થયો છે અને સંસ્કૃતિની શરૂઆત તો માત્ર છએક હજાર વર્ષથી જ થઈ. આ ઉત્ક્રાંતિ કાળમાં જે જીવોએ પ્રકૃતિને સ્વીકારીને સહયોગ આપ્યો અને સંપૂર્ણ સમર્પિત થયા તે જીવો આગળ વધ્યાં, બાકી કાળગંગાના પ્રવાહમાં તણાઈને સમયાંતરે નાશ પામ્યાં.

અબજો અબજો સંખ્યામાં જળ-સ્થળ ઉપર જીવતા જીવોની કરોડો જાતિ-પ્રજાતિઓ છે. તેઓનું વર્ગીકરણ અનેક રીતે અનેક તજજ્ઞો-અભ્યાસુઓએ કર્યું છે. આપણને રસ પડે અને ઉપયોગી થાય તેવું વર્ગીકરણ એવું છે કે માણસ સિવાયના તમામ જીવો પ્રાકૃતજીવો છે જ્યારે માણસ એક માત્ર અપ્રાકૃતજીવ છે. તમામ જીવો સંપૂર્ણપણે પ્રકૃતિને આધિન છે જ્યારે માણસ તેને પ્રકૃતિએ જ બક્ષેલી બુદ્ધિ અને સંવેદનાઓના પરિણામે સ્વાયત્તતા ભોગવી રહ્યો છે! માણસ એક માત્ર જીવ એવો છે કે સંસ્કૃતિને આધિન. સંસ્કૃતિ સંસ્કારને અને સંસ્કાર શિક્ષણને આધિન છે. પશુમાં રહેલું પશુત્વ અને માણસમાં રહેલું મનુષ્યત્વ એ એમની પ્રાકૃતિક ઓળખ છે. માણસમાં જેટલું મનુષ્યત્વ વધારે તેમ તે વધારે આદર્શ માણસ ગણાય. વિવેકશીલ, સંવેદનશીલ, માયાળુ-દયાળુ અને ગુણાનુરાગી સંસ્કારોથી મનુષ્યત્વપિંડ રચાય છે, વિકસે છે. મનુષ્યમાં રહેલાં, તેને પ્રકૃતિએ બક્ષેલી અણમોલ ભેટ-વિશેષતા એવા આ મનુષ્યત્વને ઉજાગર કરનારું જો કોઈ એક માત્ર સાધન હોય તો તે છે શિક્ષણ, શિક્ષણ અને હા, એક માત્ર **શિક્ષણ**.

આજે સમગ્ર વિશ્વની માનવજાત આતંકવાદી સાંસ્કૃતિક પ્રકોપો અને ગ્લોબલ વોર્મિંગ જેવા પ્રાકૃતિક પ્રકોપો વચ્ચે સેંડવીચ થઈને જીવી રહી છે. વિશ્વના તમામ ક્ષેત્રોના તજજ્ઞો-અભ્યાસુઓ આ બંને પ્રકારના પ્રકોપો માટેનું કારણ એક જ જણાવે છે અને તે છે આપણી જીવન જીવવાની શૈલી. આ બત્રીસ લક્ષણી જીવનશૈલી જાણવા-સમજવાનો સ્રોત જો કોઈ હોય તો તે પણ **શિક્ષણ** જ છે.

એકવીસમી સદીની અને આવનારા વર્ષોની મનુષ્યજાતની સૌથી ગંભીર સમસ્યા એ ગણાવાય છે કે આજની માનવજાતને સાથે મરતાં આવડે છે પણ સાથે જીવતાં આવડતું નથી! અને આ સમસ્યાનો ઉકેલ પણ માત્ર અને માત્ર પેલી '**શિક્ષણ**' નામની જડીબુટ્ટી પાસે જ રહેલો છે!

માનવજાતને જીવવા-બચવા, જીવન માણવા, સુખો પ્રાપ્ત કરવા, વિકસવા, જલસા કરવા અને પ્રકૃતિને પામવા માટે પણ શિક્ષણને શરણે ગયા વગર છૂટકો જ નથી.

હવે સવાલ એ ઊભો થાય છે તે કેવું શિક્ષણ, કેવી શિક્ષણ-પદ્ધતિ અને કેવું શિક્ષણ-ભાવાવરણ આવા મનુષ્યત્વને ઊજાગર કરી શકે? આ સવાલાખેણા સવાલનો જવાબ એ આ 'અનાથાશ્રમમાંથી બાલાશ્રમ' પુસ્તિકામાં છે.

આવા બહુમૂલ્ય શિક્ષણનો પિંડ આપણે જીવનમૂલ્યોના મોણથી બાંધવાનો છે. આવા મોણથી ત્રિગુણી રસી છે સત્ય-પ્રેમ-કરુણા. નિસ્વાર્થ વત્સલતા, પ્રેમ, ચાહત, પોતિકાનો ભાવ, સંવેદના, શ્રદ્ધા, સેવાભાવથી જ શક્ય છે. આ સર્વેનું પગેરું વિશ્વાસ પાસે આવીને અટકે છે. હા, વિજ્ઞાન અને અધ્યાત્મ બંને હવે સ્વીકારે છે કે સમગ્ર બ્રહ્માંડનો શ્વાસ કોઈ હોય તો તે છે વિશ્વાસ. સમગ્ર જડ-ચેતન જગત પરસ્પરના વિશ્વાસથી, એકબીજા સાથેની ચાહતથી અને એકબીજાના સ્વીકારથી ટકી રહ્યું છે.

આજે પંદર કરોડ કિ.મી. દૂર રહેલા સૂર્યના ઉગવા વિશે આપણને શંકા નથી, વિશ્વાસ છે જ કે તે સમયસર ઉગશે જ પણ પંદર સે.મી. દૂરના માણસ પર વિશ્વાસ નથી!!

આપણે પરસ્પરની ચાહત વિકસાવીને કેળવણી દ્વારા એવો વત્સલ વિશ્વાસ આપવાનો છે કે જેમાંથી આત્મવિશ્વાસ જન્મે. દરેકનો સ્વીકાર, દરેકને સહયોગ અને સમજણ સાથેનું સમર્પણ. આપણા વ્યવહાર, વાણી, વર્તનનું માધ્યમ પ્રતીકો નહીં પણ પ્રતીતિ બને તેવો વ્યવહાર કરવાનો છે. આ સમજવું પણ જ્યારે અઘરું છે ત્યારે આચરવું તો કેટલું અઘરું હશે તે સમજી શકાય. જેમના પર પ્રભુ કૃપા વરસી હોય એ જ આવું જીવન જીવી શકે. ભાઈ-તાઈ આવા કૃપાવંતા પૈકીના છે. પોતાના માયલા સાથેની ભાઈબંધી એવી બંધાણી છે કે સમગ્ર જગતની મોજ-સુખાકારી તેમને સંતૃપ્ત કરતી રહે છે. વિદ્યાર્થીઓની વત્સલતામાં જ એવાં અને એટલાં રમમાણ છે કે તેમને દુનિયાભરનું નિજાનંદી સુખ તેમાંથી અખૂટ મળી રહે છે. સહજતાના સ્વામિ અને નિખાલસતાના દરિયા બની તેમણે પ્રાપ્ત કરેલો વિદ્યાર્થીવિશ્વાસ આજે બાલાશ્રમનો શ્વાસ બનીને સૌને પ્રાણવાયુ પૂરો પાડે છે.

અહીં સવાલ ભાઈ-તાઈના માન, મોભા કે પ્રતિષ્ઠાનો કે અસ્તિત્વનો નથી, ભાઈએ અને તાઈએ પોતાના અસ્ખલિત-અખૂટ એવા જીવનના હકારાત્મકતાના ઝરણાને સતત વહેતું રાખીને પોતાના જ આત્માની કરેલી પ્રતીતિનું આ માનવીય પરિપ્રેક્ષ્યનું અનુભૂતિદર્શન છે. તેમને માટે આ કાર્ય કોઈ નોકરી, ફરજ કે સેવા નથી. આ તો તેમના ઈશ્વરી બાળકો પ્રત્યેની ભક્તિ છે. અહી તો તમામ પ્રકારના અહંકારો કોરે મૂકીને ભક્તિરંગમાં રંગાઈ જઈને રાંક થઈને રહેવાનું છે.

આ કુમળા બીજમાં રહેલા અંકુરિત થવાના પ્રાકૃતિક ગુણોનું વત્સલતાના આંસુભર્યા સિંચનથી થયેલું સહજ પ્રગટીકરણ છે. એવું કહેવાય છે કે જગતમાં એ માણસ સૌથી વધારે નસીબદાર અને સુખી છે કે જેને પ્રતીતિ થાય છે કે જગતમાં તેને કોઈ ચાહે છે. ભાઈ-તાઈ લોકભારતીની કેળવણીને જશ આપે છે, એ તેમની ઉદારતા છે. મૂળે બી એટલું ગુણવાન છે કે તે લોકભારતીના ખાતરે કોળી-મ્હોરી ઉઠ્યું. બીજું રહસ્ય આવું શક્ય બનવાનું એ છે કે બાલાશ્રમને તેમણે અનાથાશ્રમમાંથી નિવાસી છાત્રાલયકેન્દ્રી આશ્રમ બનાવ્યો. આજે વિશ્વને જે શિક્ષણની અનિવાર્યપણે જરૂર છે તે છે સર્વાંગીણ કેળવણીની. માહિતીપ્રધાન શિક્ષણ નહીં, અનુભવ દ્વારા અપાતું અને જીવાતા જીવન સાથેનું અનુબંધન સાધી આપતા જીવનલક્ષી કેળવણીની જરૂરિયાત છે. આપણું લક્ષ છે પ્રકૃતિને અને સંસ્કૃતિને સંવર્ધિત અને સંરક્ષિત કરતી તમામ ક્ષેત્રે સ્થાયી વિકાસ સાધી આપતી કેળવણીની. આપણે જરૂર છે વિદ્યા અને અવિદ્યાની. જરૂર છે શક્તિની અને દૃષ્ટિની. જરૂર છે જ્ઞાન, વિજ્ઞાન અને અધ્યાત્મના વિવેકપૂર્ણ સમન્વયની આ બધી શરતો અને જરૂરિયાતો પૂરી કરવા છાત્રાલયકેન્દ્રી નિવાસી વિદ્યાલયો હોવાં અનિવાર્ય છે.

છાત્રાલયનું ભાવાવરણ, દિનચર્યા, ગૃહકાર્ય, સમૂહજીવન, સહશિક્ષણ, ઉત્પાદક શરીરશ્રમ, સમૂહ કાર્યક્રમો, તમામ પ્રકારના ઉત્સવોની શૈક્ષણિક ઉજવણી, એકબીજાને મદદરૂપ થવાની સેવાકીય ભાવના અને પ્રાર્થના જેવા કાર્યક્રમોથી એક બૃહદ પરિવારનો અનુભવ થાય છે. એક નાનકડા રામરાજ્યની સ્થાપના થાય છે. શોષણ, સ્પર્ધા, સજા અને ભાર વગરના ભણતરથી અને છાત્રાલય જીવન દ્વારા એક સમતોલ જાગૃત નાગરિક તૈયાર થાય છે.

નઈ તાલીમની કમાલ તેના વૈધિક અને અવૈધિક શિક્ષણના વિવેકપૂર્ણ સમન્વયમાં રહેલી છે. અહીં ભાઈ-તાઈની વત્સલતાસભર કેળવણીને મળેલું બાલાશ્રમનું ભાવાવરણ મૂરઝાયેલી કળીઓને માત્ર ખીલવતું નથી, તેમાં સુગંધ પણ ભરી દે છે.

ભાઈ-તાઈ ઈશ્વરકૃપાએ ઘણું વહેલાં આ સમજી ગયાં. અને તેના અમલ કરવાની તમામ પ્રકારની શક્તિઓનું વરદાન ભવ્ય અને ભક્તિસભર પુરુષાર્થી પ્રાપ્ત કરી શક્યા તેટલા ઈર્ષાપાત્ર તો ગણાય! બાલુ, ભાવેશ, અમીન, પીયૂષ વગેરે અનેક ઈશ્વરરૂપી મળેલાં બાળકો તો હવે તેમનું ભવોભવનું કોર્પસ ફંડ બની ગયા છે.

સૌ પ્રથમ જાહેરમાં સન્માનિત કરીને આર્થિક સહાય કરનાર મેઘજીભાઈનો 'મલ્હાર' આજે તો અસંખ્ય મેઘજીભાઈઓ બુલંદ સ્વરે દેશ-વિદેશમાં ગુંજતો કરીને કૃપા વરસાવે છે. ત્યારે ભાઈ-તાઈની વત્સલતાસભર સોડમ સમાજને જીવન જીવવા જેવું છે તેવી સુગંધથી સમૃદ્ધ અને સમરસ કરી રહી છે. ભાઈ-તાઈ અને તેમના સર્જન બાલાશ્રમને સાદર વંદન.

- અરુણ દવે

તા.૧૪/૧૧/૨૦૧૭

## (૦૪) મોરારિબાપુ-વિષાદ નહીં, પ્રસાદયોગનાં પુરસ્કર્તા

- જયદેવ માંકડ

થોડા દિવસો પૂર્વેની આ એક રસપ્રદ ઘટના છે. સંધ્યાનો સમય છે. તલગાજરડા ગામે ચિત્રકૂટધામનાં હનુમંતમંદિરમાં સંધ્યા આરતી થઈ રહી છે. ઘંટ અને ઝાલરના આધ્યાત્મિક સ્વરો વાતાવરણને વિશેષ પવિત્રતા બક્ષી રહ્યા છે. આરતીના સ્વરો ઉપસ્થિત દર્શનાર્થીઓ પોતપોતાની આંતરિક અવસ્થા અને આસ્થા પ્રમાણે હનુમંત વંદના કરી રહ્યા છે. મોરારિબાપુ એમનાં સહજ નિત્યક્રમ અનુસાર હીંચકા પર બેઠાં છે. એ સમયે સાધારણ દેખાતો એવો એક યુવક એ પરિસરમાં પ્રવેશે છે. મહુવાનાં વાછડાવીર મંદિરનાં એ સાધુ યુવકે બાપુ સમક્ષ એક અસાધારણ પ્રસ્તાવ મુક્યો ! 'બાપુ, આપે હમણાંજ બનારસમાં યોજાયેલી રામકથા- ''માનસ -મસાન''માં જે વિચાર મુકયો તે મારા મનમાં ઘૂમ્યા કરે છે. સ્મશાનમાં લગ્ન કેમ ન થઈ શકે ? જો આપ મને ટેકો આપો તો તલગાજરડાના સ્મશાનમાં મારે મારો પોતાની લગ્નવિધિ કરવી છે !' અને બીજે દિવસે સવારે (તા.૨૯/૧૧/૨૦૧૭) બાપુ અને બીજા અનેક લોકોની ઉપસ્થિતિમાં વાજતેગાજતે, શાસ્ત્રોક્ત પદ્ધતિ અનુસાર, રાસ-ગરબાની રમઝટ વચ્ચે, સૌરાષ્ટ્ર બેન્ડ-મહુવાની ધૂન સાથે એ યુવક સ્મશાનમાં લગ્નગ્રંથીએ જોડાયો !

આપ દ્રશ્યની કલ્પના તો કરો જરા ! કઈ જગ્યાએ લગ્નોત્સવ ! સ્મશાનમાં લગ્ન ? જયાં ચિતા બળતી હોય, મૃત્યુનો દેવ અટ્ટાહાસ્ય કરતો હોય, શોકની જયાં સતત કાલીમા છવાયેલી હોય, જે સ્થાન અંગે જન સાધારણના માનસમાં નકારાત્મકતા પ્રવર્તતી હોય, માનવીય શરીર જે સ્થાનમાં અંતિમ વિરામ પામે એ સ્થાનમાં લગ્ન મંગલ ? લોક સમાજમાં જે સ્થાન 'મેલું' ગણાતું હોય અને રાત્રે તો નહીં જ પણ દિવસે સુદ્ધાં જયાં જવામાં લોક રાજી ન થાય એવાં ભયંકર સ્થાનમાં લગ્ન ? પરંતુ આજે તો મેલી વિદ્યાના ઉપાસકો માટેનું માનીતુ સ્થળ ઉજળી વિદ્યાની સમજણમાંથી પ્રગટેલો નવો વિચાર પ્રસરાવતું હતું. મારાં કમનસીબે હું એક પરંપરાગત લગ્ન પ્રસંગે બહારગામ હતો પણ આ અનોખા લગ્નનાં મેં જે વિડિયો જોયા અને જે વિગતો મેળવી તે મુજબ તો એમાં ઉપસ્થિત લોકોના ઉત્સાહમાં કયાંય કમી ન જોઈ. આખાએ સ્મશાનને ફૂલોની સેરથી શણગારવામાં આવ્યું હતું. આજ તો આ સ્મશાન છે કે લગ્ન મંડપ એ થોડીવાર તો નક્કી ન થઈ શકે તેવું દ્રશ્ય હતું ! વિવિધ રંગોની રંગોળીઓ પુરાઈ હતી. ચિરનિંદ્રામાં પોઢેલા મૃતાત્માઓનાં અસ્થિફૂલને સ્થાને સાચુકલાં ફૂલોની મહેક વાતાવરણને તરબતર કરી દેતી હતી. લોખંડની જે પ્લેટ પર શબ મુકાય અને જયાંથી શબના અંગુઠે અગ્નિ અપાય એ જ જગ્યાએ આજે એક અનોખો મંગલ અગ્નિ પ્રજ્વલિત થયો હતો અને એ પવિત્રત્તમ અગ્નિની સાક્ષીએ યુગલ ફેરા ફરી રહ્યું હતું ! ચિતાનાં લાકડાઓ બળે ત્યારે માનવીની મમતા પણ સળગે એને સ્થાને આજનો અગ્નિ વરઘોડીયાને નવાં સ્વપ્નોની દુનિયામાં લઈ જતો હતો. વિષાદની ભૂમિમાં આજે આનંદ છવાયો હતો. અનેક મૃત ખોળિયાને પોતાના ખોળે પોઢાડી દેનારું એ સ્મશાન પોતે તે દિવસે કદાચ કોઈ અનોખું ખોળિયું ધારણ કરી આ નુતન ઘટનાને નિહાળતું હશે ! જીવનનાં અંતિમ અર્થની કોઈ ફિલસૂફ ને જે માંડ માંડ લાધે તેવી સમજને લીધે અત્યાર સુધી જે સ્મશાન પોરસાતું હતું એ આજે પોતાની જ એક નુતન ઓળખને જોઈ રહ્યું હતું ! આપણી લગ્નવિધિ કલુષિત સ્વરૂપ ધારણ કરતી જાય છે, વિદેશી રંગે રંગાતી જાય છે ત્યારે આવી અનોખી હિંમત બતાવનાર એ યુવકને સો સો સલામ! બાપુનાં વિચારને ઝીલનારાં અને જીવનારાં એ દંપતિને અભિનંદન.

આપ વિચારો, સ્મશાનમાં પણ જે મંગલને શોધી શકે તેવા બાપુની વૈચારિક, ચૈતસિક અને આધ્યાત્મિક ભૂમિકા કેવી સંશોધનાત્મક હશે ! ચીલાચાલુ અને દિન બ દિન જડતા ધારણ કરતી લોકમાનસિકતા અને રીતિ રિવાજોને બાપુનું ચિત્ત નવા નવા આવિષ્કારો કરવાનું

શીખવે છે. જડતાની બેડીઓમાં જકડાયેલું કોઈ પણ સંશોધન અમસ્તુંયે ડરામણું હોય છે કારણ કે એને લીધે માંડ માંડ જે 'ગોઠવણો' કરી હોય તેને ગુમાવવાની પરિસ્થિતિ ઊભી થતી હોય છે. આપણે તો વધુને વધુ જડ થતાં જઈએ છીએ. પરંપરાઓ અને રીતરિવાજોની બેડીમાં વણ સમજ્યે જકડાતા જઈએ છીએ. તેથી જેમનું બંધિયાર છે તેવા ધર્માચાર્યો અને પરંપરાવાદી લોકોને આ ઘટના કદાચ ગમી ન પણ હોય. અને એવા પ્રતિભાવો આવ્યા પણ છે કારણ કે સમાજમાં અમુક વ્યાપારી લોકોના ડર પર ચાલતા હોય છે ! લોકોને ડરાવી, દબાવી, ધરાર અજ્ઞાની રાખીને રોકડી થતી હોય ત્યારે આ તો કેવડી છલાંગ છે ! આપણે તો કૃત્રિમ અને કોહવાઈ ગયેલી ચીલાચાલુ માનસિકતા અને પરિસ્થિતિઓમાંથી સુખને શોધીએ છીએ. અન્યથા જો સાચી સમજણ મેળવીએ અને કેળવીએ તો સ્મશાન પણ સુખ આપી શકે, પ્રસન્નતા આપી શકે. લગ્ન મંગલ સ્મશાનમાં પણ સંભવી શકે. અંતમાં સવાલ આપણી માનસિકતાનો છે. જે સ્થાન જીવનના અંતનું પ્રતિક છે એ સ્થાન પણ જીવનમાં નવ પ્રસ્થાનનું કારણ બની શકે તેવી સંભાવના તે દિવસે તલગાજરડાના સ્મશાનમાં ચરિતાર્થ થઈ. 'માનસ-મસાન' રામકથામાં વિશદ સ્વરૂપે સ્મશાનની ચર્ચાઓ થઈ હતી. કોઈ એક સંદર્ભમાં બાપુને સાચું કહેતા સાંભળ્યા હતા કે એક અર્થમાં આખુંએ અસ્તિત્વ સ્મશાન જ છે ! આપણી ચો-પાસ મરણ સતત રચાતું જ રહે છે. આ પૃથ્વીનો ગોળો એક મોટું સ્મશાન છે ! માનવ જીવન સાથે વણાયેલી અનિવાર્ય ઘટના એટલે મૃત્યુનો વિષાદ. પરંતુ દ્રષ્ટિ કેળવીએ તો તે પણ અંતે પ્રસાદમાં પરિવર્તિત થાય તે એમણે સમજાવ્યું છે. કુરુક્ષેત્રમાં અર્જુનને સમજાવવા માટે ૭૦૦ શ્લોકોની જરૂરત હતી. આજે જ્યારે ઘટ ઘટ કુરુક્ષેત્ર છે ત્યારે બાપુએ ૭૦૦ ઉપરાંત કથાઓ કરી છે. લોકો સામેથી કથા માંગે છે, સાંભળે છે, જીવવા કોશિશ કરે છે. બાપુની રામકથા તરફ યુવાન હોય કે વૃદ્ધ હોય, ભાવુક હોય કે બુદ્ધિજીવી હોય, હકારાત્મક માનસિકતા હોય કે નકારાત્મક હોય સૌનો લગાવ વધતો જાય છે. એ ઘટના જીવનનાં નુતન અર્થઘટનની લોકોની પ્યાસને સૂચવે છે. વર્તમાન પેઢી સાવ નકારાત્મક નથી. આજનો યુવાન પોતે સહજ રીતે જીવી શકે તેવું અધ્યાત્મક શોધે છે. અનેક ઠેકાણે યોજાતી કથાઓમાં લાખો લોકો અવિરતપણે આવતા-જતા રહે છે તે સૂચવે છે કે એમાંથી કશુંક ખરેખર ઉપયોગી મળે છે. રામકથાની પરબમાં પ્યાસ બુઝે છે. બાપુના વિચારોને સમજવાની કોશિશ કરીએ તો જોવા મળે કે એમની પાસે 'વિષાદ' શબ્દ છે જ નહીં ! પ્રત્યેક ઘટના 'પ્રસાદ' છે. હવે આધુનિક કાળનાં અર્જુનો માટે વિષાદયોગનો સમય પૂરો થાય છે...બાપુ એમનાં સંશોધનાત્મક અભિગમને લઈ 'વિષાદયોગ'ને સ્થાને 'પ્રસાદયોગ' અને તેમાંથી નીપજતી પ્રસન્નતાનો અહેસાસ કરાવે છે. એમને થયેલાં વ્યક્તિગત જીવનનાં અનુભવોમાં નકારાત્મકતાને સ્થાન નથી.. અહીં ઘટતી તમામ ઘટનાઓ પ્રસાદ છે, મંગળ છે તેવો અનુભૂત વિશ્વાસ એમની વાતોમાં વણાયેલો છે.

બાપુ એમની કથાઓ અને અન્ય કાર્યક્રમો દ્વારા વ્યક્તિના મનમાં ઘૂસી ગયેલી અને જડ થતી જતી વિચાર પ્રક્રિયાને નુતન આયામો પ્રદાન કરે છે. ફક્ત વિચાર પ્રક્રિયા જ નહીં, ઝડપભેર સંકોચાતા જતાં આપણા જીવતરને પણ નવીન તાજગી આપે છે. નહિતર સ્મશાનમાં લગ્ન સંભવે ? લોકોને મન તો વિધિ-વિધાન એટલે બસ, પત્યું. આમ થાય તો મંગલ અને તેમ થાય તો અમંગલ, આવી લોકમાન્યતાને વેર-વિખેર કરી નાખે તેવું જબરદસ્ત ઉદાહરણ આપ્યું છે! વિધિની જરૂર છે કે પ્રીતિની એનો આપણે વિચાર કરી શકીએ એ માટેના અનેક ઉદાહરણો બાપુએ એમનાં સહજ જીવનથી આપ્યા છે. એમની રામકથાઓમાં વ્યાસપીઠ પર દેવી-દેવતાઓનું સ્થાપન તેમણે હટાવી દીધું છે અને તેને સ્થાને 'શ્રોતા દેવો ભવ'નું સ્થાપન કર્યું છે. હનુમાન જયંતીએ ચિત્રકૂટધામમાં દલિત પરિવારની દીકરીઓ હનુમંત આરતી કરે તે ઘટના શું શીખવે છે ? વિધિ-વિધાનમાં પ્રીતિ-વિધાનનું સંશોધન. દેશ-વિદેશના કંઈ કેટલાયે યુવાનો તલગાજરડા ખાતે પ્રતિક લગ્ન કરે છે ત્યારે નથી જોવાતાં કોઈ મૂહર્ત કે નથી જોવાતાં કોઈ જોશીડાનાં જોશ...કમૂરતાં પણ તેઓ માટે શુભ મૂહર્ત સાબિત થયાં છે ! પોતાના જીવનમાં એ ય ને લેહર કરે છે. કાં તો પરંપરામાં જકડાઈ ને અથવા વિકૃત રીતે જીવી સુખ

**(અનુસંધાન પાના નં.૩૪૩ ઉપર)**

## (૦૫) ગુજરાતના પ્રત્યેક ગૃહપતિ અને શિક્ષકે વાંચવા જેવી સત્યકથા 'અનાથાશ્રમમાંથી બાલાશ્રમ'

- વિનોદ માંગુકિયા

આર્થિક અને સામાજિક સુધારના મોરચે સતત સંઘર્ષ કરી રહેલી ઝાલાવાડની ધરતીમાં, અર્ધી સદીથીયે વધુ સમયથી બાલશિક્ષણ અને બાલસેવાની ધૂણી ધખાવીને સુરેન્દ્રનગરમાં આસનવાળીને બેઠેલા દેસાઈ દંપતી-ભાઈ-તાઈના છાત્રાલય સંચાલનના પ્રયોગોની અનુભવકથા એટલે 'અનાથાશ્રમમાંથી બાલાશ્રમ' નામની ૬૫ જેટલા પૃષ્ઠોમાં લખાયેલી સત્યકથા.

શ્રી નાગજીભાઈ દેસાઈને હવે સૌ 'ભાઈ' અને એમના ધર્મપત્ની શાંતાબેન દેસાઈને સૌ 'તાઈ' તરીકે ઓળખે છે અને સંબોધે છે. શ્રી નાગજીભાઈ પોતાની આ અનુભવકથાને બીજું નામ 'વિશ્વાસનું વાવેતર' આપે છે, જે કથાના પ્રત્યેક પ્રસંગે સાર્થક થતું વાચક અનુભવે છે. શ્રી નાગજીભાઈ દેસાઈ આ કથાના ઉદ્ગમ સ્થાન એવા ડૉ. એચ.એલ. ધ્રુવ બાલાશ્રમને પોતાની 'શિક્ષણ સાધનાનું કેન્દ્ર' ગણે છે.

બાલશિક્ષણ ક્ષેત્રે નોંધપાત્ર કામ કરનાર ભાઈ-તાઈની ઓળખ શિક્ષણપ્રેમીઓને આપવાની હોય નહીં. ભાવનગર જિલ્લામાં આવેલી રાષ્ટ્રીય કેળવણીની વિખ્યાત સંસ્થા લોકભારતીમાંથી શિક્ષિત અને દિક્ષિત થયા પછી સુરેન્દ્રનગર શહેરમાં પૂર્વ અધ્યાપન મંદિરમાં નોકરી શરૂ કરનાર આ દંપતીને હૈયે શાંતિ નથી. રસ્તા ઉપર સૂતેલા કે ગટરને કાંઠે કણસતા નિરાધાર બાળકોને જોયા પછી એ દુઃખી બાળકોની માફક નાગજીભાઈની ઊંઘ પણ જાણે ચાલી ગઈ ! મન અસ્વસ્થ થાય છે. દિવસો અને કેટલાક મહિના મનોમંથન ચાલ્યા કરે છે. અંતે નાગજીભાઈની અકળામણ ચહેરા ઉપરથી પારખી જનાર ધર્મપત્ની શાંતાબહેન પૂછી લે છે. "તમને જે કામ ગમતું હોય તે કરવા તમે મુકતા છો. ઘરની આર્થિક જવાબદારી મારા ઉપર છોડી દો. હું નોકરી ચાલુ રાખું છું. તમે આ તરછોડાયેલા બાળકોને સંભાળો." બસ, નાગજીભાઈને તો 'ભાવતું હતું અને વૈદે કહ્યું' એના જેવું થયું. એ પછીથી અનાથાશ્રમ સંભાળ્યો એ કથા ખૂબ જાણીતી છે. લેખકે આ પુસ્તિકા પહેલા પણ 'એવોર્ડ' નામે પુસ્તિકા આપી છે જેમાં એમના બાલાશ્રમના વિદ્યાર્થીઓના જીવનવિકાસના પ્રસંગો આલેખાયા છે.

શ્રીમતી શાંતાબેનના સધિયારા પછી નાગજીભાઈ નોકરી છોડીને સુરેન્દ્રનગર શહેરના છેવાડે આવેલ અવાવરૂ જેવા અનાથાશ્રમમાં પગ મૂકે છે. જાણે રસ્તો મળી ગયો. 'છીંડું શોધતા લાધી પોળ' જેવું થયું. નાગજીભાઈ તો રાજી રાજી. પણ કામ કાંઈ સરળ નહોતું. લાગણીથી તો ઘણું વિચારી શકાય પણ હકીકત સામે આવે ત્યારે મોતિયા મરી જાય. આ અનાથાશ્રમ કાંઈ વૃંદાવન ગાર્ડન નહોતો ! અહીં શાંતિથી નોકરી કરવાની વાત જ નહોતી. અહીં તો પડકાર સામે હતો. અનાથાશ્રમ એટલે શહેરની ઉપેક્ષિત જગ્યામાંની એક જગ્યા. લોકોમાં અનાથ બાળકો પ્રત્યે કરુણા અને કાંઈક અંશે નફરતથી જોવાની ટેવ. લોકો આવા બાળકોને 'નબાપા' કહે. એમાંય આ આશ્રમ એટલે જેનો ખાસ કોઈ ધણીધોરી નહીં એવી હાલત. ઉદારદિલ દાતાઓ દાન તો આપે પણ સુચારુ સંચાલનનો તદ્દન અભાવ. આવા આશ્રમમાં નોકરી કરવા કોણ આવે ? જેને કયાંય નોકરી ન મળી હોય તો ના છૂટકે અહીં રસોઈયા બને કે ચોકીદાર બને. તોફાની છોકરા, સફાઈના નામે મીંડું, પેધી ગયેલા કર્મચારીઓ અને શિક્ષણ જેવું ખાસ કશું નહીં ! પણ નાગજીભાઈએ તો સામે ચાલીને આ આફતને અવસરમાં પલટાવવાની હતી. અહીં ઠંડે છાંયે બેસીને નોકરી કરવાની નહોતી. અનેક સમસ્યાઓ સાથે કામ કરવાનું રાખીને

કામનો પ્રારંભ કર્યો.

ધીરેધીરે અનાથાશ્રમનો નાગજીભાઈને પરિચય થતો ગયો. અનાથ અને એકલવાયા બાળકોય નાગજીભાઈને જબરા કુતુહલથી નિરખવા લાગ્યા. સારા અને ખરાબ અનુભવોની ઘટનાઓ એક પછી એક બનવા લાગી. નાગજીભાઈ આ ઘટનાઓમાંથી કેટલીક સુખદ અને કેટલીક દુઃખદ ઘટનાઓનું બયાન આપણી સમક્ષ મૂકે છે. મા-બાપ જોવા ઝંખતા બાળકોનો વલોપાત વાચકને અંદરથી હલાવી મૂકે છે.

સમય જતા ધીરે ધીરે બાળકોમાં નવી હવા ઊભી થઈ. બાળકોનો ડર ઓછો થવા લાગ્યો. એમને હસીને, વ્હાલથી કોઈ બોલાવનાર પહેલીવાર જોયો. બાળકોને ભરપેટ જમાડનાર વાલી મળ્યો. બાળકને તેનું નામ પૂછનાર મળ્યો. બાળકને નામથી અને પ્રેમથી બોલાવનાર કોઈ મળ્યું. નાનકડા બાળકને પણ 'તમે' કહીને બોલાવનાર મળ્યો. બાળકને તેડીને રમાડનાર મળ્યો. રડતા બાળકના આસું લૂછનાર મળ્યો. રાત્રે સૌને સુવાડીને, ઓઢાડીને પછી જ ઘરે જનાર કોઈ બાપ આવ્યો. ધીરે ધીરે સમગ્ર આશ્રમ સ્વચ્છ સુઘડ અને નાની નાની સુવિધાઓથી સજ્જ થતો બાળકોએ જોયો. પોતાના હાથમાં સાવરણો લઈને આશ્રમની સફાઈ કરતા કોઈ ગૃહપતિ જોયા ! કદી કોઈને સફાઈ કરવા માટે આદેશ નહીં. પણ આતો બાળકો ! નિર્દોષ બાળકો ! એમણેય હાથમાં સાવરણા પકડયા. આશ્રમમાં નવો પ્રાણ ફૂંકાયો !

આશ્રમમાં આવેલ પરિવર્તનની વાત શહેરમાં પહોંચી. દાતાશ્રીઓનું ધ્યાન ખેંચાયું. મદદ માટે હાથ લંબાવા લાગ્યા, અંતે એક દિવસ શાંતાબેન પણ પોતાની સલામત પગારવાળી નોકરી છોડી પતિના આ પવિત્ર સેવાયજ્ઞમાં સમર્પિત થઈ ગયા. બસ, ત્યારથી આજ સુધી લગભગ છ દાયકાથી દેસાઈ દંપતી અને ધ્રુવ બાલાશ્રમ એકમેકમાં ઓતપ્રોત થઈ ગયા છે. આ છ દાયકામાં બાળકોને નાગજીભાઈના રૂપમાં 'બાપ' અને શાંતાબેનના રૂપમાં 'બા' મળ્યા. જો કે બાળકો તો નાગજીભાઈને 'ભાઈ' અને શાંતાબેનને 'તાઈ' (બહેન) કહે છે.

આ પુસ્તિકામાં નાગજીભાઈએ આશ્રમની નાણાંકીય કટોકટીની વાત કરી છે. એમને અચાનક જ મળેલ મદદનો પ્રસંગ અહીં છે. છ દાયકા પૂર્વ વઢવાણ શહેરમાં એક કાર્યક્રમ દરમ્યાન ઝાલાવાડના ભામાશા શ્રી મેઘજી પેથરાજ શાહે પોતાના પ્રવચનમાં કહ્યું 'હું વાણિયાનો દીકરો છું. જોયા-જાણ્યા વિના એક રૂપિયોય આપું નહીં, પણ આજે હું બાલાશ્રમને રૂપિયા પાંત્રીસ હજાર આપવાના જાહેર કરું છું' આ એક પ્રસંગે ભાઈ-તાઈને અસાધરણ બળ મળ્યું. નાગજીભાઈનો આત્મા જાણે બોલી ઊઠયો.

અનાથ કૌન હે યહાઁ ?
ત્રિલોકનાથ સાથ હૈ,
દયાળુ દીનબંધુ કે
બડે વિશાલ હાથ હૈ !

દાનવીર શેઠશ્રી મેઘજી શાહના દાન પછી તો અન્ય દાતાશ્રીઓએ પણ આશ્રમને જોઈતી મદદ શરૂ કરી દીધી. દેસાઈ દંપતીની મહેનત રંગ લાવી. આશ્રમના સુચારૂ સંચાલનની વાત મુંબઈ સુધી પહોંચી અને ઝાલાવાડમાંથી મુંબઈ જઈ વ્યવસાયે સ્થિર થયેલા જૈન મહાજનોએ આજ દિવસ સુધી એ મદદનો પ્રવાહ અવિરત ચાલુ જ રાખ્યો છે.

અનાથાશ્રમ શબ્દ નાગજીભાઈને ગમતો નથી. એમની દૃષ્ટિમાં કોઈ અનાથ છે જ નહીં. કોઈ નહીં તો ઉપરવાળો તો બેઠો જ છે. એમણે અનાથાશ્રમના નામ ઉપર ચોકડી મારીને નવું નામ 'બાલાશ્રમ' આપ્યું જે આજે ખરા અર્થમાં સાર્થક થતું કોઈ પણ જોઈ શકે છે.

આ બાલાશ્રમની મુલાકાતે આવેલા ગુજરાતભરના નામાંકિત વ્યક્તિઓની યાદી ઘણી જ લાંબી થાય. સુપ્રસિદ્ધ લેખકો, કેળવણીકારો, સમાજ સુધારકો, સંતો, નેતાઓ, કલાકારો અહીં આવીને બાળકોને રમતા-હસતાં જોઈને રાજીપો વ્યક્ત કરી ગયા છે.

શ્રી નાગજીભાઈ પોતાને બાલાશ્રમના ગૃહપતિ કે

શિક્ષક, સંચાલક માનતા નથી પણ પોતાને બાળકોના રખેવાળ અને માવતર માને છે. બાળકો સાથે કામ કરવામાં મળેલી સફળતાના મૂળમાં તેમને 'છાત્રસંપર્ક' મહત્વનું પરિબળ લાગ્યું છે. જેની વાત અહીં તેઓ કરે છે. 'કસોટીની એરણ પર' નામના બે પ્રકરણમાં આશ્રમ સંભાળ્યા પછીની સંઘર્ષકથા છે. 'સુખનો સૂરજ ઉગ્યો' નામના પ્રકરણમાં વરસોના તપ પછી મળેલી સફળતાનો ચિતાર આપે છે.

'છાત્રોના પ્રશ્નો' એ 'વિશ્વાસનું વાવેતર' કથાનો બીજો ભાગ છે. નારીકેન્દ્રમાંથી આવેલો છ-સાત વરસનો ભાવેશ માતા-પિતાની રાહમાં સતત બારી પાસે અંધારામાં બેસીને આકાશ તરફ જોઈ રહે છે. મા-બાપના આવવાની રાહ જોતા આ બાળકની વાત વાચકના હૈયાને રડાવી દે છે. એક મહિલા સંસ્થામાંથી આવેલા અઢી વરસના અમીતની કથા ઘણી કરુણ છે. સમજતો થયો એટલે 'મારી બા કયાં છે ? મને મારી બા બતાવો ને !' એમ સૌને પૂછીને સાંભળનારને મૂંગા કરી દેતો નાનકડો અમીત ! છેક ઉત્તરપ્રદેશ તરફથી આવી ચડેલા પીયૂષની મા મરી ગઈ છે, બાપ કયાં છે તે ખબર નથી. ભાઈ-બહેન સગા કોઈ જ યાદ નથી. બસ એની બા એટલે 'તાઈ' અને બાપ એટલે 'ભાઈ' એમ જ સમજે છે. નંદુની વાત નિરાળી છે. પોતાના બાપુજી જેવા ફોટા ભેગા કરી એમાંથી પોતાના બાપુને શોધવા મથતો નંદુ, માની શોધમાં છાનોમાને બકરીનું દૂધ પી લેતો મહેશ, પોતાની માને શોધવા લોકોના ઘરના તાળાં તોડતો રાજેશ, નાગજીભાઈને રાજય પારિતોષિક અર્પણ સમારોહ સમયે હોલની બહાર ઢોલ વગાડીને સૌને આનંદના પૂરમાં નચાવતો, સંસ્થાના નાના બાળકમાંથી પ્રેમાળ શિક્ષક બનેલો ભગવાનદાસ ઢોલી, ખીસ્સા કાતરવાની પ્રવૃત્તિ છોડીને સારો નાગરિક બનેલ બાલુ આ બધા પાત્રો બાલાશ્રમના સાચકલા પાત્રો છે અને આ બધી જ ઘટનાઓ સત્ય ઘટનાઓ છે.

હવે આજે ૮૮ વરસના નાગજીભાઈ બાળકોના 'ભાઈ' મટીને 'દાદા' બન્યા છે પણ બાળકોની વહાલી 'બા' તો 'તાઈ' જ છે. મોટાભાગના બાળકોને ભાઈ-તાઈ જ પોતાના મા-બાપ લાગ્યા છે. બાલાશ્રમને એક સો વરસ થયા ત્યારે શતાબ્દી મહોત્સવ વખતે કાર્યક્રમમાં હુંય ગયેલો. એક પૂર્વ વિદ્યાર્થી કલાસ-વન ઓફિસર બન્યો. એણે પોતાનો અનુભવ કહ્યો. "હું અહીં કયારે આવ્યો તેની તો ઈશ્વર અને ભાઈ-તાઈને જ ખબર હશે. હું અહીં હાઈસ્કુલમાં ભણતો થયો ત્યાં સુધી એમજ સમજતો કે અમે બધા બાળકોના મા-બાપ આ ભાઈ-તાઈ જ છે !"

સતત હળવાફૂલ રહેવું અને બીજાને પણ હળવા રાખવા એ ભાઈનો સ્વભાવ છે. ગમે તેવી કપરી પરિસ્થિતિમાંય અમે નાગજીભાઈને હસતા-હસાવતા જોયા છે. ગૂજરાત વિદ્યાપીઠમાં બી.એડ. કર્યા પછી ત્રણ વરસ સુધી લોકવિદ્યાલયમાં શ્રી નાગજીભાઈ સાથે કામ કરવાની મને તક મળી હતી. મેં જોયું કે નાગજીભાઈની નજરે કોઈ વિદ્યાર્થી તોફાની નથી, કોઈ ગુનેગાર નથી, કોઈ ચોર નથી પણ પરિસ્થિતિએ એમને આ સ્થિતિમાં મૂકયા છે. અમે શિક્ષકોએ નાગજીભાઈને કયારેય ગુસ્સે થતા કે અકળાતા જોયા નથી. કોઈની તરફ નફરત નહીં, કોઈની તરફ અવિશ્વાસ નહીં. સદાય હસે અને સૌને હસાવતા રહે.

નાગજીભાઈ ખૂબ સારા ગાયક. એમનો અવાજ ખરજનો અવાજ. સુગમસંગીતના જૂના ગુજરાતી ગીતો અને બાલગીતો અભિનય સાથે એવી ઉત્કૃષ્ટ રીતે રજૂ કરે કે જોનાર મુગ્ધ થઈ જાય. કોઈ રડતા બાળકને જુએ એટલે પહેલા તો એને ભેટી પડે, એના આસું પોતાના ખાદીના ઝભ્ભાની ચાળથી લૂછે. પોતે હસતા જાય અને બાળક જયાં સુધી હસે નહીં ત્યાં સુધી છોડે નહીં. તોફાની બાળકને લીને મોનીટર ફરિયાદ કરવા આવે એટલે પહેલા તો તે બાળકને તેડી લેવાનો, મોટો હોય તો ભેટીને વહાલ કરવાનું પણ તોફાનની વાત જ નહીં કરવાની. કોઈ બીજી જ વાત કરી બંને બાળકોને હસાવીને છાત્રાલયમાં મોકલી દેવાના ! આ દશ્ય પાછું રોજનું હોય ! આવા દશ્યો અમે અનેકવાર જોયા છે. નાગજીભાઈની નજરે આ બાળકો નિરાધાર નહીં પણ પરિસ્થિતિના દાસ છે. આવા બાળકોનું પોતાનું ઘર

એટલે આ નાગજીભાઈ અને શાંતાબેનનો બાલાશ્રમ ! દેસાઈ દંપતી એટલે હજારો બાળકોના મા-બાપ !

ગુજરાતના શ્રેષ્ઠ બાલાશ્રમમાં સ્થાન પામેલી આ સંસ્થાની મુલાકાત લેશો તો તેની સ્વચ્છતા, સુઘડતા, પોષ્ટિક આહાર, ભોજનાલયમાં બાળકો માટેના સાફ સુથરા ચકચકતા સ્ટીલના વાસણો અને સાંજે મેદાનમાં મુકત મને રમતા બાળકોને જોઈને કોઈને અનાથ નહીં માનો. આજ સુધીમાં આ બાલાશ્રમના સેંકડો બાળકો શિક્ષકો, કલાર્ક, અધ્યાપક, કલાસ ટુ અને કલાસ વન ઓફિસર થયા છે. એક વિદ્યાર્થી તો કલેકટર થયો છે ! પૂર્વ વિદ્યાર્થી સંમેલનમાં દરવરસે વિદ્યાર્થીઓ પોતાના પરિવાર સાથે અહીં કાર્યક્રમમાં આવતા રહે છે. સમાજમાં વિવિધ ક્ષેત્રે સ્થિર થયેલા આ યુવાનો પોતાનાં પત્ની અને બાળકો સાથે આવે ત્યારે પહેલું કામ ભાઈ-તાઈને પગે લાગવાનું જ હોય. ભાઈ પેલા વિદ્યાર્થીને ભેટી પડે પણ પેલો વિદ્યાર્થી પત્ની અને બાળકોની હાજરીમાં ભાઈને ભેટીને ધ્રુસકે ધ્રુસકે રડતો હોય આવું પવિત્ર દશ્ય અનેકવાર જોયું છે. હું એનો સાક્ષી છું. એક કાર્યક્રમ વખતે એક વિદ્યાર્થી બોલવા ઊભો થયો. તે ગાંધીનગરની કોઈ કચેરીમાં કર્મચારી હતો. પહેલું જ વાકય બોલવા જાય છે..''મને અહીં કોણ મૂકી ગયું હશે તે જાણતો નથી પણ મને ભાઈ-તાઈ ના મળ્યા હોત તો મારું શું થાત...'' અને એની આંખમાંથી ચોધાર આંસું. શ્રોતાગણ પણ આ વિદ્યાર્થી સાથે જ ગમગીન ! આગળ કશું જ ન બોલી શકનાર એ વિદ્યાર્થીએ એક જ વાકયમાં જાણે ભાઈ-તાઈના આ સેવાયજ્ઞનો નિચોડ દર્શાવી દીધો !

પુસ્તિકાના શીર્ષક સાથે ટાઈટલ ઉપર આપેલ સંસ્થાનો ફોટોગ્રાફ જ સંસ્થાની સુઘડતાની સાક્ષી પુરે છે. પુસ્તિકાના શીર્ષક સાથે 'અનાથ-નિરાધાર બાળકો માટેની છાત્ર નિવાસી જીવન-કેળવણી આપતી રાષ્ટ્રીયસંસ્થા' લખેલું વાકય ઘણું સૂચક છે. આ વાકયમાં સંસ્થાનો હેતું સ્વયંસ્પષ્ટ થાય છે.

ગુજરાતી ભાષાના મૂર્ધન્ય સાહિત્યકાર અને અગ્રણી કેળવણીકાર શ્રી મનુભાઈ પંચોળી 'દર્શક' પોતાના પ્રિય વિદ્યાર્થી શ્રી નાગજીભાઈ દેસાઈ વિશે અભિપ્રાય આપતા નોંધે છે કે ''નાગજીભાઈએ પોતાનું હૃદય અનાથ બાળકોને આપ્યું તેમાં કેવા અનુભવો થયા, કેવા હૃદય પરિવર્તન થયા, કેવું શિક્ષણ ખીલ્યું તેની આ તપસીલવાર છે. ગુજરાતમાં ભાગ્યે જ આવી તપસીલ છે.''

આપણા ચિંતક, વિચારક અને ગદ્યકાર શ્રી ગુણવંત શાહ નોંધે છે કે ''અનાથાશ્રમના બાળકોને જે રીતે જાળવે છે, તે જોયા પછી એમના બાલાશ્રમને અનાથાશ્રમ કહેવાની ગુસ્તાખી જ ન થઈ શકે. સગા મા-બાપ પણ બાળકોની આટલી કાળજી લે તેમ ખાત્રીપૂર્વક ન કહી શકાય.''

લોકભારતી સંસ્થામાં ઉત્તમ કોટિના કેળવણીકારો પાસે શિક્ષણ પ્રાપ્ત કરીને અહીં નાગજીભાઈએ જાણે લોકભારતી રૂપી વડલાની એક વડવાઈને વિશેષ દૃઢમૂલ બનાવી છે. જૈફવયે આજે પણ ભાઈ-તાઈ બાલાશ્રમનો પ્રાણ બની રહ્યા છે.

પુસ્તિકામાં ડૉ. અરુણભાઈ દવેની પ્રસ્તાવના 'વિશ્વનો શ્વાસઃવિશ્વાસ' આ કથાને યોગ્ય રીતે મૂલવે છે. મૈત્રી વિદ્યાપીઠ, સુરેન્દ્રનગર દ્વારા પ્રકાશિત આ પુસ્તિકા ગૃહપતિઓ માટેની ગીતા બની રહે તેવી છે. ભાઈ-તાઈ પોતાની છ દાયકાની દીર્ઘકાલીન સેવાયાત્રાના વધુને વધુ અનુભવોનું આલેખન કરે તો શિક્ષણ જગતને તેમાંથી જરૂર પ્રેરણા મળી રહે.

પોતાની ટૂંકી પ્રસ્તાવનામાં લેખક પોતાના ગુરુજનોને યાદ કરે અને તે સાથે ગુજરાતના ઉત્તમ કોટિના મહાનુભાવો પાસેથી જે પ્રેરણા મળી છે તેને યાદ કરે છે. પોતાના 'સપના સાકાર થયા' એમ તેઓ જણાવે છે ત્યારે લાગે છે કે નોકરી છોડી આશ્રમ સ્વીકાર્યો તે નિર્ણય યોગ્ય જ હતો.

●---------●●●--------●●●---------●

## (૦૭) પૂજ્ય મોરારીબાપુએ ભાર વિનાનાં ભણતરને યાદ કર્યું

- નલિનભાઈ પંડિત

હું હાલમાં મુંબઈમાં દીકરાનાં ઘરે છું. નવરાત્રી છે, હળવાશ છે અને મનને શાંતિ છે. આવા પાવન સમયે ભોપાલમાં ચાલી રહેલી પૂજ્ય મોરારીબાપુની રામ કથા સાંભળી. ખૂબ સ્પર્શી ગઈ.

કથામાં પૂજ્ય મોરારીબાપુએ શિક્ષણ અંગે કેટલીક ચોટદાર વાતો કરી. પૂજ્ય બાપુએ ----

૧.ભાર વિનાનાં ભણતરને યાદ કર્યું. ૨.ભારેખમ દફતરની વાત કરી. ૩.રાગ માલકોશ અને રાગ દરબારી ગાયો અને સમુહમાં ગાન કરાવ્યું. ૪.ગુજરાતી ભાષાને નબળી અને અઘરી બનાવતી હ્રસ્વઈ અને દીર્ઘઈની વાત કરી. ૫.ચારે બાજુ ફેલાઈ ગયેલાં ભ્રષ્ટાચારની વાત કરી. ૬.હે યુવાનો તમે મને નવ દિવસ આપો, હું તમને નવજીવન આપીશ. તેવી હૃદયસ્પર્શી અપીલ કરી.

પૂજ્ય મોરારીબાપુએ વ્યાસપીઠ પરથી કહેલાં આ કથનમાં ભારોભાર વેદના ભરેલી અનુભવી. કથા નિરાંતે સાંભળી. મૌનનો સહારો મળ્યો. લાંબો સમય આંખો બંધ કરી વિચારમાં પડ્યો રહ્યો.

રામકથામાં પૂજ્ય મોરારીબાપુએ ભાર વિનાનું ભણતર યાદ કર્યું તે ખૂબ ગમ્યું. આજે તો ભાર વિનાનું ભણતર, પાર વિનાનું ભણતર બની ગયું છે. આજનું શિક્ષણ જીવનશિક્ષણ અને કૌશલ્યથી સાવ વિમુખ બની ગયું છે.

ગુજરાતમાં ભાર વિનાનું ભણતરે પ્રાથમિક શિક્ષણમાં ઘણી સફળતા મેળવી, પરંતુ માત્ર સરકારી શાળાઓમાં જ. આ પદ્ધતિ અને તેના ઉપર થયેલાં અણમોલ સંશોધનોની રાષ્ટ્રીય કક્ષાએ નોંધ લેવાયેલી. જો કે ખાનગી શાળાઓમાં સરકારનું નિયમન લગભગ શૂન્ય હોવાના કારણે તે યોગ્ય રીતે પ્રવેશી ન શક્યું.

સરસ રીતે ચાલતા આ ભણતરને એક ઉચ્ચ અધિકારીએ અણસમજમાં પછાડ્યું. તેણે રાષ્ટ્રકક્ષાનાં એક ચાલાક શિક્ષણવિદ સાથે થોકબંધ પૈસા સાથે શિક્ષણનાં કરાર કર્યા. પરિણામે ઊલટું આવ્યું. આજે એ ઉચ્ચ અધિકારી અને એ શિક્ષણવિદનો ક્યાંયે પત્તો નથી. શિક્ષણનાં એક બીજા ઉચ્ચ અધિકારીને, ભાર વિનાનું ભણતર એ શબ્દ બહુ ગમી ગયેલો. તેણે તેનો ઉપયોગ પોતાની સત્તામાં આવતાં માધ્યમિક શિક્ષણ માટે કર્યો. ત્યાં પણ ઊલટું જ પરિણામ આવ્યું. ભાર વિનાનું શિક્ષણ પાર વિનાનું બની ગયું અને વગોવાયું. બાળકો આપઘાત કરવાં મજબુર બન્યાં. કરોડો બાળકોનું અને સમગ્ર ગુજરાતનું અહિત થયું.

ચાલાકીપૂર્વક ઘુસાડેલા પાર વિનાનાં શિક્ષણનો ભાર દફતર ઉપર પડ્યો. ભારેખમ દફતર બાળકનાં પગના તળિયાથી માંડી તાળવા સુધી પારાવાર નુકસાન પહોચાડી રહ્યું છે. આ ચિંતા દેશનાં ૧૫૦૦૦ જેટલાં બાળરોગ નિષ્ણાત ડૉક્ટરો કરી રહ્યાં છે. પણ સાંભળે કોણ ? દફતરનું વજન બાળકનાં વજનનાં દસમાં ભાગનું હોવું જોઈએ. આટલી અમસ્તી હકીકત નીતિ ઘડવૈયાઓ સમજી શકતાં નથી.

પૂજ્ય બાપુએ રાગ માલકોશ અને રાગ દરબારીની મજા કરાવી. આજે તો શિક્ષણમાં સંગીતનું સ્થાન જ રહેવા દીધું નથી. સંગીત વિનાનું શિક્ષણ એ ટહુકા વિનાનાં મોર સમાન છે. સંગીત વિદ્યાર્થીઓમાં માનવીય મૂલ્યોનું સ્થાપન કરે છે. સંગીતની આ મહાનતા અને ગહેરાઈ છે. તે સત્ય પ્રેમ કરૂણાની જન્મદાત્રી છે. તેની પાલક છે. સંગીત એ હૃદયનું શિક્ષણ છે. શાળાઓમાં પ્રાર્થના પણ સંગીતનો જ એક મહત્ત્વનો ભાગ છે. આજે સારી પ્રાર્થના કરતી શાળાઓને ગોતવા જવી પડે તેમ છે.

શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓમાં સત્ય પ્રેમ કરુણાનાં સ્થાપન માટે સંગીત ઉપરાંત કલા, કાવ્ય, રમત, સંસ્કૃત અને પ્રવાસનું પણ એક આગવું સ્થાન છે. આજે તો આપણું શિક્ષણ ઊલટી દિશામાં જ ફંટાઈ ગયું છે. આજનાં ગોખણીયા શિક્ષણ થકી માનવ નહિ માત્ર રોબોટ પેદા કરી રહ્યાં છીએ.

પૂજ્ય મોરારીબાપુ હ્રસ્વઈ અને દીર્ઘઈનાં કારણે

હાસ્યાપદ બનતાં શિક્ષણની અસરકારક વાત કરી. સત્ય હકીકત એ છે કે ભલભલા સાહિત્યકારો પણ હ્રસ્વઈ અને દીર્ઘઈની ભૂલભૂલામણીનાં ગોટે ચડે છે. તેઓએ પણ સાચી જોડણી લખવા માટે શબ્દકોશનો સહારો લેવો પડે છે. આમાં વિદ્યાર્થીઓ બિચારો શું કરે ? આપણી માતૃભાષા નબળી પડી રહી છે તેનું આ પણ એક મુખ્ય કારણ છે.

પૂજ્ય બાપુએ વેદનાપૂર્વક ભ્રષ્ટાચારની વાત કરી. ભ્રષ્ટાચારે માઝા મૂકી છે. રાજકુમારીની જેમ દિવસે ના વધે તેટલો રાત્રે વધે છે અને રાત્રે.....સહુ કોઈ ભોગ બની રહ્યાં છે. સહુ લાચાર છે. કાયદા છે પણ તેના ચુકાદા માટે કોર્ટમાં વર્ષો લાગી જોય છે. સમાજને લૂણો લાગી રહ્યો છે.

વિશ્વમાં આજે ફિનલેન્ડ નોર્વે સિંગાપોર જેવાં કેટલાયે દેશ ભ્રષ્ટાચારથી લગભગ મુક્ત છે. ત્યાં વિશ્વ કક્ષાનું શ્રેષ્ઠ શિક્ષણ છે. શિક્ષણમાં ભારતનું ક્યાંયે સ્થાન નથી. આ દેશોમાં શિક્ષણ તેની માતૃભાષામાં જ છે. ભ્રષ્ટાચારથી મુક્ત રહેવામાં માતૃભાષા કેટલી મૂલ્યવાન છે તે આ દેશો પાસેથી શીખવા જેવું છે. વેપારી માનસધારી સંચાલકોની માયાજાળ આપણને રામરાજ્ય તરફ જવામાં અડચણરૂપ બની રહ્યાં છે.

આમ છતાં ગુજરાત એક બાબતે જરૂરથી ગૌરવ લઈ શકે તેમ છે. વિશ્વમાં શિક્ષણ ક્ષેત્રે અગ્રણી દેશોનું શિક્ષણ અને લોકભારતી સણોસરાના શિક્ષણની વચ્ચે ગહેરો સંબંધ છે. ઘણી સામ્યતા છે. આ એક સત્ય છે. લોકભારતી ગાંધીબાપુના બુનિયાદી શિક્ષણનું સર્વ શ્રેષ્ઠ સ્થાન છે. પૂજ્ય નાનાભાઈ અને દર્શકની તપોભૂમિ છે. ગુજરાત નસીબદાર છે કે ગુજરાતમાં કંઈ નહિ તો આશરે બસો ત્રણસો જેટલી બુનિયાદી શિક્ષણની સારી સંસ્થાઓ છે. રામરાજ્યનો માર્ગ અહીં સમાયેલો છે.

બાપુ, આપ યુવાન માટે નવજીવન બક્ષે તેવી શિબિર યોજવાનું વિચારી રહ્યાં છો. આ વાત ખૂબ જ સ્પર્શી ગઈ.

આ શિબિરમાં પૈસો નહિ પણ સેવા જેનો મંત્ર છે તેવાં યુવા સંચાલકો અને શિક્ષણશાસ્ત્રીઓ, યુવા બહેનો, માતૃભાષા સંસ્કૃત અને સંસ્કૃતિ જેનો શ્વાસ છે તેવાં યુવા સંત મહાત્માઓ, ભ્રષ્ટાચારથી મુક્ત રહી શકેલા અલ્પ અધિકારીઓને આ શિબિર સ્પર્શી જાય તે રામસેતુ બની જાય.

પૂજ્ય મોરારીબાપુને લોકભારતી સણોસરા અને પૂજ્ય ગાંધીબાપુ બહુ જ પ્રિય છે. બાપુની યુવા શિબિર લોકભારતીમાં યોજી શકાય તો સોનામાં સુગંધ ભળશે. પ્રાર્થના કરું છું.

શ્રી કિશોરીલાલ મશરૂવાળા જેવાં મહાન ચિંતકે કહ્યું છે કે આપણે યુગોથી આપણા મૂળભૂત તત્ત્વને ગુમાવી બેઠા છીએ. આપણે મન, ઘરકી મુરગી દાલ બરાબર છે. આજે પણ આપણે ગુલામી માનસથી જીવી રહ્યાં છીએ. ત્યારે બાપુની શિબિર વિશ્વ માનવ માટે ઝંખતી આપણી માનવતાસભર સંસ્કૃતિને જરૂરથી ઉજાગર કરશે.

પૂજ્ય મોરારીબાપુને એક વિનંતી છે. બાપુ, આ શિબિર પછી આ નવયુવાનોને ફિનલેન્ડ જેવાં અગ્રણી દેશોની યાત્રાએ લઈ જઈ શકે તો વધુ સારું. જ્ઞાન સાથે અનુભવ ભળશે. ગુજરાતનાં દોઢ કરોડ વિદ્યાર્થીઓનું અને ગુજરાતનું મંગલ થશે.

રામનવમી, તા.૦૫-૦૪-૨૦૧૭

●---------●●●--------●●●---------●

**(અનુસંધાન પાના નં. ૩૩૭ ઉપરથી)**

શોધવા મથતી આજની પેઢીને બાપુ કેવું જુદું જ દિશા દર્શન કરાવે છે !

આમાં પાછી મજાની વાત તો એ છે કોઈ જુવે કે ન જુવે, બાપુ એમનું કામ કર્યે જાય છે. અનેક નૂતન વિચારો અને ઘટનાઓને ધ્યાનમાં લેતાં એવુ સમજાય છે, અનુભવાય પણ છે કે પ્રસિદ્ધ એમનું ચાલકબળ નથી, પ્રીતી અને પ્રતીતિ એમને શ્રોતાઓ યથામતિ, યથાશક્તિ એમનાં વિચારોને જીવવાની કોશિશ કરે છે. આપણા રોજિંદા જીવનને સ્પર્શતી અનેક વાતો માટે બાપુ તરફથી જ્યારે આવા સનિષ્ઠ પ્રયાસો થાય છે ત્યારે તેને જોવા-સમજવા અને તેની યોગ્ય રીતે મુલવણી કરી સમાજ સમક્ષ મુકવાની ખેવના પણ ન કરીએ તો આપણે સમાજના એક જવાબદાર અંગ નથી તેમ તો કહેવું પડે. તેથી હજુયે તક છે અને આપણે પણ આત્મખોજ કરીએ કે ક્યાંક ચૂકી તો નથી જતાં ને?

- જયદેવ માંકડ

૧૧/૧૨/૨૦૧૭

શુભેચ્છા સહ...... રજી. નં. : સા-૨૪૭૦ તા. ૩-૮-૧૯૯૧

# શ્રી આરાધના અર્બન કો-ઓ. ક્રેડિટ સોસાયટી લિ. સુરત.

૧૨૮-૧૨૯, સુપર ડાયમંડ માર્કેટ, મીની હિરા બજાર પાસે, વરાછા રોડ, સુરત-૬. ફોન : (૦૨૬૧) ૨૫૪૩૬૦૫

E-Mail : aradhanaurban@gmail.com

## તા. ૩૧-૦૩-૨૦૧૭ ના રોજની સોસાયટીની માહિતી

| | | | | | |
|---|---|---|---|---|---|
| અધિકૃત શેર ભંડોળ | રૂા. | ૬૦,૦૦,૦૦૦/- | રોકાણ | રૂા. | ૧,૫૫,૯૦,૦૩૦/- |
| ભરપાઈ શેર ભંડોળ | રૂા. | ૫૩,૦૬,૬૦૦/- | ધિરાણ | રૂા. | ૬,૪૫,૩૧,૬૨૦/- |
| રીઝર્વ અને અન્ય ફંડ | રૂા. | ૨,૩૮,૦૧,૭૯૬/- | થાપણો | રૂા. | ૪,૪૭,૪૨,૯૯૭/- |

સભાસદ સંખ્યા :- ૨૮૦૩ ધીરાણ લેનાર સંખ્યા :- ૮૬૨ ઓડિટ વર્ગ :- 'અ'

## -:: સોસાયટીની વિવિધ પ્રવૃતિઓ ::-

:: સંસ્થાનું તમામ કામકાજ સંપુર્ણ કોમ્પ્યુટરાઈઝડ પદ્ધતિથી કરવામાં આવે છે.
:: સંસ્થા દ્વારા સભાસદોને રૂ. ૧ લાખ થી ૧૫ લાખ સુધીનું ધિરાણ આપવામાં આવે છે.
:: સભાસદોને જીવન જરૂરીયાત, વાહન, ફોરવ્હિલ, ફીક્ષ ડિપોઝીટ સામે તેમજ મશીનરી ધિરાણ આપવામાં આવે છે.
:: સભાસદોના તેજસ્વી બાળકોને પ્રોત્સાહન ઈનામો આપવામાં આવે છે.
:: સભાસદોને રૂ. ૫૦,૦૦૦/- નું અકસ્માત વીમા કવચ આપવામાં આવે છે.
:: સોસાયટીના લોન ખાતેદારોને રૂ. ૫૦,૦૦૦/- નું જીવન વીમા કવચ આપવામાં આવે છે.

### લોન માટેની અન્ય આકર્ષક યોજનાઓ

- અનાજ ખરીદવામાટે રૂા. ૫૦,૦૦૦/-
- રોકડ ધિરાણ રૂા ૧,૦૦,૦૦૦/- તથા રૂા. ૨,૦૦,૦૦૦/-
- મકાનનો માળ કે સામાજીક પ્રસંગ માટે ફાઈલ કે દસ્તાવેજ સામે રૂા.૫,૦૦,૦૦૦/-
- ટાઈટલ સાથે દસ્તાવેજ હશે તો રૂા. ૧૫,૦૦,૦૦૦/-
- ટુ વ્હીલર અને કાર લોન ઓછા વ્યાજના દરે રૂા. ૧૫,૦૦,૦૦૦/- સુધી

### બચત માટેની અન્ય આકર્ષક યોજનાઓ

**મંથલી રીકરીંગ**

જેના પર FDની મુદ્દત પ્રમાણે વ્યાજ મળવા પાત્ર છે.

====================

**સામાન્ય બચત ખાતું**

ઓછામાં ઓછા રૂ.૧૦૦ ભરી ખાતુ ખોલાવી શકાશે તેમજ રકમ ઉપાડી શકાશે.

### FD/મંથલી રીકરીંગનાં દર

| મુદ્દત | વ્યાજ દર |
|---|---|
| ૩૦ દિવસથી ૧ વર્ષ | ૬ ટકા |
| ૧ વર્ષ થી ૨ વર્ષ | ૭ ટકા |
| ૨ વર્ષ થી ૩ વર્ષ | ૮ ટકા |
| ૩ વર્ષ થી ૮ વર્ષ | ૯ ટકા |

**૮ વર્ષે બમણાથી વધુ**

| પ્રમુખશ્રી | ઉપપ્રમુખશ્રી | માનદ્ મંત્રીશ્રી |
|---|---|---|
| શ્રી ધીરૂભાઈ એન. ધેવરીયા | શ્રી પ્રવિણભાઈ બી. ડોબરીયા | શ્રી ગોરધનભાઈ આર. લાઠિયા |

### -:: બોર્ડ ઓફ ડિરેક્ટરર્સ ::-

| | |
|---|---|
| શ્રી કાનજીભાઈ આર. ભાલાળા | શ્રી ખીમજીભાઈ ડી. વાઘાણી |
| શ્રી ભવાનભાઈ બી. નવાપરા | શ્રી નરેન્દ્રભાઈ એમ. કુકડીયા |
| શ્રી પ્રભુદાસભાઈ ટી. પટેલ | શ્રી બાબુભાઈ આર. લાઠિયા |
| શ્રી જગદિશભાઈ પી. પટેલ | શ્રી અરવિંદભાઈ આર. કાકડીયા |
| શ્રી રમેશભાઈ પી. પટેલ | શ્રી જીગ્નેશભાઈ એમ. નવાપરા |
| શ્રી અરજણભાઈ એસ. સવાણી | શ્રી ઘનશ્યામભાઈ એમ. લાઠિયા |

## (૦૭) આપણા પછી - ખેતીમાં આપણા અનુગામી કોણ ?

- હીરજી ભીંગરાડિયા

"તમે બાપા ખેતી તો ખરાખરની જમાવી હતી. બળદિયાની બે બે જોડી, ચચ્ચાર દુજાણાં, કૂવા, પાઈપલાઈનો, મશીનો, ખેતીના સાધનો, મકાનો, સાથી-દાડિયા અને તમારી માણકી ઘોડી-બધું સંકેલાઈ ગયું? અઢાર જણા તો એકચૂલે રાંધી ખાતા હતા ત્યાં તમે બે ડોહલા જ રહ્યા ? કેમ તમારા પછી તમારી આ ખેતીને આવીને આવી જીવતી રાખી શકે અને રસથી સંભાળી શકે તેવો તમારો જણ તમે તૈયાર ન કર્યો ?"

આવો સવાલ મેં જેમની ખેતી જોઈ "વાહ ભૈ વાહ! " કહેવાઈ જતું એવા ખેતીની સાથે ઓતપ્રોત થઈ ગયેલા જેટલા જેટલાને પૂછ્યો છે, તે બધામાંથી ૮૦ ટકાના જવાબો એવા મળ્યા છે કે "મારી તો હજીએ ઘણી ઈચ્છા છે કે મારા પછી મારો એકાદ દીકરો અને એ નહીં તો એનો એકાદ દીકરો આ ખેતી સંભાળવા આવી જાય. પણ મારા બેટા કોઈ આ બાબતે કાનહોરો જ દેતા નથી ને ! કોણ જાણે કેમ પણ ખેડ્યથી બધા આઘા જ ભાગે છે."

અને વાત ખરેખર સાચી છે હો ! સામાન્ય રીતે આજે ગામડામાં મોટાભાગના ખેડૂત કુટુંબોમાં દાદા-દાદીનું એક જોડકું ગામ માહ્યલી મકાન-મિલ્કત અને સીમ અંદરના ખેતર-વાડી સાચવીને બેઠું છે. ખેતર-વાડીનું કામકાજ કોઈને ભાગમાં આપી દઈ, આંટોફેરો મારે છે અને બાર મહિને ભાગિયા દ્વારા જે કંઈ ઉપજ મળે તેને "માંગલિક" માની હાશકારો અનુભવે છે. જે આંગણે બે-બે ભેંશો દૂઝતી અને ગાયના ગોધલા તેના જનમથી જ ઉછેરાતા ત્યાં દૂધ કળશ્યામાં વેચાતું અને છાશ તપેલીમાં માગી લાવી ચા-પાણી અને બપોરા-વાળુનું રોડવી લે છે. પોતાને દુઝાણું રાખવું મહેનત કરવા બાબતે સાલ્ય સામે એમ નથી; કારણકે બેમાંથી એકેયથી હવે શરીરશ્રમ થાય તેમ નથી.

જો હજુ થોડા વરસો ખેતી પ્રત્યે આવીને આવી અવહેલના કરવામાં આવશે તો આવતા વરસોમાં માત્ર જમીનના માલિક બની રહેવું હશે તો પણ મજૂરોને-બાર મહિને વાડી-ખેતરમાં જે કંઈ ઉપજ આવે તે એની, અને વાડીએ વસી રહી, મિલ્કત સાચવવાના જ તે કહે તેટલા રૂપિયા ઉપરિયામણ આપવાના આવશે. જે વ્યવસાય પેઢીઓથી ખેડૂત કુટુંબોની આજીવિકાનું સંતોષપ્રદ સાધન રહ્યું છે તે ખેડૂતોના હાથમાંથી ક્યારે સરકી જશે તેનો ખ્યાલ ખુદ તેમને પણ રહેવાનો નથી, એવું ભયંકર સ્વપ્નું મારી નીંદ હરામ કરી રહ્યું છે.

**પ્રશ્ન મારે આમને કરવો છે** - ભલેને હોય ગણ્યાગાંઠ્યા, પણ ખેડૂતો ખેતી વ્યવસાયને ખૂબ ઊંડાણથી સમજીને તથા તેમાં દિલનો રંગ રેડીને કરી રહ્યા છે, ખેતીમાં કરવામાં આવતા જરૂરી કામોની સાથે સાથે આ કુદરત સંચાલિત ખેતી અભિગમ પ્રત્યેની એક નિષ્ઠા, અને એના પ્રત્યે તાદાત્મ્યભાવ જે દેખાડી રહ્યા છે, ખેતી એક પાયાનો અને પ્રામાણિક ધંધો છે તેવું પામી શક્યા છે, અને ખેતીમાં ઊભા થતાં સાંપ્રત પડકારો સામે સલુકાઈથી રસ્તાઓ શોધી, પ્રમાણમાં ઘણૂં અને ગુણવત્તામાં પણ ઉત્તમ એવું ઉત્પાદન મેળવવા મથી રહ્યા છે અને ખેતીને જે રીતે જીવતી રાખી રહ્યા છે. સાથે સાથે શ્રમ, સાદગી અને સ્વતંત્રતાવાળું ઊંચા મસ્તકે જીવન જીવી રહ્યા છે અને બીજા કેટલાય ધંધાર્થી ભાઈઓને ધડારૂપ હુંફ પૂરી પાડી રહ્યા છે તેવા ચુનંદા મરજીવાઓના હૃદય સુધી પહોંચી એમની પાસેથી તટસ્થ ભાવે વિગત જાણવી છે કે તેમના પછી તેમનો આ ધંધાકીય કારાભાર સદાબહાર ચલાવી શકે તેવો અનુગામી કોઈ તૈયાર કરી વાળ્યો છે ? કે હવે પછી તૈયાર કરવાની પેરવીમાં છે ? આ બાબતે ન જ વિચાર્યું હોય તો આ ધંધાને આપણા પછી શું કોઈ વેચી મારવાના મૂડમાં છીએ કે વીંખી નાખવાની ગણતરી છે  કંઈક તો આયોજન હશે જ ને!

**'કામ' નહીં પણ 'ફરજ' નો જ એક ભાગ** - એક વાત તો નક્કી જ છે કે બીજા ઘણા બધાની જેમ આપણે

ખેતી છોડી ભાગ્યા નથી. જે કંઈ પરિસ્થિતિઓ છે તેમાંથી કેમ રસ્તો કાઢવો તેની મહેનત લીધી છે અને મહેનતના પ્રમાણમાં ઠીક ઠીક એવા પરિણામ પણ મેળવ્યા છે. બીજા ધંધાની જેમ 'ખેતી' પણ કરવા જેવો વ્યવસાય છે તેવુ ચિત્ર ઉપસાવી શક્યા છીએ ત્યારે ભેગાભેગું આ ધંધો લાંબું જીવે એવું વિચારતા હોઈએ તો એક જાગૃત ખેડૂત તરીકે, જેમ વર્તમાન સમયના સંકટોમાં માર્ગ શોધન કરતા હોઈએ છીએ અને એની જાણ બીજાને પણ ઉપયોગી બને એ હેતુથી કરતા હોઈએ છીએ તેમ, ખેતી પર આવતા દિવસોમાં તોળાઈ રહેલ સંકટ અને ઊભા થનારા પ્રશ્નોમાં પણ આગોતરી ચિંતા સેવી, આવનારા દિવસો પણ સારી રીતે પસાર થાય તેવું વાતાવરણ ઘડવા અગાઉથી આયોજન આપણે નહીં કરીએ તો બીજું કોણ કરવાનું છે ભાઈ!

કોઈપણ શિક્ષણ-સંસ્થા તો જ એવું હીર કાયમ દેખાડી શકે જો સમયે સમયે તેના સંચાલનને લગતાં સક્ષમ અનુગામીઓ તૈયાર થતા રહે. ખેતી તો સંસ્થા સંચાલનથી પણ વધુ કુશળ એવા વ્યવસ્થાપકની માગ કરતી હોય છે, એટલે 'અનુગામી' તૈયાર કરવાની બાબત એ માત્ર અગત્યનું કામ નહીં પણ આપણી જવાબદારીવાળી ફરજ બનવી જોઈશે.

ખેતીમાં ઊભાં કરેલા મૂલ્યોનું બરાબર જતન કરીને એવી ખેતી કરી શકે કે જેથી કુદરતી સ્રોતોનું ધોવાણ અટકે, માપસરના ખર્ચથી ઉત્પાદન પણ સારું અને નરવ્યું, વાપરનારને પણ સુખાકારી બને તેવું મેળવે. પોતે સુખી અને સમૃદ્ધ થાય અને રાષ્ટ્રને પણ બનાવે તેવા બાહોશ અનુયાયીઓ નહીં ઊભા કરીએ તો આપણે કંઈ 'અમરપટો' લઈને તો આવ્યા નથી જ ! એક દિવસ આપણું શરીર પણ થાકવાનું જ છે અને આજ-કાલ કરતા આપણોય સમય પૂરો થઈ જશે આ કામ ક્યાંક બાકી ન રહી જવા પામે તેય જોવું જોઈશે ને ?

**બહુ અગત્યના છે 'વારસો' અને 'વાતાવરણ'** - સુથાર-લુહારનાં બાળકો નાની એવી છીણી-હથોડી લઈ કંઈ પતરાં-ચૂંકું કાપતાં, વાંકુ સીધું કરતાં અને કુંભાર હોય તો માટીના અલગ અલગ ઘાટના લોટક્યા, તાવડી, ભંભોટિયા, કોડિયાં બનાવતાં ભળાશે. દરજીનાં બાળકો કાતર લઈ કટ કટ કાગળ-કાપડનાં જુદાં-જુદાં ઝબલાં-ટોપી વેતરવાનું, અને ઓડ-કડિયાનાં બાળકો માટી-ગારા સાથે ઘર ચણવાની મહેનત લેતાં ભળાશે.

તમે બરાબર નિરીક્ષણ કરજો ! બાળકો ખેડૂતના હોય તો બે છોકરા (જાણે જે બળદિયા) ને એક એક હાથના કાંડે દોરી બાંધી, એક લાકડીના કટકાનો એક એક છેડો (ધૂંસરી બનાવી) પકડાવી, વધુ જીવરો એક છોકરો 'ખેડૂત' બની એ બન્નેની સળોંઢ દોરી (રાશ) પોતે પકડી ''હાલોમારા બાપલા ! હારો મારા ધોળિયા-કાળિયા ! અરે, વળ....વળ... પાધરો.....પાધરો'' બોલતા 'ગોધલા-ખેડૂ'ની રમત રમતા નિહાળશો જ ! બાળકોની રમતમાં તેમના કુટુંબનાં ધંધાનું આબેહુબ પ્રતિબિંબ એટલા માટે જોવા મળતું હોય છે કે તેને જન્મજાત સંસ્કારો આ વ્યવસાયના મળેલા છે

**આપણે 'ટપાકા'નું નહીં-'રોટલા' નું કામ છે**- એટલે જ્ઞાતિ ગમે તે હોય, પણ જો ખેતી કરતા કુટુંબમાં જન્મેલ અને ઉછરેલ વ્યક્તિ આપણા વારસદાર તરીકે પસંદ થાય તો કાર્યકુશળતા વધારે ઝડપથી સાબિત કરી શકે. અને એ જો નાની ઉંમરથી ખેતીમાં રસ ધરાવતી વ્યક્તિ હોય તો તેને કૉલેજ કક્ષા સુધી ખેતીવાડીનો અભ્યાસ કરાવવાની તક ઊભી કરાય તો તો સોનામાં સુગંધ મળ્યા જેવું થાય ! 'વારસો' અને 'વાતાવરણ' બન્નેનો એને મેળ પડી જાય!

એટલે આપણો નાનોભાઈ, દીકરો કે દીકરાનો દીકરો, અને ! સબંધીમાંથી કોઈ જેના માવતર ખેતી કરતા હોય તેવો જણ ખેતી કરવા રસ દેખાડે તો એના જેવું રૂડું બીજું એકેય નથી...ખાટલે મોટી ખોટ એ પડવા માંડી છે કે તેના આ 'પાયા' જ નબળા પડવા માંડ્યા છે, ખેડૂતના છોકરા 'ખેડૂત' થવામાં રાજી નથી ત્યારે ખેતીનો આ વારસો સંભાળશે કોણ ?

**જે ગાયો ચરાવે તે ગોવાળ** - આમ ગણો તો ચોરાનો વંશ કદિ જતો નથી! કહે છે કે કોઈના વિના કોઈનું અટકી પડતું નથી. સમય સમયનું કામ કરે જ છે. પણ આવનારા

**(અનુસંધાન પાના નં.૩૫૪ ઉપર)**

કાંઈ પણ કરવામાં જોખમ રહેલાં છે
પણ કશું ન કરવામાં એથીયે મોટાં જોખમ છે.

– શર્લી વિલીઅમ્સ

: સ્થાનસમર્પિત :




આકાશમાં ઉડ્ડયન કે જળ પર પગલાં એ ચમત્કાર નથી.
ધરતીપટ પર ચાલવું એ ચમત્કાર છે.

– ચીની કહેવત

: સ્થાનસમર્પિત :



## (૦૮) વાસ્તવને આદર્શમાં પલટવાની મથામણઃ દિનકર દવે

- મનસુખ સલ્લા

દિનકર દવે(જ.તા. ૨૦-૮-૧૯૩૯) હવે આ દુનિયામાં નથી એ સમાચારે મને ઘડીભર હલાવી મૂકયો. દિનકર સાથે ૫૮ વર્ષનો સંબંધ. તેઓ ચુડાના કપાસના વ્યાપારી, ગર્ભશ્રીમંત કુટુંબનું સંતાન. પરંપરા અને મોકળાશનું કુટુંબમાં અજબ મિશ્રણ. મોટું કુંટુંબ, વિશેષતા-મર્યાદાઓની સહોપસ્થિતિ છતાં સૌ પ્રેમના તાંતણે પરોવાયેલાં.

બુદ્ધિ ઘણી, પણ ભણવામાં ઊગી નહિ. મિત્રોને કારણે વિજ્ઞાનપ્રવાહ લીધો, એગ્રીકલ્ચર કોલેજમાં પણ આંટો મારી આવ્યા, ઠર્યા લોકભારતીમાં. પરીક્ષાના માર્કસે તેમને કદી ન વટલાવ્યા. પાસ થઈ જવાય એટલે બસ. વાંચવું ઊંડાણથી, વિચારને પામવો, પ્રશ્નોને વિવિધ રીતે તપાસવા, અપાર વાતો કરવી અને સમજને વ્યાપક કરવી એ તેમનો મુખ્ય વિષય. એમાં દાદા ધર્માધિકારીનું 'વિચારક્રાંતિ' ગાંધીની અહિંસાની વિભાવના, ભોગીલાલ ગાંધીનું 'વિશ્વમાનવ' અને સર્વોદય વિચારનું 'ભૂમિપુત્ર' તેમના પ્રિય આધારો. ગાંધીને વિનોબાની નજરે સમજે. કવિતા-વાર્તાનો આસ્વાદ ગમે એમ જમીનવિજ્ઞાન અને ગ્રામઅર્થશાસ્ત્ર પણ ગમે. મનુભાઈ પંચોળી અને મૂળશંકરભાઈ ભટ્ટને નિરાંતે ઓળખે. વિચારમાં કાંઈક વિશિષ્ટ એવા અધ્યાપક સાથે રાત ઊજાગરા કરીને ચર્ચાઓ કરે. અતિથિવક્તાઓ સાથે ચર્ચાની તર મળે એ માટે મહેમાન સરભરામાં પણ ગોઠવાય. મધમાખીની જેમ બધા પ્રકારની વ્યકિતઓ પાસેથી મધુ મેળવ્યું એ એમનું 'સ્નાતક' થવું.

સહાધ્યાયીઓની મર્યાદા જાણે, પણ ચાહે બધાંને. પોતે કાંઈ લખે નહિ, પણ બીજાએ લખ્યું હોય તે, ઉમળકાથી કદર કરે. એ કાળે લોકભારતીમાં સાહિત્ય સપ્તાહ ઉજવાતા. ટાગોર, શરદબાબુ, ગાંધીજી વિશે અઠવાડિયા સુધી વકતવ્યો, સ્વાધ્યાય, ગીતો, નાટકો, પ્રદર્શન યોજાય. એ જ અભ્યાસક્રમ. મારે 'ગાંધીજી અને વિશ્વશાંતિ' વિષય પર નિબંધ તૈયાર કરી મગનભાઈ દેસાઈની હાજરીમાં રજૂ કરવાનો હતો. અમે બીજા વર્ષમાં. દિનકર લાયબ્રેરીમાં ખાંખાખોળા કરે, આધોર શોધે, મૂળશંકરભાઈ-મનુભાઈને મળવામાં સાથે રહે. ૧૫ દિવસ આ એક જ રટણા. હું સરસ રીતે રજૂ કરી શકયો અને પોરહાય દિનકર. બીજાની સફળતાને પોતાની હોય એમ માણે. એમને કોઈની ઈર્ષા કરતાં જોયા નથી. અમારો સંબંધ લોકભારતીના અભ્યાસકાળે બંધાયો, જીવનભર ટકયો. છેલ્લું મળવાનું ખાન મસ્જિદમાં સૂફી મહોત્સવ થયું. શરીર ઘસાયું હતું, ઉત્સાહ અખંડ હતો.

દિનકરે જીવનભર અનેક ઊથલઘડા કર્યા. પોતાની શકિત અને સંબંધનો વાજબી હિસાબ આપ્યો. તેમણે આગેવાની ભાગ્યે જ લીધી. કાયમ પડદા પાછળ રહ્યાં. લોકો સાથે ભળી જવાની. તેમનો વિશ્વાસ સંપાદન કરવાની તેમની આગવી હથોટી હતી. જયાં હોય ત્યાં અનેક ઓળખાણો સહજ રીતે થાય. એમનો સ્થાયીભાવ સહન કરનાર માટે સંવેદનાનો. એ સંવેદના તેમને અનેક કાર્યોમાં, પ્રવૃત્તિઓમાં લઈ ગઈ. કામ કરવા જેવું લાગે તો એમાં સો ટકા ઝંપલાવે. એ વખતે એના જ વિચારો. એની જ વાતો એ કામથી ફાટફાટ થતા હોય. મૂળે જીવ સ્નેહનો, લોકભારતી, ગાંધી અને વિનોબાની કલમ ચડી એટલે સંવેદના સામાજિક નિસ્બતમાં પલટાયેલી.

સ્નાતક થયા કે દર્શકે એમને વિસ્તરણ વિભાગ માટે રોકી લીધા. દર્શકે કહેલું,'દિનકર જેવા લોકોને સમજાવનારા સ્નાતકો વધુ પાકવા જોઈએ.' વનસ્થલીમાં નવી ઉત્તર બુનિયાદી સ્થાપવાની હતી, તો ત્યાં પહોંચ્યા. પલાંઠીવાળીને બેસવાનો સ્વભાવ નહિ, એટલે વેડછી પ્રદેશ સેવા સમિતિની માટીનાં સસ્તા ઘરની યોજનામાં એક દિવસ જોડાયા. ગામડાં ખૂંદે, લોકોને મળે, તૈયાર કરે. એમાં ભોજન કે ઘર ભૂલાઈ જાય એવું પણ બને. પરંતુ પત્ની જયાબહેને એમને કાયમ સાચવ્યા. એ ગાળામાં મળતાં લાગતું કે માટીનાં ઘર બનાવવાં એ એક માત્ર ઉત્તમ કામ હતું તેમની નજરે. નર્મદા બંધ અને મેઘા પાટકરનો મુદ્દો

સ્વીકાર્ય લાગ્યો તો એમાં પણ ઝંપલાવ્યું. જે કામ સ્વીકારે તે પોતાનું ગણીને કરે. બધી કામગીરીનું અનુસંધાન સામાન્ય-છેવાડાના-સહન કરતા માણસ સાથે. એટલે એમનો ભીખુ વ્યાસ, ઈન્દુકુમાર જાની, ઝીણાભાઈ દરજી સાથે મેળ મળે. રાજેન્દ્ર-રૂપલ, ભાનુભાઈ મિસ્ત્રી, કીર્તિ શાહ સાથે સહયોગ થઈ શકે.

સેવા રૂરલમાં સ્થાપક ટ્રસ્ટી પ્રારંભે સીધી ભાગીદારી કરી. મોટાભાગના સહાધ્યાયીઓ હતા. મિત્રો કરતાં દિનકરનો ઉત્સાહ વધુ. જમીન મેળવવી. મેડિકલ સર્વિસ, એનું વિસ્તરણ, ગ્રામટેકનોલોજી, કાર્યકરો તૈયાર કરવા એ દિનકરના પ્રિય સ્વપ્નાં. એમાંથી જમીન તરફ વળ્યા. જાતે ખેતી કરવી, પ્રયોગો કરવા, આસપાસના ખેડૂતોની ખેતી સુધારવી એ હૈયા બેઠું તો એમાં લાગી પડયા. ખેડૂતનું જીવન આકરું, પણ એવું જીવવું હતું એની સાથે વિચાર્યું કે આપણે ત્યાં સરસ હાઈવે હોટેલ કેમ ન હોય ? જયાં પ્રવાસીઓ અને ડ્રાઈવરોને સંગીત, પૌષ્ટિક ભોજન અને પોતીકું વાતાવરણ મળે ! અને 'અલખનો ઓટલો' નામે હાઈવે હોટેલ કરી. પગ ધરતી ઉપર ઓછા એટલે ભાગીદારો ગલ્લામાંથી પૈસા કાતરતા હતા તે દેખાયું નહિ, આખરે હોટેલ બંધ કરી. પણ ઉદ્દેશ પ્રવાસીઓ અને ડ્રાઈવરોને હોટેલમાં પણ બધુ ઉત્તમ કેમ મળે એનો. હોટેલ બંધ કરવી પડી એની વાત પણ હસતાં હસતાં કરી શકે.

જમીન સાથેનું જોડાણ આજીવન ટક્યું. બાકી સુગંધી પવન જેવા. જે કામ હાથમાં લે તેમાં સુગંધ પ્રસરાવે. પણ કામ છોડે પછી એ દિશા ભૂલી જવાની. મધુર સ્મરણરૂપે જેટલું રહે તેટલું. હાથ પરના કામમાં પૂરા ઓતપ્રોત હોય અને છોડયા પછી પૂરા નિસ્પૃહ. ખેતી માટે ધોળકામાં સ્થાયી થયા. મકાન પણ બાંધ્યું. બે ખ્યાલ કેન્દ્રમાં હતા. ખેતી સાથે જોડાયેલા રહેવું અને મહાનગર અમદાવાદ સાથે સંકળાયેલા રહેવું. જીપ રાખવી, આવતાં-જતાં રહેવું, પણ અમદાવાદમાં ન રહેવું, કલા-સંસ્કૃતિ-વિચારની પ્રવૃત્તિઓ તો અમદાવાદમાં મળે. એટલે જવું-આવવું. પણ મૂળિયાં ખેતરમાં રાખવાં એ ખ્યાલ દૃઢ.

ધોળકા નિવાસ પછી પણ તેમની નજર બધે રહેતી. યથાશક્ય ભાગીદાર પણ થતા. ખેડૂતોને પોષણક્ષમ ભાવો કેમ મળે, ધોળકામાં વિકાસનાં કાયમી કામો કેમ કરી શકાય તેની યોજનાઓ હોય, સાચું ચારિત્ર્યઘડતર કરે એવું વિદ્યાલય સ્થાપવાનું સ્વપ્ન હોય, કોઈ કવિનો કાવ્યસંગ્રહ પ્રગટ કરવામાં સક્રિય થવાનું હોય, વિકાસને ગામડાં સુધી, છેવાડાના માણસ સુધી કેમ પહોંચાડી શકાય તેની મથામણ હોય, દેશમાં જે.પી.ની મૂવમેંટ હોય કે પછીથી લોકશાહીબળોને ગૂંગળાવતાં આપખૂદ બળોને વિરોધ કરવાનો હોય કે સૂફી સંગીત મહોત્સવનું આયોજન હોય-દિનકર આ સઘળામાં પૂરી નિસ્બત સાથે જોડાય. તેમની નજર ઝીણી, વિશ્લેષણ આરપાર કરે. એમનો આશાવાદ એવો જબરો કે બીજાને કાંઈ શકયતા ન લાગતી હોય ત્યાં તેઓ સ્વપ્નાં જુએ. એને માટે મથામણ કરે.

માતા અને પિતાનો સ્નેહ અને રખાવટનો વારસો એમણે પચાવેલો. એનું જીવનભર વિસ્તરણ કર્યું. ઘણાં કામો કર્યાં, પણ સામાન્ય રહેવામાં તૃપ્તિ અનુભવી. સામાન્ય માણસ સાથે હૃદયાનુસંધાન જાળવીને ભર્યાભર્યા રહ્યાં.

દિનકરનો ખેતી અને ધરતી સાથેનો નાતો મજબૂત થતો ગયો. છેલ્લે હવે પ્રત્યક્ષ કામ નહિ થઈ શકે તેવું દેખાયું ત્યારે પણ ખેતરમાં આંટો મારી આવતા. એમણે ઈચ્છા પ્રગટ કરેલી કે 'મને મૃત્યુ પછી ખેતરમાં ભૂમિશયન આપજો, અગ્નિદાહ ન દેતા.' અમદાવાદમાં લિટરરી ફેસ્ટીવલમાં આખો દિવસ સાંભળ્યું, સૌને મળ્યા અને રાત્રે પાછા ફરતાં ડ્રાઈવરને બે કિલોમીટર ચાલતાં જવું ન પડે માટે (ડૉકટરની મનાઈ છતાં) મોટર જાતે ચલાવીને ઘેર આવ્યા. બીજા દિવસે સવારે (તા. ૦૯-૦૧-૨૦૧૮) પત્ની જયાબહેનની આંખમાં દવા નાખવા માટે શીશી હાથમાં લઈ, ફોનમાં વેવાણને કહ્યું કે 'મારી તબીયતની ચિંતા ન કરતાં'ને માથું ઢળી ગયું. પાંચ-દસ સેકંડમાં લીલા સમેટાઈ ગઈ.

તેમના ખેતરમાં ઊંડે ભૂમિશયન કરાવ્યું ત્યારે વિશાળ પરિવારના સભ્યો અને ગુજરાતના સ્નેહથી સંકળાયેલા અનેક ક્ષેત્રના સ્નેહીઓએ અનુભવ્યું કે દિનકર આમ જ સહજ તાય અને આવું જ વિચારે. તેઓ ધરતીમાં કાયમી પોઢી ગયા ત્યારે લાગ્યું કે જાણે વ્યાપક થવાનું છેલ્લું ડગલું પણ તેમણે ભરી દીધું. એમના જવાથી ખાલીપો ન લાગ્યો, નિસ્બતભર્યું જીવન સહજ પૂર્ણ થવાની સાર્થકતા લાગી.

યથાર્થ જીવવું, આત્મા સાથે તદાકાર થઈને જીવવું,
સકલ સારપ સાથે જીવવું પ્રામાણિક થઈને જીવવું.

– આઈન્સ્ટાઈન


: સ્થાનસમર્પિત :





આપણી મજલનો મુકામ એ કોઈ સ્થળ નથી,
પણ જગતને નીરખવાની નવલ રીત છે.

– હેન્રી મિલર


: સ્થાનસમર્પિત :



## (૦૯) લોકભારતીની ધરોહરસમા જિતેન્દ્રસિંહજી ગોહિલની વિદાય

- પ્રવીણચંદ્ર ઠક્કર

લોકભારતી ગ્રામવિદ્યાપીઠના પ્રથમ બેચ(૧૯૫૬-૫૭)ના સ્નાતક, સંસ્થામાં ગૃહપતિશ્રી માંડીને આચાર્ય તરીકે ૩૭ વર્ષ અખંડ-એકાત્મભાવે સેવાઓ આપનારા જિતેન્દ્રસિંહજી ગોહિલ-જીતુબાપુ ૫ ફેબ્રુઆરીના પંચમહાભૂતમાં વિલીન થઈ ગયા. ઉમરાળા તાલુકાનું ધારૂકા ગામ તેમનું મૂળવતન. પિતાશ્રી મહેસુલી વિભાગમાં થાણદાર(નાયબ મામલતદાર). શ્રી દલસુખભાઈ પટેલ, શ્રી યશવંતભાઈ ત્રિવેદી, શ્રી મુકુંદરાય મુનિ જેવા પાણીદાર સાથીદારો સાથે તેઓ સ્નાતક થયા. તત્કાલીન ધારાસભ્ય જોરસિંહ કવિએ પાલીતાણા પાસે ભૂતડિયા ગામે શરૂ કરેલી લોકશાળાના શિક્ષણકાર્યમાં દલસુખભાઈ, રસિકભાઈ મહેતા સાથે તેઓ સામેલ થયા.

રતિભાઈ અંધારિયાના નિમંત્રણનો સ્વીકાર કરી છાત્રાલય જીનને સમૃદ્ધ બનાવવા, લોકભારતીમાં ગૃહપતિ તરીકેની કામગીરીનો પ્રારંભ કર્યો અને પછી તો સંસ્થાના રૂરલ ઈન્સ્ટિટ્યુટમાં અધ્યાપનકાર્ય, ગૌશાળામાં વહીવટ કે માલધઆરી સહકારી મંડળી સણોસરાના સંયોજન-સંકલનનું જે કંઈ કામ સોંપાય તે પોતાની સૂઝબૂઝ અને સંકલ્પબળથી અદા કરવા લાગ્યા.

૧૯૬૦માં ગુજરાત રાજયની રચના થયાના પછી તુરંત સ્થાનિક સ્વરાજયને સુદઢ બનાવવા, ૧૯૬૧માં પંચાયતી કાયદાનું ઘડતર કરવામાં આવ્યું. તા.૧-૪-૧૯૬૩થી તેનો અમલ શરૂ થયો. પંચાયતની વ્યવસ્થા ત્યારે જ પ્રજાભિમુખ બની શકે જયારે તેના પદાધિકારીઓ-અધિકારીઓને પદ્ધતિસરનું શિક્ષણ અને તાલીમ આપવામાં આવે. આ ઉદ્દેશથી રાજયમાં પંચાયતીરાજ તાલીમ કેન્દ્રોની સ્થાપનાનો નિર્ણય થયો. પ્રથમ કેન્દ્ર લોકભારતીમાં પ્રારંભ કરવા મનુભાઈ પંચોળીને સૂચન કરાતાં ર ઑકટોબર ૧૯૬૩ના તેનો શુભારંભ થયો. દલસુખભાઈ પટેલની આચાર્ય તરીકે નિમણૂંક થઈ. અધ્યાપકીય જવાબદારી જીતુબાપુએ સંભાળી લીધી. દિલ્હી કે હૈદ્રાબાદ તાલીમ કેન્દ્રોમાં નિયમિત નિવાસ કરીને તેઓ પોતાની શૈક્ષણિક સજ્જતા વિકસાવતા રહ્યાં. સરપંચથી માંડીને જિલ્લા પંચાયત પ્રમુખ કે તલાટી-મંત્રીની તાલીમ દરમિયાન સૌ સાથે તેમણે કેળવેલી નિસ્બતને પરિણામે તેઓ સદૈવ સૌના આદરપાત્ર બની રહ્યા.

૧૯૯૧માં નિવૃત્ત થયા પછી છ વર્ષ સુધી પોતાની નિરંતર સેવાઓ આપતા રહ્યા. આ સમય દરમિયાન સણોસરા ગામમાં માધ્યમિક શિક્ષણની આવશ્યકતા પારખીને રતિભાઈ અંધારિયા સાથે રહીને હાઈસ્કુલની સ્થાપનામાં સહકાર આપ્યો, પ્રારંભે ટ્રસ્ટી અને પછી પ્રમુખ થયા. ૧૯૬૩માં સ્થાપિત કાર્યકર સહકારી મંડળીના આદ્યસ્થાપકો પૈકીના તેઓ એક રહ્યા હતા.

તેમના પ્રમુખ ગુણો હતા નિયમિતતા, ચોકસાઈ અને સમલપાલન, ઈનસર્વિસ સેવા બજાવતા અધિકારીઓ જયારે તાલીમ માટે હાજર થાય ત્યારે સ્પષ્ટ અને મકકમપણે તેમને નિયમિત હાજરી આપવાની અને કોઈપણ પ્રકારના વ્યસનમાંથી મુકત રહેવાની સમજણ આપતા. તેમાં કોઈ વાંરવાર ચૂક કરે તો તેને મૂળ સ્થાને પરત મોકલી આપતા કયારેય અચકાતા નહીં. જિલ્લા વિકાસ અધિકારી, ઓડિટર્સ કે કોઈ મુલાકાતી અધ્યાપક આવવાના હોય ત્યારે નિયત સમયે પહોંચી જવાનું તેમને જણાવી દેતાં. લોકભારતીની ગુણગ્રાહી-સર્વાંગી કેળવણીમાં તેમને અપાર શ્રદ્ધા હતી એટલે તેમના સાતેય સંતાનો (પાંચ દીકરી, બે દિકરા)એ સંસ્થામાંથી જ શિક્ષણ પ્રાપ્ત કર્યું.

'લોકભારતી'ને પોતાની જનેતાથી યે વિશેષ ચાહનાર, કાર્યકર કે હોદ્દેદાર તરીકે ધન્યતાનો અનુભવ કરનાર, મિત્રો-શુભેચ્છકોનો અનન્ય સ્નેહ મેળવનાર જીતુબાપુ શાશ્વત સુવાસ પાથરીને દિવંગત થયા છે. તેમનો આત્મા પરમ પ્રસન્નતા, શાંતિ જ પામશે. લોકદક્ષિણામૂર્તિ પરિવારની શ્રદ્ધાંજલિ.

## (૧૦) પરાજયને પડકારો

- રણછોડ શાહ

વર્તમાન સમયનો સૌથી મોટો પડકાર હોય તો તે સમય અને સમજની અભાવનો છે. જીવન અત્યંત સુવિધાસભર બન્યું. અગણિત સગવડો પ્રાપ્ત થઈ. રૂબરુ કે પ્રત્યક્ષ મળ્યા સિવાય પણ આરામથી બે જણ કલાકો સુધી એકબીજાનું સાંનિધ્ય માણી શકે તેવા ઉપકરણો ઉપલબ્ધ બન્યા. ટેકનોલોજીની હરણફાળને કારણે એકબીજાના સંપર્કમાં સતત રહેવાનું સરળ અને સહજ બની ગયું. એકબીજાને મળવું હોય તો મળવાનું અગાઉની સરખામણીએ અત્યંત સહેલું બની ગયું, પરંતુ સ્વજનોનું રૂબરૂ મિલન નગણ્ય બની ગયું. દિવાળી-નૂતનવર્ષે સેંકડો લોકોને મળીને શુભેચ્છા પાઠવવાનો કે આર્શીવાદ પ્રાપ્ત કરવાનો રિવાજ લગભગ અદૃશ્ય થઈ ગયો. આ સમસ્યાનો અજંપો સૌને હોવા છતાં તેના ઉકેલ તરફ લગભગ તમામ લોકો દુર્લક્ષ સેવતા હોય તેમ લાગી રહ્યું છે.

એક કુટુંબ સવારના નાસ્તાનો આનંદ માણી રહ્યું છે. મોટો દીકરો ઉચ્ચ અભ્યાસ અર્થે રાષ્ટ્રીય કક્ષાની સંસ્થામાં ભણવા બેંગલોર ગયો છે. તેને યાદ કરીને મમ્મીએ તેને ભાવતો અને ગમતો ગાજરનો હલવો બનાવ્યો છે. અમદાવાદમાં રહેતા મમ્મી-પપ્પા અને નાની બહેન સવારમાં ઘરની બાલ્કનીમાં બેસીને નાસ્તાનો આનંદ માણી રહ્યા છે. બાળપણમાં ભાઈ-બહેને કરેલી ધીંગામસ્તીને યાદ કરતાં-કરતાં મમ્મીની આંખમાં ખુશીના આંસુ ઊભરાઈ આવે છે.

મોટાભાઈએ નાનપણમાં કરેલી નાની-નાની પજવણીઓને યાદ કરી બહેન પપ્પાને ફરીયાદના રૂપમાં તે વાતોને વાગોળી રહી છે. પપ્પા દીકરો ભણીગણીને પરત આવી કેટલો મોટો સાહેબ બનશે તેના સ્વપ્ના જોવામાં મગ્ન છે તો મમ્મી દીકરાના લગ્ન માંગા આવતા છોકરીઓના મમ્મી-પપ્પા લાઈન લગાવશે તેવી કલ્પનાઓમાં વિહરી રહી છે. આવા આનંદમંગલના સમયમાં જ પપ્પાના મોબાઈલની રીંગ વાગે છે. સામે છેડેથી પુત્રના મિત્રનો રડતો અવાજ સાંભળી પપ્પા ખુરશીમાંથી સડાક કરતા ઊભા થઈ જાય છે અને બરાડી ઊઠે છે કે આવું બને જ કેમ? મમ્મી અને બહેન શું બન્યું છે તે જાણવા એકચિત્તે ફોન પાસે કાન માંડીને સાંભળવા પ્રયત્ન કરે છે.

પુત્રના આપઘાત કર્યાના સમાચાર જાણી કુટુંબ ઉપર આભ તૂટી પડે છે. સૌ એકી અવાજે પોકે પોક મૂકીને રડી પડે છે. હવે શું કરી શકાય તે સમજાતું નથી. સૌ કુટુંબીજનો તેના આપઘાતનું કારણ જાણવા આતૂર છે. પુત્રનો મિત્ર મૃત્યુ નોંધનો ફોટો પાડીને પપ્પાના વોટ્સએપ ઉપર મોકલી આપે છે.

પૂ.પપ્પા, વાહલી મમ્મી અને લાડકીબહેન

આ પત્ર તમને મળશે ત્યારે તો હું દુનિયા છોડી કોઈ અલગ દુનિયાની સફરે ઊપડી ગયો હોઈશ. આપ સૌએ અનેક તકલીફો વેઠીને મને ભણાવ્યો. મારી તમામ સગવડો સાચવવામાં તમે પાછા વળીને જોયું નથી. અત્યાર સુધી હું સતત સફળતાની સીડી ઉપર સડસડાટ ચઢી ગયો છું. ક્યારેક કોઈક મૂંઝવણ અનુભવાય તો તમે તરત જ મારી મદદે દોડી આવ્યા છો.પરંતુ અહીં આવ્યા પછી મેં અનુભવ્યું કે મારી સામે અગણિત પ્રશ્નો છે. તેમાંના મોટાભાગનાનો ઉકેલ હું લાવી શકીશ નહીં.

હું બુદ્ધિ કક્ષાની દૃષ્ટિએ સામાન્ય કક્ષાનો વિદ્યાર્થી હતો પરંતુ આપના દબાણને કારણે ધો.૧૨માં રાતદિવસ મહેનત કરીને સારા ટકા આવતાં મને ઉચ્ચકક્ષાના અભ્યાસક્રમમાં પ્રવેશ તો મળી ગયો, પરંતુ અહીંયાના અત્યંત તેજસ્વી વિદ્યાર્થીઓની સામે હું ટકી શકું તેમ નથી. સતત હું લઘુતાગ્રંથીનો અનુભવ કરું છું. મારા અત્યંત ઓછા ગુણ આવવાને કારણે અન્ય વિદ્યાથીઓ માટે હું મજાકનું કારણ બની ગયો છું. ઘેરથી ક્યારેય દૂર ગયો નથી તેથી સખત 'હોમ સીકનેસ'નો અનુભવ કરું છે. તો વળી

અહીંયાની રહેવા તથા જમવાની વ્યવસ્થા મને સહેજ પણ અનુકૂળ આવતી નથી.

મારી આ મુશ્કેલીઓ જાતે દૂર કરી શકું તેમ નથી અને તમારી જેમ મદદ કરનાર કોઈ નથી. અકલ્પ્ય મૂંઝવણમાં મૂકાઈ ગયો છું. ઘરે પાછો આવી જાઉં તો મને અને તમને બધાને માત્ર અને માત્ર નીચા જોવાનું થાય. આપણે સૌ બેઆબરૂ થઈ જઈએ. આ સંજોગોમાં મારે માટે આપઘાત સિવાય કોઈ રસ્તો નથી. આપ સૌને મારા વિયોગનું દુઃખ સહન કરવાની પ્રભુ શક્તિ આપે તેવી પ્રાર્થના. શક્ય હોય તો મારી આ ભૂલને માફ કરી દેશો.

-આપનો આજ્ઞાંકિત પુત્ર

ફોન ઉપર મેસેજ વાંચતા-વાંચતા પપ્પાની આંખે અંધારા આવી ગયા. મમ્મી બેભાન બની ગઈ. બહેન ગાંડા જેવી બની ગઈ. આપણા રોજિંદા વ્યવહારમાં યુવાનોને વિવિધ કારણોસર જીવનનો અંત લાવતા નિહાળી રહ્યા છીએ. ક્યારેક પ્રેમમાં નિષ્ફળતા, ક્યારેક અભ્યાસમાં કઠીનાઈ, તો કોઈકનો ઠપકો મૃત્યુનું કારણ બનતા હોય તેવું અનુભવીએ છીએ. આ એક ગંભીર અને વિકરાળ સમસ્યાએ સમાજ જીવન પર ખૂબ મોટો ભરડો લઈ લીધો છે. ખાસ કરીને પ્રેમ, અભ્યાસ કે વ્યવસાયની નિષ્ફળતા વ્યક્તિને આપઘાત કરવા પ્રેરે છે. આ અસફળતા સામે લડી લેવાને બદલે મૃત્યુને વહાલું કરનારા લોકો અશિક્ષિત, અણસમજુ કે ઊંમરમાં નાના હોતા નથી. તો પછી આવું અંતિમવાદી પગલું ભરવાના કારણો ક્યા-ક્યા હોઈ શકે ? જો સંતાનનું મૃત્યું અકસ્માત અથવા અસાધ્ય રોગને કારણે થાય તો પણ મમ્મી-પપ્પા માટે આઘાત સહન કરવાનું અસહ્ય બને છે.પરંતુ કદાચ તે સંજોગોમાં તો એવો દિલાસો પણ રહે કે સંતાન ઓછું આયુષ્ય લઈને આવ્યું હશે. પરંતુ જ્યારે તે જાતે જ જીવનને આ રીતે ટૂંકાવી કાઢે ત્યારે મમ્મી-પપ્પા માટે બાકીનું જીવન જીવવું દોહ્યલું, આકરું અને અસહ્ય બની જાય છે. ક્યા જન્મના પાપને કારણે પ્રભુ આવી સજા આપતો હશે તેવા વિચારો આવવા સ્વાભાવિક છે. વ્યક્તિ પોતાની જાતને માફ કરી શકતો નથી.

પરંતુ સાચી વાત થોડી જુદી છે. સામાન્ય રીતે વડીલો સંતાનોને સફળતાની સપ્તપદી શીખવાડે છે. પરંતુ નિષ્ફળતા મળે તો નિરાશામાંથી કેમ દૂર રહેવું તેની કેળવણી, શિક્ષણ સંસ્થા કે કુટુંબમાંથી આપવામાં આવતી નથી. પ્રત્યેક કાર્ય ધાર્યા પ્રમાણેનું જ પરિણામ લાવે તેવું શક્ય નથી. કોઈ પણ કામ કરીએ તો તેમાં સફળતા મળે તો ક્યારેક તેમાં નાપાસ પણ થવાય તેવી સમજ અપાતી નથી અને આવતી નથી. નિષ્ફળ જઈએ ત્યારે અન્યની સહાય લેવામાં શા માટે નાનપનો અનુભવ થાય? અન્યો પાસે પોતાનું હૃદય ખોલવામાં શા માટે સંકોચ થાય છે? આપણી ભારતીય સસ્કૃતિ તો મમ્મી-પપ્પાની પૂજા-આરાધના કરવાનું શીખવે છે. નાનાથી મોટા થઈએ ત્યાં સુધી તેઓને સન્માન આપવાનું, તેઓ કહે તેવું કરવાનું અને સાસ્કૃતિક પરંપરા આગળ વધારવાનું જરૂરથી શીખવવામાં આવે છે.પરંતુ શું આપણે તેમને પ્રત્યાયન કરવાનું, બિનશરતી પ્રેમ અને સહકાર આપવા-લેવાનું પણ શીખવવું જરૂરી નથી? આ યુવાનો ધીરજ, સહનશીલતા અને સહિષ્ણુતા શીખે અને જીવનમાં ઉતારે તેનું શિક્ષણ પણ અત્યંત જરૂરી છે. જીવનમાં આવતા પડકારોને પડકારવાનું શિક્ષણ આપવું પણ અત્યંત આવશ્યક છે.

સંતાનોને જીવનદોરીને પતંગની દોરી સાથે સરખાવી સમજ આપવાની જરૂર છે. પતંગ ઉડાવતાં ઉડાવતાં તે ઊંચે અને ઊંચે આકાશમાં વિહરતી હોય છે. અચાનક તે ગોથ મારીને નીચે આવે છે તે સમયે દોરી ખેંચી પતંગનું માથું ફેરવી ઊંચે લઈ જવાની હોય છે. ક્યારેક પતંગની દોરી છોડવાની હોય તો ક્યારેક ખેંચવાની પણ હોય છે, ક્યારેક તેને સખત પકડી રાખવાની હોય તો ક્યારેક ઠૂમકો મારી ઈચ્છિત દિશામાં લઈ જવાની હોય છે. ક્યારેક કોઈપણ જાતના પ્રયત્ન વિના પણ પતંગ આકાશમાં સ્થિર રહે છે તો ક્યારેક સ્થિર રાખવા ભારે જહેમત ઉઠાવવી પડે છે. જિંદગી બાબતે પણ આ જ સત્યો સનાતન છે. મોટાભાગે જિંદગી તેની રીતે વહી જાય છે, ક્યારેક ઢીલ મૂકવી પડે, ક્યારેક સંઘર્ષ કરી ઊંચે લઈ જવી પડે તો ક્યારેક કટોકટીની પરિસ્થિતિ ઉત્પન્ન થાય તો નિરાશ થયા વિના આગળ વધવાનું જરૂરી બને છે જે રીતે પતંગને ક્યારેક પવન પ્રાપ્ત

થાય અને હવામાં ફર ફર ઊડતી થાય છે તેમ જ જિંદગીમાં અનુકૂળ સંજોગો તેની જાતે જ પ્રાપ્ત થતાં જીવન પુનઃજીવવા જેવું બની જાય છએ. અલબત્ત અનુકૂળ બનવા માટે ક્યારેક રાહ જોવી પડે. ત્યાં સુધીમાં જિંદગીને ફેંકી દઈએ તો જીવન વેડફાઈ જાય. જીવન વેડફવા માટે નહીં વિકસાવવા માટે છે.

ભગવાન બુદ્ધને એક શિષ્યએ પૂછ્યું, "જીવન જીવવા જેવું બનાવવા કાંઈક શીખામણ આપો."

ભગવાને શિષ્યને જવાબ આપવાને બદલે સામો પ્રશ્ન પૂછ્યો, "તમે ક્યારેય વાસણ માંજ્યા છે ખરા?"

શિષ્યે નાખુશ થઈને ઉત્તર આપ્યો, "હા, અનેકવાર ધોયા છે, પરંતુ તેને શીખામણ સાથે શું લેવા-દેવા છે?"

ભગવાન બુદ્ધે, હસતાં હસતાં જણાવ્યું, "તેમાંથી તમે શું શીખ્યા?"

શિષ્યનો જવાબ, "તેમાંથી વળી શીખવા જેવું શું છે?"

બુદ્ધે અત્યંત સૂચક મુદ્રામાં જણાવ્યું, "ભાઈ, વાસણને બહાર કરતાં અંદરથી વધારે કાળજીપૂર્વક અને ધ્યાનથી સાફ કરવું પડે છે. તેવી જ રીતે જીવનનું છે. તેને બાહ્ય શરીરથી ઓછું પરંતુ મન-હૃદયથી અત્યંત કાળજી રાખી સાફ કરવાનું હોય છે. જીવનના ઉત્કર્ષ માટે અંતરધ્યાન થવું આવશ્યક છે."

આજે સંતાનોને આ બાબતે કેળવણી આપવાની જરૂર છે. શિક્ષણ ઓછું હશે તો ચાલશે પરંતુ કેળવણી સંપૂર્ણ હોય તે આજની સમાજ અને શિક્ષણ વ્યવસ્થાની પાયાની જરૂરીયાત છે. યુવાન પોતાની મુશ્કેલીઓ, સમસ્યાઓ અને સિદ્ધિઓ વહેંચતો થાય. સૌની સાથે પરામર્શ કરતો થાય અને પ્રત્યેક મુદ્દાની ચર્ચા વિચારણા કરીને યોગ્ય નિર્ણય લેતો થાય તેવી કેળવણી આપવાની આજે વિશેષ જરૂરિયાત છે. જો તેમાં સફળતા પ્રાપ્ત થશે તો જ આપઘાત, હિંસા, અસહિષ્ણુતા અને અન્ય સામાજિક દૂષણોથી યુવાનોને દૂર રાખવાનું શક્ય બનશે. જીવનમાં હારને હરાવવાનું પણ શીખવું પડે છે. ક્યારેક પરાજયને પચાવતા પણ આવડવું જોઈએ. સતત વિજયી બનવાનું શક્ય નથી અને તે સંજોગોમાં વિજય અને પરાજય વચ્ચે સંતુલન રાખવાની સમજ કેળવવી જ પડશે. સાચી વાત તો એ છે કે પરાજયને પડકારતાં શીખી લેવું જોઈએ.

●---------●●●--------●●●---------●

૪૭, સુવર્ણપૂરી સોસાયટી, ચીકુ વાડી, જેતલપૂર રોડ, વડોદરા-૪૦૦ ૦૦૭. સંપર્કસૂત્ર : ૯૭૭૯૮૬૧૬૩૧

**(અનુસંધાન પાના નં.૩૪૬ ઉપરથી)**

દિવસોમાં ગમે તેવા 'અણઘડ'ના હાથમાં સુકાન જઈ પડે અને નાવ કિનારે પહોંચવાને બદલે ભૂંડાઈની મધદરિયે વમળમાં ફસાય તેના કરતા પહેલેથી જ ગણતરી પૂર્વકનું આયોજન કરી યોગ્ય વ્યક્તિના હાથમાં ખેતી સોંપી હોય તો ધંધાને ધૂણીધૂણીને માથા પછાડવાનો વારો ન આવે.

એટલે હવે આપણા પછી આપણો નાનોભાઈ કે દીકરો જ ધંધો સંભાળનાર હોય તે જરૂરી નથી. તે હોય તો વધુ સારું પણ માનોકે તેને કોઈનેઆ ધંધામાં રસ ન હોય તો કંઈ વાંધો નહીં. જેને રસ પડે છે તેવા, જ્ઞાતિ ભલેને એક્સ-વાય-ઝેડ ગમે તે ધરાવતા હોય, ન સંબંધી હોય કે ન ઓળખિતા સ્નેહી હોય, પણ તેની સારી અને ધંધાના વારસદાર તરીકેની જે યોગ્યતા ગણાય તેવી યોગ્યતા હોય તથા ધંધાને સમજી શકે અને તેને જીવાડી શકે તેમ હોય તેના હાથમાં સોંપવો જોઈએ.

આપણે થર્મોમીટર મૂકવાનું છે એના દિલ પર' બગલમાં મોમાં નહીં ! ખેતીની યોગ્ય જાણકારીની સાથે સાથે થડકારા ભળે છે તેના હૃદયના, ધંધા સાથેના લગાવના ! તો બસ, ખેતીમાં આવતા સાંપ્રત પડકારો અને તેના ઉકેલના કાર્યક્રમો કે પદ્ધતિઓ તેને શોધતી સામેથી આવી મળવાની. એવા પ્રશ્નો એને હવે નહીં મુંઝવી શકવાના ! એના નિરાકરણો પોતાની કોઠાસૂઝમાંથી કાયમ જડતા રહેવાના ! એટલે આપણી ચિંતા હવે સમજોને એટલી થઈ રહે હળવી !

●---------●●●--------●●●---------●

પંચવટી બાગ, માલપરા

**નવા ભૂખંડોની શોધ કરવા માટે ખૂબ લાંબે સુધી,**
**કિનારો અદશ્ય બને એટલે સુદૂર જવું પડે છે.**

**– આન્દ્રે જિદ**


**: સ્થાનસમર્પિત :**





તસવીર -ગાથા

- મુકેશ પંડિત



**વહન અને પરિવહન**

ગતિ, સ્થળાંતર, પ્રવાહ... આ બધું કાયમી અને અનિવાર્ય છે. સંસારની મથામણ, કડાકૂટ, ઝંઝાળ વગેરેમાંથી સુખ, શાંતિ અને પ્રસન્નતા મેળવવાની છે. પ્રસ્તૃત તસવીરમાં પણ ઊંટગાડી અને તેના ચાલક સતત વહન અને પરિવહનની પ્રક્રિયામાં જોડાયેલા છે. આ ક્રમ રોજિંદો જ બની ગયો હશે ને..? એક સ્થળેથી બીજા સ્થળ અને એક સામાનથી બીજો સામાન... બસ, આમને આમ જ... સહજ રીતે જ ચાલ્યા કરવાનું, ચલાવી લેવાનું...!

## (૧૧) હાલો ભેરુ ગામડે.....

- ડંકેશ ઓઝા

ભારત ખેતીપ્રધાન દેશ છે, ભારત ગામડામાં વસે છે. એવું પોપટિયું રટણ નિશાળમાં હતા ત્યારે અમે કરતા અથવા સાચુ કહો તો એમ કરાવવામાં આવતું. પરંતુ ગામ છોડીને બહાર નીકળવાનું થયું ત્યારે ખબર પડી કે બધી જ સુવિધા અને બધી જ તકો અને બધો જ વિકાસ ગામમાં નથી, ગામની બહાર છે. આજે ભણેલા-ગણેલા હરકોઈની નજર દેશ બહાર જવા તરફ છે. એવું જ કંઈક પચ્ચાસ વર્ષ પહેલાં અમારા ગામમાં હતું. બધા જ આગળ ભણવા અને ભણીને ઠરીઠામ થવા ગામ છોડીને અન્યત્ર જવા તલપાપડ હતા. કાળક્રમે તાલીમકાર્યમાં જોડાવાનું થયું છે ત્યારે હું પણ એવું કહું છું, અનુભવથી કહું છું, કે સ્થળાંતર એ પ્રગતિ છે.

ગોકુળિયું ગામ, આદર્શગામ અને હવે સમરસ ગામ એવું બધું કહેવાય છે. પરંતુ આ બધા વિશેષણો કંઈ સાચાં લાગતા નથી. વેરઝેર અને ઊંચનીચ એવું બધું ગામડાથી બહાર જઈને હું નથી શીખ્યો પણ ગામડામાંથી જ શીખીને બહાર ગયેલો. આપણા સંનિષ્ઠ ગાંધીવાદ કાર્યકર બબલભાઈ મહેતા ગામડું શોધતા હતા, જ્યાં બેસીને વિકાસની, સુધારાની ધૂણી ધખાવી શકાય.

સારા અનુભવો થતા ન હતા, એટલે પોતે વિમાસણમાં હતા. ખેડા જિલ્લાના થામણા ગામે પહોંચ્યા. ધોમધખ્યા તાપમાં કોઈ મકાનનું ચણતર કામ ચાલુ હતું અને બબલભાઈએ પીવાનું પાણી માગ્યું. જવાબ મળ્યો : સામે તળાવ છે ત્યા જઈને પીલો. બબલભાઈ આગળ ન ગયા તેમને સ્થળ મળી ગયું અને અઠેદ્વારકા કહી ત્યાં જ રોકાઈ ગયા.

શરૂઆતમાં સોળ વર્ષ મેટ્રિક થતા સુધીના મેં નર્મદાકિનારાના ગામમાં વિતાવ્યા છે. હવે ક્યારેક ક્યારેક પ્રસંગોપાત ગામડે જવાનું થાય છે. આપણા રાજ્યમંત્રીમંડળમાં કેબીનેટ મંત્રી રહી ચૂકેલા જશવંત મહેતાના ગામ જવાનું થયેલું. તેમનો પુત્ર જય મહેતા તેમની તિથિએ કોઈક કાર્યક્રમ યોજતો હોય છે. મોરારીબાપુ પણ સાથે જ હતા. મહુવા નજીકનું અંતરિયાળ ગામ હતું. બાપુએ વક્તવ્યમાં કહ્યું કે ગામડાવાળા એટલે સીધાસાદા અને ભલા -ભોળા એવું માનવાની કદી ભૂલ ન કરતા. એમણે નાનકડો દાખલો આપ્યો. કે બનાવટી નોટો છાપીને પકડાઈ જવાની બીકે છેવાડાના ગામમાં નોટો ઘૂસાડવા ગયા. વીસની નોટના બદલે પંદરની છપાઈ ગયેલી. પાન ખાઈને વટાવવા ગયા તો પાનવાળાએ કહ્યું કે સાડાસાતવાળી મારાથી છપાઈ ગઈ છે તે આપું! વાતમાં બીજો સંકેત પણ પડેલો છે કે નહિ ભણેલા ભણેલાને પણ આંટી મારે તેવા હોય છે. વળી, ખોટું કરીને લાભ રળવામા ભાગ્યે જ કોઈ પાછળ રહી ગયું છે.

એ જે હોય તે પણ લોકોની ચૂંટાયેલી સરકાર ગામડા તરફ લક્ષ આપતી નથી. એ તો આજે પણ ખબર પડે છે. ગામની બસ એટલે ખખડધજ બસ. હમણાં હર્ષદ ત્રિવેદીના સુરેન્દ્રનગર નજીકના ખેરાડી ગામે જવાનું થયું. ત્યાંથી નજીકના ગામ લિમલી પણ ગયા. આ ગામ પ્રજ્ઞાચક્ષુ પંડિત સુખલાલજીનું. ત્યાં વીસ લાખ રૂપિયાના ખર્ચે સુંદર ડિઝાઈનવાળું આરોગ્યનું સબસેન્ટર બનાવાયું છે.પરંતુ ત્યાં કોઈ કાયમી સ્ટાફ નથી. નિશાળમાં ૧૬૫માંથી લગભગ ૧૫૦ જેટલા વંચિતવર્ગનાં બાળકો ભણે છે. ધરતીકંપ પછી શાળાનું નવું મકાન બન્યું છે. એનું નામ પ્રમુખ સ્વામી પ્રાથમિકશાળા કરી દેવાયું છે! અગિયાર તો કોમ્પ્યુટરો છે પરંતુ દિવાળી વેકેશનના છેલ્લા દિવસે પરીક્ષા આપવા બેઠેલા બાળકોને બેસતાં પહેલાં પાથરવાનાં આસનિયાં જોવા ન મળ્યા અને લખવા માટેના ઢાળિયા પણ દષ્ટિગોચર ન થયાં. આઠમા ધોરણના વિદ્યાર્થીઓ માટે લાકડાની

બેન્ચોવાળો વર્ગ ખાલી પડેલો જોયો. પણ પરીક્ષા આપતાં બાળકોને એવી કોઈ સુવિધા સુલભ હોવાનું જણાતું ન હતું!

મૂળ મદ્દો એ છે કે આપણે ગામડાઓ તરફથી મોં ફેરવી લીધું છે, તે ઊપેક્ષાનો ભોગ બન્યાં છે. ગામમાં નિમણૂંક પામતો શિક્ષક કે તલાટી કે નર્સ, કે તબીબ કે અન્ય કોઈ નિમણૂંકના સ્થળે સુવિધાના અભાવે રહેતો નથી. જ્ઞાતિના વિષચક્રમાં ફસાયેલા ગામડામાં એવા પ્રશ્નો પણ ખરા કે કોઈ નીચલીવર્ગનો કર્મચારી કદાચ રહેવા માગતો હોય તો તેને આવકાર ન પણ મળે! ગામમાં રહેવાનું થયું. તો ગંદા પાણીના નિકાલની સમસ્યા અને નવા ઉભા થતા કચરાની સમસ્યા એવી ને એવી જ છે. વિદેશમાં શહેરની નજીકના ગામડે લોકો સામેથી રહેવા જાય કારણ ત્યાં બધી જ સુવિધાઓ ઉપરાંત કુદરતી વાતાવરણ મળે. સુરેન્દ્રનગરના આ વિસ્તારમાં ઘણા ગામોમાં મોટાં તળાવો, ડેકેડેક પાણી ભરેલાં તળાવો જોવા મળ્યાં. કુદરતી વાતાવરણ આહલાદ્દક છે પણ પાયાની સગવડોનો હજુ અભાવ હોય એવું જોવા મળે છે. શહેર તરફ થઈ રહેલા વિકાસને અટકાવીને બજેટની બધી જોગવાઈઓ આ તરફ વાળવી જોઈએ એવું કહેવાનું મન થાય છે. વળી જે કોઈ સુવિધા ઊભી કરવામાં આવે તે જળવાય, સારી રીતે જળવાય તે માટે પૂરતા મહેકમને નીમીને તેમના પર કડક નિરીક્ષણની જરૂર છે.

એકવીસમી સદીમાં ભારતના ગામડાને હજુ પાયાની સગવડોથી વંચિત રાખીશું તો શરીર પરના ગુમડાની માફક આપણા વિકાસને તે લાંબે ગાળે રફેદફે કરી નાખશે. સરકારમાં કામ કર્યું હોવાને કારણે કેટલી બધી ગ્રાન્ટ ગ્રામવિકાસ માટે ખર્ચાય છે તેની તો ખબર હોય જ. પરંતુ પસાર થતી પાણીની નહેરોમાંથી ડિઝલ એન્જિનો મૂકીને જેમ પાણી ખેંચી લેવાય છે તેમ ગાંધી-વૈદ્યના સહિયારા પ્રયાસોમાં આ ગ્રાન્ટો ક્યાં ચવાઈ જાય છે તેની તંત્રને પૂરેપૂરી ખબર છે. પરંતુ ચૂંટાયેલા પ્રતિનિધિઓ સુદ્ધાં તેમાં સામેલ થઈ જાય છે. પરિણામે ઊકેલ અઘરો બને છે.

બુનિયાદી કેળવણી માટે ગાંધીજીએ સ્થાપેલી ગૂજરાત વિદ્યાપીઠ ગ્રામશિલ્પીનો એક પ્રકલ્પ ચલાવે છે. તેમાં સ્વેચ્છાએ વિદ્યાપીઠમાં ભણેલા કોઈક વિદ્યાર્થી કોઈ ગામમાં ઠરીઠામ થવાનું પસંદ કરે છે. ત્યાં રહીને ગામ લોકોને સાથે રાખીને વિકાસ અને સુધારાના પ્રયાસ કરે છે. શરૂઆતના વર્ષોમાં વિદ્યાપીઠ તેમને આજીવિકા માટે ટેકો કરે છે. આવા એક ગ્રામશિલ્પી મુસ્તુફા સુખ અમીરગઢના ખાટાચિત્રા નામના એવા ગામમાં બેઠા છે જ્યાં પહોંચવા માટે બે ત્રણ કીલોમીટર ચાલીને જ જવું પડે. કોઈ માતા બાળકને રોટલો પાણીમાં બોળીને ખવડાવી રહી હતી તે જોઈને તેમને આ લોકો માટે કંઈક કરવાની પ્રેરણા થઈ. પેન્ટના ખિસ્સામાં પડેલા નેઈલ કટરે રસ્તો સૂઝાડ્યો. તેમણે આબાલવૃધ્ધ બધાંના નખ કાપવાની શરૂઆત કરી.

અમેરિકી ભૌતિકવાદને માર્ગે ચાલી રહેલી ભારતની પ્રજા અને સરકાર બન્નેની દૃષ્ટિ ગામડા તરફથી હટી ગઈ છે. તેને ફરીથી તે તરફ વાળવાની જરૂરત છે. શહેરીકરણ અને બેરોજગારી બન્ને સમસ્યાના ઉકેલમાં સગવડભર્યા ગામડાં, ગૃહઉદ્યોગવાળાં ગામડાં ચોક્કસ સહાયભૂત થઈ શકે તેમ છે. ઘણાંને ત્યાં રહેવું છે, બહાર ગયેલાઓને પાછા વળવા મન છે પણ ક્યાં છે સુવિધાપૂર્ણ ગામડાં?

●---------●●●--------●●●---------●

મુ. અડાલજ- ૩૮૨૪૨૧, તા. જી. ગાંધીનગર,
મો. ૯૭૨૫૦૨૮૨૭૪

**શ્રદ્ધાંજલિ**

લોકભારતી પંચાયતીરાજ તાલીમ કેન્દ્રના કાર્યકરશ્રી પિનાકીનભાઈ પંડયાના પિતાશ્રી અને ગ્રામદક્ષિણામૂર્તિ આંબલા અને લોકભારતી અધ્યાપન મંદિરના વર્ષ ૧૯૫૭ના પૂર્વ વિદ્યાર્થી શ્રી જશવંતરાય દેવશંકરભાઈ પંડયાનું ૮૦ વર્ષની વયે લોકભારતી ખાતે અવસાન થયું છે.

સમગ્ર લોકદક્ષિણામૂર્તિ પરિવાર તેમના પરિવારજનોને તેમના ઉપર આવી પડેલ આ દુઃખદ આઘાતને સહન કરવાની શકિત આપે અને દિવંગત આત્માને પરમશાંતિ મળે તેવી પ્રભુ પ્રાર્થના કરે છે.

- સંકલન : પ્રશાંત મહેતા

**લોકભારતી સમાચાર**

- તા.૩૧મી જાન્યુઆરીના રોજ વિશિષ્ટ બાબતો ધરાવતું ચંદ્રગ્રહણ હોવાથી સાયંપ્રાર્થનાના અનુસંધાને શ્રી હસમુખભાઈ દેવમુરારિએ ચંદ્રગ્રહણ ઘટના વિશે ખગોળીય વિગતો ટૂંકમાં સમજાવી અને એ પછી મેદાનમાં લઈ જઈ સૌને પ્રત્યક્ષ ચંદ્રગ્રહણ બતાવ્યું.
- કૃષિ વિજ્ઞાન કેન્દ્રના શ્રી વિક્રમભાઈ દેસાઈ દ્વારા તા.૦૧ના રોજ પશુચિકિત્સા કૅમ્પ વાવડી મુકામે તેમજ તા.૦૪ના રોજ વેકિસીનેશન કેમ્પ પાંચ તલાવડા મુકામે યોજવામાં આવ્યો જેમાં બહોળી સંખ્યામાં પશુપાલકોએ પશુઓ સાથે લાભ લીધો.
- લોકભારતીના પૂર્વ સન્માનિત વિદ્યાર્થી શ્રી હિંમતભાઈ ગોડાનાં ધર્મપત્ની અને લોકભારતીના પૂર્વ વિદ્યાર્થિની શ્રી ઇંદિરાબહેન ગોડાના અવસાન નિમિત્તે બેસણામાં તા.૦૨ના રોજ રાજકોટ મુકામે શ્રી અરુણભાઈ દવે, શ્રી રામચંદ્રભાઈ પંચોળી અને શ્રી હસમુખભાઈ દેવમુરારિ જઈ આવ્યા.
- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં તા.૦૨ના રોજ શ્રી હેમાબહેન આઈ.સી.ડી.એસ.માંથી 'આઈ.સી.ડી.એસ.ની વિવિધ યોજનાઓ' સંદર્ભે તા.૦૭ના રોજ શ્રી પ્રશાંતભાઈ ભટ્ટ 'સકારાત્મક અભિગમ' વિષય પર, તા.૧૬ના રોજ જિલ્લા આયોજન મંડળથી શ્રી ગોહિલ સાહેબ 'જિલ્લા આયોજન મંડળ વિભાગનો પરિચય' તેમજ ડી.આઈ.એલ.આર. કચેરીથી શ્રી ડી.પી.રાળવ સાહેબ તથા શ્રી કેતનભાઈ પંડયા 'જમીન માપણીની વિસ્તૃત માહિતી' વિષય પર વ્યાખ્યાન આપી ગયા. તા.૧૭ના રોજ શ્રી યાકુબભાઈ કોઠારિયા 'ગ્રામસભા' વિષય પર, તા.૨૨ના રોજ મદદનીશ આંકડા અધિકારીશ્રી જયસુખભાઈ આસ્તિક તેમજ શ્રી દિગંતભાઈ મહેતા તાલીમાર્થીઓ સમક્ષ વ્યાખ્યાન આપી ગયા. તા. ૨૩ના રોજ શ્રી બિપીનભાઈ સોની 'માહિતી અધિકાર' વિષય પર, તા.૨૫ના રોજ શ્રી જદુવીરસિંહ ગોહિલ 'ગ્રામ વિકાસમાં તલાટીની ભૂમિકા' પર, તા. ૨૭ના રોજ શ્રી જી.એ. વઢવાણા સાહેબે 'વિભાગનો પરિચય તેમજ તેમની પ્રવૃત્તિ' વિષય પર વ્યાખ્યાન આપ્યા.
- કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા તા.૦૩ના રોજ ડુંગળીના કળસાર મુકામે, તા.૧૫ના રોજ ચણાના માંડવી મુકામે અને તા.૧૭ના રોજ ઘઉંના દકાના મુકામે ફિલ્ડ ડે ઊજવાઈ ગયા.
- તા.૦૪ના રોજ બી.આર.એસ. અને એમ.આર.એસ.ના વિદ્યાર્થીઓના બુધસંમેલન કાર્યક્રમમાં કિવઝ હરીફાઈ, એન.જી.ઓ.ની કામગીરીના પ્રતિભાવો અને વંચિત વિસ્તાર શિબિરના પ્રતિભાવો વિદ્યાર્થીઓ દ્વારા રજૂ કરવામાં આવ્યા. આ કાર્યક્રમમાં શ્રી કાળુભાઈ ખોખરિયા, શ્રી ભાનુપ્રસાદભાઈ ટુંડિયા દ્વારા પ્રતિભાવો રજૂ કરવામાં આવ્યા. આ કાર્યક્રમનું સમાપન શ્રી કાંતિભાઈ ગોઠી દ્વારા કરવામાં આવ્યું.
- લોકભારતીના પ્રથમ બૅચના વિદ્યાર્થી અને લોકભારતી પંચાયતીરાજ તાલીમ કેન્દ્રના પૂર્વ આચાર્ય શ્રી જિતેન્દ્રસિંહજી ગોહિલના અવસાન નિમિત્તે તા.૦૫ના રોજ સ્મશાનયાત્રામાં અને તા.૦૯ના રોજ બેસણામાં લોકભારતીના કાર્યકરો જોડાયા.
- તા.૦૫થી ૨૦ દિવસ માટે ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ એમ.એડ્. વિભાગમાંથી ચાર

તાલીમાર્થી બહેનો બી.એડ્.બેઝિકમાં ઇન્ટર્નશીપ કાર્યક્રમ માટે જોડાયાં.

- કૃષિ વિજ્ઞાન કેન્દ્રના શ્રી નિગમભાઈ શુકલ તા.૦૬ના રોજ ૧૪મી એગ્રોસ્કો કમિટી મિટિંગમાં ભાગ લેવા માટે જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી તથા તા. ૮ના રોજ જિલ્લા વિકાસ અધિકારીશ્રી, ભાવનગર દ્વારા આયોજિત મિટિંગમાં ભાગ લેવા માટે ભાવનગર જઈ આવ્યા.
- લોકભારતીના શુભેચ્છક અને હાઈકોર્ટના ઍડવોકેટ શ્રી બાબુભાઈ માંગુકિયાના પિતાશ્રીના અવસાન નિમિત્તે બેસણામાં તા.૦૮ના રોજ સુખપુર મુકામે શ્રી અરુણભાઈ દવે અને શ્રી હસમુખભાઈ દેવમુરારિ જઈ આવ્યા.
- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં તા. ૮ના રોજ શ્રી નાયબ વિકાસ કમિશનર સાહેબ, શ્રી તન્ના સાહેબ તાલીમ કેન્દ્રની માળખાકીય સુવિધા તથા તાલીમી સાહિત્ય અને મૂલ્યાંકન માટે આવી ગયા. તેઓએ તાલીમકેન્દ્ર પરિસરની મુલાકાત લઈ, તાલીમાર્થીઓ સાથે પ્રેરક સંવાદ કરી તાલીમકેન્દ્રનો અને સંસ્થાનો પરિચય પાવરપોઈંટ પ્રેઝન્ટેશન દ્વારા નિહાળેલ. આ તબક્કે શ્રી હસમુખભાઈ દેવમુરારિ પણ ઉપસ્થિત રહેલ. તેમજ શ્રી ધર્મેન્દ્રભાઈ પરમારે નાની બચત યોજના સંદર્ભે વ્યાખ્યાન આપ્યું.
- ગૂજરાત વિદ્યાપીઠના શાહીબાગ સ્થિત આઈ.ટી.આઈ. કેન્દ્રની સલાહકાર સમિતિની વાર્ષિક બેઠકમાં હાજરી આપવા માટે શ્રી હસમુખભાઈ દેવમુરારિ તા.૧૩મીના રોજ જઈ આવ્યા.
- તા.૧૩ અને ૧૪ના રોજ બી.એડ્.બેઝિકમાં બીજા વર્ષના તાલીમાર્થીઓએ અધ્યાપન મંદિરમાં તાલીમાર્થીઓ માટે શિક્ષણમાં જુદી જુદી પદ્ધતિઓ વિશેની સમજ દ્વારા શૈક્ષણિક કાર્ય કરવામાં આવ્યું.
- તા.૧૩ના રોજ લોકસેવા મહાવિદ્યાલયના પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ બાગાયત વિષયના ભાગરૂપે વિવિધ નર્સરીની મુલાકાતે પ્રત્યક્ષકાર્યના ભાગરૂપે શ્રી યોગેશભાઈ ત્રિવેદી સાથે આંબલા જઈ આવ્યા.
- તા.૧૪ના રોજ શ્રી હસમુખભાઈ દેવમુરારિ માયધાર કેન્દ્રની મુલાકાતે જઈ આવ્યા. તેઓએ શાળાકીય મકાન બંધાઈ રહ્યું છે તેની કામગીરીની મુલાકાત લીધી. પરિસરમાં ચાલતી પ્રવૃત્તિઓ પણ જોઈ. તે રાત્રે વિદ્યાર્થીઓને આકાશદર્શન પણ કરાવ્યું.
- તા.૧૫ના રોજ બી.એડ્.બેઝિક દ્વિતીય વર્ષના ચર્ચાપાઠ શ્રી એલ.ડી.પટેલ હાઈસ્કૂલ રંઘોળા અને પ્રથમ વર્ષના તાલીમાર્થીઓના પ્રવૃત્તિપાઠ કન્યાશાળા રંઘોળામાં ગોઠવાયા. પાઠ પૂરા કરી શ્રી ઓમકાર ઇંગ્લીશ મીડિયમ સ્કૂલ રંઘોળાની મુલાકાત લીધી.
- તા.૧૬ના રોજ કાશ્મીરથી વીસેક શિક્ષકોની એક ટુકડી સંસ્થા પરિચય માટે આવી ગઈ.
- લોકસેવા મહાવિદ્યાલયના ત્રીજા વર્ષના વિદ્યાર્થીઓ તા.૧૬થી ૩૦ દિવસના શૈક્ષણિક કેન્દ્ર નિવાસના કાર્યક્રમમાં ગુજરાતની વિવિધ સંસ્થાઓ, ડેરી, ફાર્મ કંપનીઓમાં જઈ આવ્યા. તેઓની મુલાકાતે અધ્યાપકો પણ જઈ આવ્યા.
- વડોદરાની મહારાજ સયાજીરાવ ગાયકવાડ યુનિવર્સિટીના એચ.આર.ડિપાર્ટમેન્ટના મનોવિજ્ઞાન વિષયના સ્નાતક બીજા વર્ષના અને અનુસ્નાતક પહેલાં વર્ષના લગભગ પિસ્તાળીસ વિદ્યાર્થીઓને લઈને તેના પ્રોફેસર અને પૂ. નાનાદાદાનાં પૌત્રી શ્રી નમિતાબહેન ભટ્ટ તા.૧૭મીના રોજ લોકભારતી સંસ્થાની પરિચય મુલાકાતે આવી ગયાં.
- પંચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં તા.૧૮ના રોજ તાલીમાર્થી શ્રી વણોલ હર્ષદભાઈ, કાવર મયૂરભાઈ, પરમાર અમિતભાઈ, વણોલ

જયદેવસિંહ વગેરેને સણોસરા ગામમાંથી મળેલ રકમ રૂ. ૩૨,૦૦૦ જે તે વ્યક્તિને સામેથી પરત કરી આપવા બદલ પ્રામાણિકતાના પ્રસંગની કદર કરી શ્રી હસમુખભાઈ દેવમુરારિ દ્વારા તાલીમ કેન્દ્રમાં તાલીમાર્થીઓને પુસ્તક અને ખાદીનો રૂમાલ અભિનંદન સાથે સપ્રેમ ભેટ આપેલ તેમજ તેઓશ્રીએ તાલીમાર્થીઓને જીવનભર માનવીય મૂલ્યો સાથે જીવન જીવવાની શુભેચ્છાઓ પાઠવી. શ્રી હસમુખભાઈ દેવમુરારિએ કૈલાસ માનસરોવર યાત્રાની પાવરપોંઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા અદભુત અનુભૂતિ કરાવી. શ્રી અશોકભાઈ પંચાલે નોકરી કેમ કરવી તેના અનુભવો દ્વારા સમજ આપી.

- તા.૨૧ના રોજ એન.એસ.એસ. લોકભારતી અને શિશુવિહાર ભાવનગર સંસ્થાના સંયુકત ઉપક્રમે પીપરલા ગામે ચશ્માંશિબિરનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં જરૂરતમંદ લોકોને ચશ્માંનું વિતરણ કરવામાં આવ્યું. શ્રી કાળુભાઈ ખોખરિયા, શ્રી મહોબતસિંહ ચાવડા અને શ્રી હસમુખભાઈ જોષી સાથે જોડાયા.
- તા.૨૧ના રોજ બી.એડ્.બેઝિકના તાલીમાર્થીઓ દ્વારા માતૃભાષા દિવસની ઉજવણી નિમિત્તે માતૃભાષાની સમજ આપતો સાંસ્કૃતિક કાર્યક્રમ તથા સંમેલન વ. યોજાયાં.
- તા.૨૨થી ૨૫ના સમયગાળા દરમિયાન ત્રીજા વર્ષના બી.આર.એસ.ના વિદ્યાર્થીઓની જગતના ધર્મો અને અધ્યાત્મ વિષયના ભાગરૂપે જીવનવિદ્યા શિબિર યોજાઈ ગઈ. આ શિબિરના પ્રબોધક તરીકે અમદાવાદના શ્રી યોગેશભાઈ ઉપાધ્યાય આવ્યા. તેઓ સાથે પૂર્વ કાર્યકર શ્રી કુમુદભાઈ ઠાકર પણ જોડાયા. આ શિબિરના સમાપન કાર્યક્રમમાં શ્રી રામચંદ્રભાઈ પંચોળી, શ્રી હસમુખભાઈ દેવમુરારિ અને શ્રી કાંતિભાઈ ગોઠી ઉપસ્થિત રહ્યા. આ કાર્યક્રમનું સંકલન શ્રી યોગેશભાઈ ત્રિવેદી દ્વારા કરવામાં આવ્યું.
- હમણાં હમણાં ગૂજરાત વિદ્યાપીઠના કાર્યકરોના જુદા જુદા ગ્રુપ લોકભારતીની પરિચય મુલાકાતે આવી રહ્યાં છે. બે ગ્રુપ જાન્યુઆરીમાં અને એક ગ્રુપ તા.૨૪મી ફેબ્રુઆરીના એમ ત્રણ ગ્રુપ્સ વારાફરતી આવી ગયાં અને તેઓએ રસપૂર્વક લોકભારતીનો પરિચય મેળવ્યો.
- અમદાવાદની અવાજ સંસ્થાના આયોજનમાં અને સ્થાનિક સંકલનમાં ભાવનગરનાં શ્રી દમુબહેન મોદી તથા શ્રી વીરજીભાઈ જસાણીના માર્ગદર્શન તળે પાંચેક બહેનોની એક ટીમ લોકભારતીની આજુબાજુનાં ગામોમાં મહિલા-જાગૃતિ અને મહિલા-સશક્તિકરણના ઉમદા હેતુસર આવી હતી. આ ટીમ તા.૨૪મીના રોજ સાંજના લોકભારતી આવી પહોંચી અને સાયં પ્રાર્થના બાદ બહેનોના છાત્રાલયમાં હાજરી વખતે સમૂહમાં એકાદ કલાકનો કાર્યક્રમ ગોઠવાયો, જેમાં તેઓએ બહેનોને પ્રોત્સાહક સંબોધન કર્યું અને છેલ્લે પ્રશ્નોતરી કરી.
- 'કચ્છ: એક અભ્યાસ' અંતર્ગત તા.૨૨થી ૨૪ દરમિયાન બી.એડ્.બેઝિકના બંને વર્ષના તાલીમાર્થીઓનો શૈક્ષણિક પ્રવાસ યોજાયો. જેમાં શ્રી ધીરૂભાઈ રાઠોડ અને શ્રી સંદિપભાઈ ઊંડવિયા જોડાયા.
- આપણે લોકભારતીના પૂર્વ વિદ્યાર્થીઓને લોકભારતીની મુલાકાતે આવવા પ્રોત્સાહિત કરીએ છીએ. લોકસેવા મહાવિદ્યાલયના સને ૧૯૯૫ની બૅચના વિદ્યાર્થીઓનો એક મિલનકાર્યક્રમ તા.૨૪-૨૫ના રોજ વાળુકડ મુકામે યોજાયો હતો. તેઓ તા.૨૫મીના રોજ સવારે લોકભારતીદર્શને આવ્યા. એમને આવકારવા અને પ્રોત્સાહિત કરવા માટે મહેમાનઘરના આંગણામાં એક અનૌપચારિક મિલનકાર્યક્રમ ગોઠવાઈ ગયો. આ કાર્યક્રમમાં આ ગ્રુપના વિદ્યાર્થી અને ચોટીલા તાલુકામાંથી ગત ચૂંટણીમાં ધારાસભ્ય તરીકે ચૂંટાયેલા શ્રી

ઋત્વિકભાઈ મકવાણાનું સન્માન શ્રી રામચંદ્રભાઈ પંચોળી તથા શ્રી કુમુદભાઈ ઠાકરના હસ્તે કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં લોકભારતીના હોદ્દેદારો, આચાર્યો અને વિભાગીય વડાઓ તથા કેટલાંક વિદ્યાર્થી ભાઈઓ-બહેનો ઉપસ્થિત રહ્યાં.

- તા.૨૭મીના રોજ ગંગાસતી-પાનબાઈ આશ્રમ, સમઢિયાળા મુકામે યોજાયેલ સાહિત્ય અકાદમી, ગાંધીનગર પ્રેરિત અને સર્વોદય હાઈસ્કૂલ ઉમરાળાના રાષ્ટ્રીય સેવા યોજના કાર્યક્રમ તળે યોજાયેલ ગંગાસતી-પાનબાઈનાં ભજનોના સાહિત્યિક કાર્યક્રમમાં શ્રી અરુણભાઈ દવે, શ્રી હસમુખભાઈ દેવમુરારિ, શ્રી ભાવનાબહેન પાઠક, શ્રી નીતિનભાઈ ભીંગરાડિયા અને શ્રી વિશાલભાઈ જોશી તથા લોકસેવાના બીજા વર્ષના ગુજરાતી વિષયનાં વિદ્યાર્થી ભાઈઓ-બહેનો જઈ આવ્યાં.
- તા.૨૭ના રોજ શ્રી ધીરૂભાઈ રાઠોડ એન.આઈ.ઓ.એસ.ના કો-ઑર્ડિનેટરની મિટિંગમાં સોમનાથ મુકામે જઈ આવ્યા.
- તા.૨૮ના રોજ એમ.આર.એસ.ના વિદ્યાર્થીઓની કોબા મુકામે યોજાયેલ ગ્રામજીવન સર્વે શિબિરના અનુભવો વિદ્યાર્થીઓ દ્વારા રજૂ કરવામાં આવ્યા. શ્રી રણજીતભાઈ બારડ દ્વારા પ્રતિભાવો રજૂ કરવામાં આવ્યા. સમાપન શ્રી કાંતિભાઈ ગોઠી દ્વારા કરવામાં આવ્યું.
- કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા સમગ્ર માસ દરમિયાન વિવિધ વિષયો પર ૧૦ તાલીમ વિવિધ ગામોમાં યોજાઈ જેમાં ૪૫૦ ખેડૂત ભાઈઓ-બહેનોએ ભાગ લીધો.
- કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા અગ્રહરોળ નિદર્શન મુલાકાત-૫, અન્ય ખેતમુલાકાત- ૭, ખેડૂતોને મૂંઝવતા પ્રશ્નોના ઉકેલ માટે મુલાકાત-૨, ખેડૂતો સાથે મિટિંગ-૧ તેમજ ટેલિફોનિક હેલ્પલાઇનની મદદથી ૧૨૫ ખેડૂતોને માર્ગદર્શન આપ્યું.
- કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા સમગ્ર માસ દરમિયાન કુલ ૧૪ વ્યાખ્યાન યોજાયેલ જેમાં ૧૦૭૧ ખેડૂતોએ લાભ લીધો.
- કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા સમગ્ર માસ દરમિયાન ઇન્ટરનેટ દ્વારા એસ.એમ.એસ. એગ્રો એડવાઇઝરી દ્વારા ૮૫૭૧ ખેડૂતોને સરકારી સહાય યોજના વિશે માહિતી આપવામાં આવી.
- કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા કૅમ્પસ પર આ મહિનામાં ૪૨ કિલો ગ્રીન અઝોલાનું ઉત્પાદન કરવામાં આવ્યું જે લોકભારતી ગોશાળાની ગાયોને ખવરાવવામાં આવશે.
- શ્રી અરુણભાઈ દવેએ તા.૦૫મીએ ગુજરાત સાયન્સ અકાદમીના વાર્ષિક અધિવેશનમાં વૈજ્ઞાનિક વલણોની કેળવણી વિશે ભાવનગર મેઘાણી સભાગૃહમાં રસપ્રદ-યાદગાર વ્યાખ્યાન આપી સૌને નવી દિશા આપી. તા.૮મીએ સુખપર ખાતે શ્રી બાબુભાઈ માંગુકિયાના પિતાશ્રીના અવસાન નિમિત્તે યોજાએલ બેસણામાં જઈ આવ્યા. તા.૧૮થી ૨૧ દરમિયાન માયધાર-મણાર નિવાસ કરી જરૂરી કામો પતાવ્યાં. તા.૨૫-૨૬ દરમિયાન ગુંદીના પ્લેટિનમ જયુબિલી મહોત્સવમાં અધ્યક્ષીય વ્યાખ્યાન આપ્યું અને ગૂજરાત વિદ્યાપીઠ ખાતે ગુજરાત નઈ તાલીમ સંઘ દ્વારા આયોજિત સંચાલકોની તાલીમશિબિરમાં ચાવીરૂપ વ્યાખ્યાન આપી આવ્યા.

**આંબલા સમાચાર**

- તા.૭થી ૯ ૪૮માં ગુજરાત આચાર્ય સંઘ અધિવેશનમાં ભોજદે(ગીર) મુકામે શ્રી ગૌરાંગભાઈ જઈ આવ્યા.
- તા.૧૧ના રોજ આનંદ બજાર રાખવામાં આવેલ. જેમાં સૌ વાલી-વિદ્યાર્થીઓ તથા કાર્યકર્તાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધેલ.
- તા.૧૬ના રોજ રમતોત્સવ કાર્યક્રમ રાખવામાં આવેલ તેમાં વિવિધ રમતો રાખવામાં આવેલી.

જેમાં સૌએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો.

- તા.૧૫ના રોજ કાશ્મીરથી ૨૨ જેટલા શિક્ષકો સંસ્થાદર્શન માટે આવી ગયા.
- તા.૨૪ના રોજ ધો.૯થી ૧૧ના વિદ્યાર્થીઓની ખાદીદર્શન પરીક્ષા રાખવામાં આવેલ.
- તા.૨૬થી ૦૫ સુધી આદપુર તા. પાલીતાણા ખાતે એન.એસ.એસ. ખાસ વાર્ષિક શિબિરનું આયોજન કરવામાં આવેલ છે.

**મણાર સમાચાર**

- તા.૩૦-૦૧થી તા.૦૧-૦૨ સુધી પાલીતાણા મુકામે જિલ્લા શિક્ષણાધિકારી, ભાવનગર દ્વારા આયોજિત યોગ-પ્રાણાયામની તાલીમમાં ત્રણ દિવસ માટે શ્રી કંચનબહેન થડોદા જઈ આવ્યાં.
- તા.૦૨ અને ૩ના રોજ ટી.સી.ટી. તાલીમમાં રાજપરા મુકામે શ્રી વિનોદભાઈ વાઘેલા જઈ આવ્યા.
- શ્રી મનસુખભાઈ ગુજરિયા ગુજરાત રાજય આચાર્ય સંઘ આયોજિત અધિવેશનમાં ભોજદે(ગીર સોમનાથ) મુકામે તા.૦૭થી ૦૯ સુધી જઈ આવ્યા.
- વળાવડ કન્યાશાળાનો ૧૩૦ વિદ્યાર્થીનીઓ તથા ૫ કાર્યકરોનો એક દિવસીય પ્રવાસ તા.૧૬ના રોજ સંસ્થાની મુલાકાતે આવી ગયો.
- તા.૧૬ના રોજ પીડીલાઈટ કંપની મુંબઈના દસેક જેટલા સિનિયર કાર્યકરો સંસ્થાદર્શને આવી ગયા.
- શુદ્ધ ખાદીના આગ્રહી, પ્રચારક અને વિદ્યાર્થીઓને ખાદીમાં આર્થિક સહાય કરનાર શ્રી પિનાકીનભાઈ દ્વારા તા.૧૭ના રોજ 'શુદ્ધ ખાદી શા માટે?'ની પરીક્ષા આપનાર અહીંનાં છાત્ર-છાત્રાઓને પ્રમાણપત્રો તથા રોકડ ઈનામો આપવામાં આવ્યાં.
- શ્રી અરુણભાઈ દવે તથા શ્રી અર્ચનાબહેન દવે સંસ્થાની મુલાકાતે આવી જરૂરી માર્ગદર્શન તથા સલાહસૂચન આપી ગયાં.
- તા.૨૪ના રોજ લોકશાળા બેલા મુકામે યોજાયેલ માતૃ-પિતૃ સંમેલન તથા ધો.૮, ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓના વિદાયસમારંભમાં શ્રી પ્રવીણભાઈ મહેતા, શ્રી સુરસંગભાઈ ચૌહાણ તથા બે શિક્ષકો જઈ આવ્યા.
- શ્રી સંજયભાઈ તલસાણિયા તા.૨૪ના રોજ સંસ્થાદર્શને આવી ગયા.
- તા.૨૪ના રોજ ઉમરલા મુકામે કૃષિ અને બાગાયત વિકાસ કેન્દ્ર દ્વારા રાત્રી ખેડૂતસંમેલન યોજવામાં આવ્યું જેમાં ૧૦૦ કરતાં વધારે ખેડૂતભાઈઓ જોડાયા. જેમાં ડુંગળી, કપાસ, કેળાં, મગફળી, શેરડી જેવા પાકોમાં જીવાત તથા રોગનિયંત્રણ માટે માર્ગદર્શન આપવામાં આવ્યું.
- ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત વિવિધ આશ્રમશાળા, કુમારમંદિર તથા વિવિધ વિભાગોમાંથી ૫૦ જેટલાં કાર્યકર ભાઈ-બહેનો સંસ્થા દર્શને આવી ગયાં. તેઓએ રાત્રીરોકાણ કરી વિવિધ વિભાગોની મુલાકાત લીધી.
- કૃષિ અને બાગાયત વિકાસકેન્દ્રમાં બિનપરંપરાગત ખેતીના અનુસંધાને ૪૦૦૦ જેટલા પાઈનેપલના રોપા વાવવામાં આવ્યા. જેમાં ડ્રીપ ઈરિગેશન તથા ફૂવારા પદ્ધતિથી પિયતની સુવિધા ઊભી કરવામાં આવી. હાલમાં તમામ ફળાઉ રોપામાં ડ્રીપ સિસ્ટમ શરૂ કરી દેવામાં આવી તથા પ્રત્યેક ફળાઉ રોપાને ટ્રી-ગાર્ડની સુવિધા ઊભી કરવામાં આવી.
- મહુવા નાળીયેરી સંશોધનકેન્દ્રના ભૂતપૂર્વ અધિકારીશ્રી કાપડિયાસાહેબ કૃષિ-બાગાયત કેન્દ્રમાં ઊછરતા ફળાઉ ઝાડ તથા આંબા-ચીકુના ઝાડના ખાસ માર્ગદર્શન માટે તા.૨૭ના રોજ આવી ગયા.
- દર્શક લોકગંગા પ્રોજેક્ટ કામગીરી અંતર્ગત બંને શિક્ષકમિત્રોએ જસપરા પ્રાથમિકશાળામાં આનંદબજારનું આયોજન કર્યું. તેમજ મથાવડા પ્રાથમિકશાળામાં રાષ્ટ્રભાષા હિન્દીદિવસ ઊજવ્યો.

## કેળવણીની સામાજિક બાજુઓ

માણસ તત્ત્વતઃ સામાજિક પ્રાણી છે. સમૂહમાં રહેવાની વૃત્તિએ માનવજાતનું સર્વસામાન્ય લક્ષણ છે. સમૂહજીવન સલામતીને ઉપકારક છે તથા તે સહકારી પ્રવૃત્તિ અને અનુભવના ઉત્તરોત્તર સંચય માટેનું સાધન પુરું પાડે છે. વળી જેમાં વ્યકિત પેદા થાય, પોષણ પામે તથા વિકાસ પામીને સામાન્ય માનવ વ્યકિત બને તે માટેનું સાધન પણ તે પૂરું પાડે છે. તે તેને હરીફાઈમૂલક તથા સહકારમૂલક પ્રવૃત્તિ કરવાને પ્રેરે છે.

કેળવણીના ઉદ્દેશો જે સ્થળ અને જે કાળમાં જે સામાજિક પ્રવૃત્તિઓ અને ખ્યાલો પ્રવર્તતા હોય તેને અનુરૂપ હોય છે. એથી કરીને, ગાંધીજી, માણસને જે અહિંસક સમાજમાં જીવન ગુજારવાનું હોય તેમાં ઉપયોગી ભાગ ભજવવાને તેને લાયક બનાવે એવી પ્રક્રિયા તરીકે, કેળવણીને કલ્પે છે. આવી સમાજવ્યવસ્થા લોકશાહી ઢબની હોવી જોઈએ, અને તેથી, સમાજની પ્રત્યેક વ્યકિતને ઓછામાં ઓછી અમુક કેળવણી મફત અને ફરજિયાત રીતે મળે, એમાં તેઓ ઈચ્છે છે. લોકશાહી રાજયના માલિકોને, નાગરિકો તરીકેની તેમની ફરજો દક્ષતાપૂર્વક અદા કરવાને માટે આવશ્યક એટલી ઓછામાં ઓછી કેળવણી મળે તે સિવાય, એવું રાજય ટકી શકે નહીં. જેમણે અમુક પ્રમાણમાં કેળવણી લીધી હોય એવા લોકોના હાથમાં જ સ્વતંત્રતા સુરક્ષિત રહી શકે.

**ડૉ. મણિભાઈ શીવાભાઈ પટેલ**
**('મહાત્મા ગાંધીની કેળવણીની ફિલસૂફી'માંથી)**

## સંસ્થા લોકોત્તર નથી

ખરી રીતે ચારિત્રના જે નિયમો વ્યક્તિને લાગુ પડે છે તે જ નિયમો સંસ્થાને લાગુ પડવા જોઈએ. જો કાળાંબજાર કરવાં એ મારા ચારિત્રમાં દોષ ગણાય તો સંસ્થાના ચારિત્રમાં તે દોષ જ ગણાવો જોઈએ. સંસ્થા એ કોઈ એવી લોકોત્તર વસ્તુ નથી કે જે ચારિત્રની હીનતાને પણ ચારિત્રશીલતા બનાવી શકે. ખોટું એ ખોટું જ છે. અપ્રમાણિકતા એ અપ્રમાણિકતા જ છે. લુચ્ચાઈ એ લુચ્ચાઈ જ છે, છેતરપિંડી એ છેતરપિંડી જ છે. પછી એ મારા અંગત જીવનમાં હોય કે તે સંસ્થામાં હોય.

જીવનમાં ઘણી વાર એવું બને છે કે માણસને સિદ્ધાંતમાં પણ વ્યવહાર પૂરતી થોડી બાંધછોડ કરવી પડે છે. જે લોકો સિદ્ધાંતના હાર્દને સમજે છે તેઓ આવી બાંધછોડમાં પણ સિદ્ધાંતનો ત્યાગ કર્યા સિવાય વર્તે છે એટલું જ નહિ પરંતુ એ સિદ્ધાંતને વ્યવહારમાં ઉતારવાની કળા તરીકે તેને સ્વીકારે છે. છતાં આવી બાંધછોડનો અર્થ સિદ્ધાંતનો સમૂળગો ત્યાગ એવો બિલકુલ નથી.

**નાનાભાઈ ભટ્ટ**

**('પથારીમાં પડયાં પડયાં'માંથી)**

***To.***

***From :***

**Registered** BVR/151/2018-2020, RNI No. GUJ/1763-57

**Published on :** 14th of every month. **Posted at :** Amargadh Post office on 15th of every month

**मालिक :** ग्रामदक्षिणामूर्ति-आंबला ट्रस्ट की ओर से **मुद्रक-प्रकाशक :** सुरसंगभाई चौहान - ग्रामदक्षिणामूर्ति-आंबला, पीन 364 250 (गुजरात) द्वारा चामुंडा प्रिन्टिंग प्रेस, सोनगढ, पीन 364 250 मे मुद्रित करके ग्रामदक्षिणामूर्ति : आंबला से प्रकाशित किया ।

**तंत्री :** डो. अरुण दवे : लोकभारती- सणोसरा, (गुजरात) Email : kodiyusanosara@gmail.com वार्षिक चंदा रु. 150/- प्रति अंक रु. 15/-